# પિતાનો વારસો

પુરુષોત્તમ ગણેશ માવળંકર

GJ 891.473
B 469 P

સન્નિષ્ઠ પ્રકાશન

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# પિતાનો વારસો

પુરુષોત્તમ ગણેશ માવળંકર

સન્નિષ્ઠ પ્રકાશન · અમદાવાદ

ગણેશ વાસુદેવ માવળંકર જન્મશતાબ્દી પ્રકાશન – ૧

Library IIAS, Shimla
GJ 891 473 B 469 P
00130251

પ્રથમ આવૃત્તિ : પ્રત ૨,૦૦૦

તા. ૨૭ નવેમ્બર ૧૯૮૭
[ સદ્ગત દાદાસાહેબ માવળંકરના ૧૦૦મા જન્મદિને ]




રૂપિયા બાર

કૉપીરાઈટ ©, ૧૯૮૭ : પુ. ગ. માવળંકર

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130251
Date 9-9-2010
SIMLA
GJ
891.47B
B469 P

પ્રકાશક :
'સન્નિષ્ઠ પ્રકાશન' વતી
શ્રીમતી પૂર્ણિમા પુરુષોત્તમ માવળંકર, એમ. એ.
'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી,
એલિસ બ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬.
(ગુજરાત) [ભારત]

મુદ્રક :
સાહિત્ય મુદ્રણાલય,
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૨૨. ફોન નં. ૫૨૩૫૭, ૫૮, ૫૯



ગણેશ વાસુદેવ માવળંકર

જન્મ : ૨૭ નવેમ્બર ૧૮૮૮ ]
વડોદરા

[ મૃત્યુ : ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬
અમદાવાદ

# પિતાનો વારસો

સને ૧૭૫૦ની આસપાસ માવળંકર કુટુંબ ગુજરાતમાં આવીને વસ્યું. માવળંકર-સરદેસાઈ કુળનું મૂળ વતન માવળંગે. મહારાષ્ટ્રનો કોંકણ પ્રદેશ જાણીતો છે. ત્યાં રત્નાગિરી જિલ્લામાં સંગમેશ્વર તાલુકાના માખજન ગામ પાસે માવળંગે આવેલું છે. તળેટી પર માખજન છે, અને ડુંગર પર માવળંગે વસ્યું છે. માવળંગે પરથી અટક પડી માવળંગેકર, અને વખત જતાં તે માવળંકર બની. મહારાષ્ટ્રમાં વતન પરથી અટક રાખવાનો પણ એક રિવાજ છે. વતનના નામની પાછળ 'કર' લગાડતાં અટક બની જાય.

માવળંકર-સરદેસાઈ કુળનો લગભગ એક હજાર વર્ષનો સળંગ ઇતિહાસ વિવિધ દસ્તાવેજો દ્વારા ઉપલબ્ધ છે. એ ઇતિહાસ પહેલવહેલો સને ૧૯૨૬માં, પૂર્વાર્ધના એક અને ઉત્તરાર્ધના બે એમ કુલ ત્રણ ખંડોમાં ગ્રંથાકારે પ્રગટ થયો. ત્યાર પછી, એપ્રિલ ૧૯૬૧માં, કુળનો ઇતિહાસ સંક્ષિપ્ત સ્વરૂપમાં એક નવા ગ્રંથમાં (આશરે ૪૦૦ પાનાં) ફરી પ્રસિદ્ધ થયો છે. માવળંકર, ઇત્યાદિ કુટુંબીજનો મહારાષ્ટ્રના કર્હાડા બ્રાહ્મણ, અને તેઓ ઋગ્વેદી છે, તથા કૌશિક ગોત્રના ને આશ્વલાયન સૂત્ર શાખાના છે. માવળંકર કુળનાં ઇષ્ટદેવતા 'શ્રી લક્ષ્મી-નૃસિંહ' છે. માવળંગે ગામમાં આ કુળદેવતા શ્રી નરહરિનું પ્રાચીન મંદિર છે. પ્રતિ વર્ષ નૃસિંહ જયંતીએ ત્યાં ખાસ ઉત્સવ-પૂજા થાય છે. એવે વખતે અવારનવાર માવળંકર કુળનું અવિધિસર સંમેલન પણ માવળંગેમાં યોજાતું રહે છે. માવળંકર અને સરદેસાઈ ઉપરાંત લળિત, ગોવિલકર અને દેસાઈ એમ ત્રણ મહારાષ્ટ્રીય કુટુંબોનો ઇતિહાસ પણ માવળંકર કુળમાં સંલગ્ન એવો છપાયેલો છે.

આ કુળના આદિ પુરુષ શ્રી નરસિંહ ભટ્ટ 'સત્યવાદી', માવળંગે ગામમાં સને ૧૧૪૦થી સને ૧૧૫૦નાં વર્ષો દરમિયાન ક્યારેક રહેતા હોવા જોઈએ એવો મત મહારાષ્ટ્રના જાણીતા ઇતિહાસાચાર્ય સદ્ગત રાજવાડેએ વ્યક્ત કરેલો છે. નરસિંહ ભટ્ટ માવળંગેમાં સ્થાયી થયા ત્યારથી એ કુળની શાખા-ઉપશાખાઓ કોંકણમાં, મહારાષ્ટ્રમાં અને પછી બહાર અન્યત્ર ભારતમાં ફેલાઈ તે વિશેની ઓછીવત્તી માહિતી વિવિધ લેખિત દસ્તાવેજો અને કાગળપત્રોમાંથી જોવા મળે છે.

ગુજરાતમાં માવળંકર કુટુંબ સ્થાયી થયું તેના પહેલા પુરુષ તે શ્રી બાજી. તેમની પાસે મહારાષ્ટ્રમાં દેશમુખી હતી. સને ૧૭૫૪ના અરસામાં બાજીનો વતનમાંનો એમનો વહીવટ પેશ્વા મારફત થવા લાગ્યો, અને થોડાં વર્ષ પછી તેમની દેશમુખી કાયમ માટે ચાલી ગઈ. એટલે, તેઓ પૂનામાં સહકુટુંબ આવીને શ્રી બાબુરાવ નરસિંહ ખેરને ઘેર ઊતર્યા. બાબુરાવે બાજીને ગુજરાતમાં બોરસદ કિલ્લા પરના ગાયકવાડી થાણામાં નોકરી અપાવી. બોરસદ જઈને તેમણે ખેતીવાડી પણ શરૂ કરી, ઘર બાંધ્યું અને એ

રીતે ત્યાં પોતે સ્થાયી બન્યા. દેસાઈગીરીનો અંત આવવાથી બાજી નાઈક દેસાઈ એવું નામ છોડીને તેઓ પોતાને માવળંકર કહેવા લાગ્યા. બાજીનું મૃત્યુ સને ૧૭૯૦માં થયું. એમના ત્રણ પુત્રો પૈકી જ્યેષ્ઠ પુત્ર તે શ્રી લક્ષ્મણ. સને ૧૭૬૭માં એમનો જન્મ થયો હતો. ગાયકવાડનું થાણું ત્યાર બાદ અમદાવાદ લઈ જવાયું એટલે લક્ષ્મણરાવ પણ અમદાવાદ આવ્યા અને એમણે ભદ્રમાં ઘર બાંધ્યું. લક્ષ્મણરાવના બે પુત્રો સોમનાથપંત અને નરસોપંત — પૈકી સોમનાથપંત બોરસદમાં જ ખેતીવાડી ચાલુ રાખીને રહેલા.

નરસોપંતનો જન્મ સને ૧૮૦૦માં થયો અને એમનું મૃત્યુ સને ૧૮૫૩માં થયું. અમદાવાદ અને ગુજરાતના માવળંકર કુટુંબીજનોમાં નરસોપંત સર્વપ્રથમ વડીલ હતા, જેમણે પ્રજામાં અદ્‌ભુત નામના મેળવી. મરાઠી અને ગુજરાતી બન્ને ભાષાઓમાં એમનું શિક્ષણ થયું હતું. ૧૮ વર્ષની ઉંમરે નરસોપંતે ઈસ્ટ ઇન્ડીઆ કંપનીમાં માસિક સાત રૂપિયાના પગારે તલાટી તરીકે નોકરીની શરૂઆત કરી. જોતજોતાંમાં તેમની બઢતી થઈ. ૧૫ વર્ષમાં તો—૩૩ વર્ષની ઉંમરે, સને ૧૮૩૩માં—તેઓ આસિસ્ટન્ટ રેવન્યૂ કમિશ્નરના પદે પહોંચ્યા. મિ. વિલિયમ્સન નામના તે વખતના અંગ્રેજ રેવન્યૂ કમિશ્નરે નરસોપંતને 'સ્પેશિયલ' બઢતી આપી, અને તેથી નરસોપંત દર મહિને સાતસો રૂપિયાનો પગાર મેળવતા થયા! તે ઉપરાંત, પાલખી અને એની તહેનાત માટેની વાર્ષિક રૂપિયા છસોની રકમ પણ મંજૂર થઈ. પૂના (પુણે)માં ખાસ દરબાર ભરીને નરસોપંત તાત્યાને પાલખી અને 'રાવબહાદુર'નો ખિતાબ એનાયત કરવામા આવ્યો. સને ૧૮૩૮માં એમને માસિક બસો રૂપિયાની બીજી વધારાની ખાસ બઢતી મળી, અને ૧૮૪૧ની સાલમાં તેમને અમદાવાદ જિલ્લામાંના નારોલ અને રોપડા એ ગામો ત્રણ પેઢી સુધી ઇનામ આપવાનો ઠરાવ ઈસ્ટ ઇન્ડીઆ કંપનીના કોર્ટ ઑફ ડાયરેક્ટર્સે પસાર કર્યો, અને એ મુજબની સનદ એમને આપવામાં આવી. નારોલ ગામ વંશપરંપરા ઇનામ આપવું એવી ભલામણ તે સમયના રેવન્યૂ કમિશ્નર મિ. વિબેટ તથા મુંબાઈ સરકાર બંનેએ કરી હતી, પણ કંપનીની કોર્ટે તે મંજૂર રાખી નહોતી. સને ૧૮૪૪થી પાંચ વર્ષ સુધી નરસોપંત વડોદરાના પોલિટિકલ રેસિડેન્ટ કર્નલ આઉટ્રમના હાથ નીચે 'નેટિવ આસિસ્ટન્ટ' તરીકે કામ કર્યું.

નરસોપંત માટે પાછળથી કેટલાક પ્રતિકુળ સંજોગો ઊભા થયા, અને એમની નોકરી તથા પાલખી ચાલી ગઈ; છતાં તેમની લાંબી, કાર્યક્ષમ અને નિસ્પૃહ સેવાઓ વિશેની છાપ અકબંધ ચાલુ રહી. માવળંકર કુટુંબમાંના અત્યંત સુચારિત્ર્યશીલ, પુણ્યશાળી અને સુંદર કારકિર્દીવાળા પૂર્વજોમાં નરસોપંતની ગણના અવશ્ય કરવી રહી. તેમનું જીવન અત્યંત સાદાઈભર્યું અને ધર્મ-કર્મ-નિષ્ઠ હતું. સવાર-સાંજ એમ રોજ

બે વાર તેઓ સ્નાન કરતા અને બાદ સેવાપૂજા, વગેરે પણ કરતા. ઘરમાં નોકર-ચાકર હોવા છતાં ય રોજની રસોઈ, પીરસવાનું કામ, કપડાં ધોવાનું કામ, વગેરે બધાં કામો ઘરની સ્ત્રીઓએ જ કરવાં જોઈએ એવો એમનો ખાસ આગ્રહ રહેતો. નરસોપંતે એમના જ્યેષ્ઠ પુત્ર કેશવરાવને લખેલા અનેક ઉપદેશ-પત્રો વાંચવા જેવા અને મનનીય છે.

કેશવરાવ તે મારા પિતાના દાદા. એમનો જન્મ સને ૧૮૨૦માં થયો, અને મૃત્યુ સને ૧૮૮૨માં થયું. મૅટ્રિક પાસ થયા પછી કેશવરાવ વાંસદા રાજ્યના મહારાજાના શિક્ષક નિમાયા. પછીથી તેઓ સરકારી શિક્ષણખાતામાં શિક્ષક બન્યા. ત્યાર બાદ તેઓ વાંસદા રાજ્યના દીવાન બન્યા. પાછળથી મહારાષ્ટ્રમાંના કોલ્હાપુર રાજ્યના ત્રીજા શિવાજી મહારાજ અને તેમના બંધુ ચિમાસાહેબના શિક્ષક તરીકે કેશવરાવની પસંદગી થઈ. દરમિયાનમાં, ૧૮૫૭ની સાલના સ્વાતંત્ર્ય-સંગ્રામની જ્વાળાઓ ચોતરફ પ્રસરી, અને એમાં કોલ્હાપુર મથક પર રહેલી સત્તાવીસમી ફોજ વીફરી અને એણે પોતાના યુરોપિયન ઑફિસરને ખતમ કર્યો. આ બળવાખોરો સાથે ચિમાસાહેબ મહારાજ ભળી ગયાના સંશય પરથી તેમને કરાંચી ખાતે નજરકેદ રાખવામાં આવ્યા હતા, અને મહારાજાને ઉશ્કેરણી કર્યાનો આરોપ કેશવરાવ પર મૂકીને બ્રિટિશ લશ્કરી કોર્ટે કેશવરાવને ફાંસીની સજા ફટકારી હતી ! ફાંસી અપાવાના નિયત દિવસની આગલી સાંજે કેશવરાવ ફાંસી–ખોલીમાં ધ્યાનમગ્ન બેઠા હતા ત્યાં એકાએક એમને મોટો પ્રકાશ દેખાયાનો, અને કોઈકે કાનમાં 'ગભરાઈશ નહિ, તું આવતી કાલે છૂટી જઈશ' એવું સ્પષ્ટ કહ્યાનો, ભાસ થયો ! પોતાના મગજમાં જે વિચારો ભમી રહ્યા હતા એને કારણે જ પોતે આવું કંઈક જોયું–સાંભળ્યું હશે એવું એમને લાગ્યું. પરંતુ, બીજે દિવસે જ્યારે એમને માફી આપીને સાચે જ છોડી મૂકવામાં આવ્યા ત્યારે આગલી રાતના સાક્ષાત્કારનો એમને ભારે અચંબો થયો. વાઈસરૉય લૉર્ડ કૅનિંગે સાર્વત્રિક માફીનું જાહેરનામું બહાર પાડ્યું હતું એનો લાભ કેશવરાવને મળ્યો અને તેઓ છૂટયા. પણ આ પ્રકારના સંકટ-નિવારક સાક્ષાત્કારને કારણે દૈવી ચમત્કાર વિશેની એમની શ્રદ્ધા સ્વાભાવિક જ દૃઢ થઈ. કેશવરાવના એક મિત્રે પછી સને ૧૮૬૭માં એમને મુંબાઈ નોતર્યા અને ત્યાં સેક્રેટરિયેટમાં રેવન્યૂ ખાતામાં નોકરી અપાવી. ત્યાં તેમની ઉત્તરોત્તર ચડતી થઈ, ને તેઓ પછી સુપરિન્ટેન્ડન્ટ બન્યા. કેશવરાવની રહેણીકરણી પણ એમના પિતા નરસોપંતની માફક સાદાઈવાળી અને સચ્ચાઈથી ભરેલી હતી. આ બે ગુણો સાથે પરોપકારની વૃત્તિ પણ કેશવરાવમાં સારા પ્રમાણમાં ઓતપ્રોત થઈ હતી.

કેશવરાવને ત્રણ પુત્રો થયા — વામન, દામોદર અને વાસુદેવ. વામનરાવનો જન્મ

સને ૧૮૫૨માં થયો અને મૃત્યુ સને ૧૯૦૨માં થયું. કેશવરાવના આ પ્રથમ પુત્રનું વ્યક્તિત્વ સંસ્કાર-સભર હતું. એમની બુદ્ધિ કુશાગ્ર હતી. નાટ્યકલા, સિતારવાદન, ભરતકામ, વગેરે કળાઓમાં વામનરાવ નિપુણ હતા. મરાઠી અને ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, બંગાળી, ગ્રીક, લૅટિન, વગેરે ભાષાઓ એમને સરસ આવડતી હતી. 'विविधज्ञानविस्तार' નામના સુપ્રસિદ્ધ મરાઠી માસિકના તેઓ આદ્ય પ્રવર્તક હતા. વામનરાવે કોંકણમાંના સરદેસાઈ વતન સંબંધિના કાગળપત્રો અને દસ્તાવેજો ખૂબ કાળજી-પૂર્વક સાચવી રાખ્યા તેથી જ શેતવડેકર અર્થાત્ માવળંકર શાખાનો ઈતિહાસ વિગતવાર જાણી-લખી શકાયો.

વામનરાવના નાના ભાઈ દામોદરપંતનો જન્મ સને ૧૮૬૧ના અરસામાં થયો. તેમનું શરીર નાનપણથી જ નાજુક અને એકવડું, પણ એમનું વ્યક્તિત્વ પ્રારંભથી જ તેજસ્વી હતું. તેઓ પણ પ્રખર બુદ્ધિશાળી હતા; ભાવનાશાળી પણ એટલા જ. ધાર્મિક અને આધ્યાત્મિક વૃત્તિ પણ બચપણથી એમનામાં દેખાતી હતી. સ્નાન, સંધ્યા, વગેરે બ્રહ્મકર્મ નિત્ય નિષ્ઠાપૂર્વક કરતા. પોતાના પિતાશ્રી સાથે તેઓ કાશીની યાત્રાએ પણ જઈ આવેલા. થિયૉસૉફી (Theosophy – બ્રહ્મવિદ્યા)ના સંસ્થાપકો મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલકૉટ મુંબાઈ આવીને થિયૉસૉફી પર વ્યાખ્યાનો આપી રહ્યાં હતાં તે સાંભળવા માટે દામોદરપંત પોતાના પિતાજી સાથે રોજ જતા. બ્રહ્મવિદ્યાના એ આધ્યાત્મિક વિચારોની ઊંડી અને અટલ છાપ દામોદરના કોમળ અને સંવેદનશીલ મન પર એવી પડી કે એમણે પિતાની સંમતિ ન હોવા છતાં ય, ૧૮૭૯ની સાલમાં, થિયૉસૉફી પંથની દીક્ષા લીધી ! એ વખતે તેઓ મૅટ્રિકના વર્ગમાં ભણતા હતા. મૅડમ બ્લૅવેટ્સ્કીએ દામોદરને 'ધી થિયૉસૉફિસ્ટ' માસિકના કાર્યાલયમાં સત્તાવાર નોંધ–ટિપ્પણી કરનાર અફસર (Recording Officer) તરીકે નીમ્યા. દામોદરે ઘરબાર છોડી દીધેલું, અને તે ક્યારે ય પાછા ફર્યા નહિ. મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલકૉટ સાથે તેઓ સિલોન (શ્રીલંકા) ગયા અને ત્યાં એમણે બુદ્ધ ધર્મની દીક્ષા લીધી. પિતા કેશવરાવે પુત્રને પાછા વાળવાના ઘણા પ્રયત્નો કરી જોયા, પણ દામોદર એમના આધ્યાત્મિક કાર્યમાં દૃઢતાથી ચાલુ રહ્યા. કેશવરાવે અખબારોમાં એવા પણ સમાચાર વહેતા મુકાવેલા કે દામોદરની મિલકત માટે બ્લૅવેટ્સ્કી અને ઑલકૉટને અભિલાષા હોઈ એ કારણે તેઓ બન્ને દામોદરને ઘેર જતાં રોકે છે ! આ અહેવાલ વાંચતાં જ દામોદરે પોતાને ભાગે આવતી સંપત્તિ જતી કરી દીધાનો કાગળ ઘેર મોકલી આપ્યો, નવવિવાહિત પત્ની (શ્રીમતી લક્ષ્મીબાઈ)નો પણ ત્યાગ કર્યો, અને બ્રહ્મવિદ્યાના આશ્રમમાં જ તેઓ કાયમ માટે રહેવા લાગ્યા.

દામોદરપંત હવે વિચાર, વાચન અને લેખનમાં વધુ મશગૂલ બન્યા.

અંગ્રેજી ભાષા પરનો એમનો કાબૂ સરસ હતો. થોડા જ વખતમાં 'The Theosophist' માસિકનું બધું સંપાદકીય લેખનકાર્ય તેઓ કરવા લાગ્યા. લગભગ છ વર્ષ સુધી એમણે આ જવાબદારી સંભાળી. વર્ષો બાદ, સને ૧૯૪૦માં, સ્વેન ઈક નામના અમેરિકને 'Damodara : The Writings of a Hindu Chela' નામનું પુસ્તક અમેરિકામાં પ્રસિદ્ધ કર્યું. એમાં દામોદરનો જીવનવૃત્તાંત છાપવા ઉપરાંત એમનાં વિવિધ લખાણોનો સુંદર સંગ્રહ કરાયો છે. થોડાં વર્ષ બાદ, સદ્‌ગત સ્વેન ઈક લિખિત બીજા મોટા ગ્રંથમાં દામોદરપંત વિશે વધુ માહિતી અને તેમના કાગળપત્રો, વગેરે પ્રસિદ્ધ થયાં છે. એક સ્થળે દામોદરપંત લખે છે : "ધન અને કીર્તિના લોભમાં ન પડતાં બ્રહ્મવિદ્યાનો પ્રસાર કરીને દેશસેવા કરવી એવા વિચારથી મેં ઘર છોડયું. આખું વિશ્વ પરમેશ્વરનું જ સ્વરૂપ છે એમ હું માનું છું. આપણા સહુમાં અપૂર્વ આત્મિક શક્તિ છે. સિદ્ધ-પુરુષોના માર્ગદર્શન હેઠળ આપણે તેનો વિકાસ કરી શકીએ તેમ છીએ." મહાત્માઓની અને સિદ્ધ-પુરુષોની ખોજમાં દામોદર હિમાલય તરફ ટિબેટમાં ચાલ્યા ગયા. મહાત્મા 'કે. એચ.' હવે દામોદરને વારંવાર દર્શન આપવા લાગ્યા અને ટિબેટમાંના પોતાના આશ્રમમાં આવીને રહેવાનું નોતરું પણ આ મહાત્માએ દામોદરને આપ્યું. એ આદેશ મુજબ, દામોદરપંતે તા. ૨૪ ફેબ્રુઆરી ૧૮૮૫ને રોજ અડયાર (મદ્રાસ પાસે આવેલું થિયૉસૉફિકલ સોસાયટીનું મુખ્ય મથક) છોડયું અને કલકત્તા, વારાણસી, દાર્જિલિંગ, સિક્કીમ એ સ્થળોએ મુકામ કરતા કરતા તેઓ છેવટે ટિબેટની સરહદ પર પહોંચી ગયા તે પાછા આવ્યા જ નહિ ! ત્યાર પછી દામોદરપંતનું શું થયું એનો કોઈ હેવાલ કે સંદેશો પ્રાપ્ત થયો નથી. સદેહે તેઓ હવે જીવતા હોય એ અશક્યવત્ લાગે છે. સૂક્ષ્મ શરીર ધારણ કરીને દામોદરપંત હજી પણ હયાત હોવા વિશે, અને તેમનો આત્મા ચેતનવંતો ચોમેર હોવા વિશે, ઘણા થિયૉસૉફિસ્ટો દૃઢ ખ્યાલ ધરાવે છે. અડયારમાં થિયૉસૉફિકલ સોસાયટીના પ્રાંગણમાં આજે દામોદરના સ્મારક રૂપે 'Damodar Gardens' છે, અને સફેદ આરસપહાણમાં કોતરેલું દામોદરપંતનું સુંદર નાનું બાવલું પણ છે. ડિસેમ્બર, ૧૯૫૬માં થિયૉસૉફિકલ સોસાયટીના આંતરરાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે દામોદરપંતની આ પ્રતિમા સમારંભપૂર્વક પ્રસ્થાપિત કરાઈ. દામોદરપંતનાં પિતરાઈ બહેન અને વિષ્ણુ નરસિંહ માવળંકર (નરસોપંતના ચોથા પુત્ર)નાં પુત્રી શ્રીમતી ધોંડુબાઈ શેવડેએ આ પ્રતિમા મુંબઈના પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી કરમરકર પાસેથી તૈયાર કરાવીને થિયૉસૉફિકલ સોસાયટીને ભેટ આપી હતી. પૂજ્ય ધોંડુઆત્યાબાઈ મારા પિતાનાં ફોઈબા થાય. મરાઠીમાં ફોઈબાને 'आत्याबाई' કહે છે. ૩૧ જુલાઈ ૧૯૭૨ને રોજ, ૯૨ વર્ષની પાકટ વયે, તેઓ સ્વર્ગવાસી થયાં.

કેશવરાવના કનિષ્ઠ પુત્ર વાસુદેવરાવ તે મારા દાદા. એમને ઘરમાં સહુ 'बाबा'

કહેતા. વાસુદેવરાવનો જન્મ ઑગસ્ટ, ૧૮૬૫માં થયો હતો. એમની તબિયત નાનપણમાં ખૂબ નબળી રહેતી. પણ, પોતે ૧૩–૧૪ વર્ષની ઉંમરના થયા ત્યારે, મોટા ભાઈ વામનરાવના કહેવાથી એમને કસરત અને વ્યાયામની લગની લાગી. દૂધ અને 'કૉડલિવર ઑઇલ' તેમણે રોજ લેવા માંડયાં. અને, પછી તો, તબિયત એવી સરસ થઈ કે નિશાળમાંના શિક્ષકો દ્વારા એમની ગણના શાળામાંના તોફાની અને મસ્તીખોર વિદ્યાર્થીઓમાં થવા લાગી ! વાસુદેવરાવે મુંબાઈમાં સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી.એ. ની પરીક્ષા પસાર કરી. ત્યાર પછી, તેઓ લૉ કૉલેજમાં ભણતા હતા તે દરમિયાન તેમણે થોડો વખત એક મરાઠી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરી કરી. શાળામાં અને કૉલેજમાં પોતે ભણતા હતા તે વર્ષોમાં વાસુદેવરાવને મરાઠી પુસ્તકો વાંચવાનો ભારે શોખ હતો. તુકારામ અને મોરોપંત એ એમના બે પ્રિય કવિઓ હતા, અને એ બન્નેનાં કાવ્યો એમને સારા પ્રમાણમાં કંઠસ્થ હતાં; મારાં દાદીમા કહેતાં કે દાદાજીને ગીતાના અઢારે અધ્યાય સરસ કંઠસ્થ હતા અને રોજ અનેક અધ્યાયોનું પારાયણ તેઓ મોટેથી મધુર અવાજે શ્લોકો ગાઈને કરતા. સને ૧૮૮૯માં વાસુદેવરાવ એલ. એલ. બી.ની પરીક્ષામાં પાસ થયા. વકીલાત કરવાનું ઠરાવીને તેમણે હાઈકોર્ટની સનદ પણ મેળવી. પરંતુ વકીલાતનો ધંધો એમને બહુ મનપસંદ ન લાગ્યો, અને અમદાવાદના ડિસ્ટ્રિક્ટ જજના શિરસ્તેદારની જગ્યા એમને આપવાની વાત કરતાં જ તેમણે તે સ્વીકારી લીધી. ત્રણ વર્ષની અંદર તેમની નિમણૂક મુનસફ તરીકે ગોધરામાં થઈ. ગોધરાથી તેમની બદલી મહારાષ્ટ્રમાં મહાડ ગામે થઈ, અને ત્યાં સને ૧૮૯૪ના જુલાઈ માસમાં તેઓ એ પદ પર કાયમ થયા. બે વર્ષ બાદ વાસુદેવરાવની બદલી કોંકણમાં દેવરુખ ગામે થઈ, અને ત્યાંથી સને ૧૯૦૦ના સપ્ટેંબર માસમાં તેઓ રાજાપુરમાં સબજજ તરીકે નિમાયા. ત્રણેક વર્ષ બાદ રાજાપુરમાં તેમને જલોદરનો વ્યાધિ થયો, અને તેથી રજા મેળવીને તેઓ અમદાવાદ ઘેર પાછા આવવા નીકળ્યા ત્યાં રસ્તામાં જ મુંબાઈ મુકામે, એમનો રોગ કાબૂ બહાર જતાં, ફેબ્રુઆરી ૧૯૦૪માં ૩૯ વર્ષની જુવાન ઉંમરે તેમનું અકાળ અને દુઃખદ અવસાન થયું.

મુનસફ તરીકેની કામગીરી વાસુદેવરાવે અત્યંત કાળજીપૂર્વક અને ચીવટ તથા ચોકસાઈ વડે કરી. ન્યાયાધીશ તરીકે તેમણે નિષ્પક્ષતા અને નિઃસ્પૃહતાના ગુણો સરસ કેળવ્યા હતા અને લોકચાહના મેળવી હતી. લોકોને પૂરો અને સાચો ન્યાય મળે તે માટે તેઓ હંમેશ તત્પર રહેતા. ન્યાય કરવાની બાબતમાં તેઓ એવા તો ચપળ અને ચકોર હતા કે ઊપલી કોર્ટોમાં અને હાઈકોર્ટમાં પણ વાસુદેવરાવના ચુકાદાઓ ભાગ્યે જ પલટાતા ! હાઈકોર્ટના અંગ્રેજ ન્યાયાધીશો એમ કહેતા કે વાસુદેવરાવ માવળંકરનો ચુકાદો હોય તો તે સર્વથા ઊચિત તથા સંપૂર્ણ જ હશે અને એમાં ભાગ્યે જ અમારે

કાંઈ ઉમેરવા-કરવાપણું હશે ! હાઈકોર્ટમાં વાસુદેવરાવની કામગીરીની વાહવાહ થવા લાગી. એમણે આપેલા ચુકાદાઓ અપીલમાં આખર સુધી કાયમ રહ્યા એ જ એમની ન્યાયાધીશ તરીકેની શ્રેષ્ઠતાનો સબળ પુરાવો છે. વાસુદેવરાવનું મૃત્યુ કસમયે થયું; બાકી એ જ અરસામાં તેમની નિમણૂક 'આસિસ્ટન્ટ જજ' તરીકે કરવાની ભલામણ થઈ હતી.

ન્યાયાધીશે હંમેશ ચોખ્ખા અને ચારિત્ર્યશીલ રહેવું જોઈએ; આ કે તે અસીલની સીધી કે પરોક્ષ લાલચનો તેણે કદી સ્વીકાર કરવો ન જોઈએ. બન્ને પક્ષોની બધી દલીલો અને વિગતો જાણી-તપાસીને પછી એણે પોતાનાથી બને એટલી ન્યાયવૃત્તિથી ચુકાદો આપવો જોઈએ. કોઈની પણ શેહ કે શરમમાં તણાયા વિના એણે પોતાનો નિર્ણય સ્પષ્ટપણે રજૂ કરવો રહ્યો. વાસુદેવરાવની ન્યાયાધીશ તરીકેની ભૂમિકા આ પ્રમાણેની હતી. તેઓ ચુકાદો સ્વહસ્તે લખતા, અને એ કામ માટે ઘેર મોડી રાત સુધી પણ તેલ બાળવામાં તેઓ કચાશ રાખતા નહિ. વાસુદેવરાવના અક્ષર સુવાચ્ય અને મોતીના દાણા જેવા હતા. એમનું લખાણ સુઘડ અને તર્કશુદ્ધ રહેતું. પોતાના ઘરમાં મેજ ઉપર તેઓ શાહીના બે જુદા ખડિયા રાખતા અને એ માટે જુદી કલમ વાપરતા. ન્યાયદાનનું કામ અને સરકારી કામ હોય તથા એ અંગેનું લખાણ કરવાનું હોય ત્યારે સરકારી ખડિયો અને કલમ વાપરતા, જ્યારે અંગત પત્રવ્યવહાર કે અન્ય લખાણ કરવા માટે તેઓ પોતાને ખર્ચે રાખેલ ખડિયો-કલમનો ઉપયોગ કરતા. તે જમાનામાં પોસ્ટકાર્ડની કિંમત એક પૈસાની હતી અને કાર્ડનું કદ નાનું હતું. પણ અંગત રાહે કાર્ડ લખવાનું હોય અને તે બે-ચાર લીટીનું હોય તો પણ તેને માટે તેઓ સરકારી શાહી કદી વાપરતા નહિ. એમના આવા કડક અને શુદ્ધ આચરણ વિશેની બીજી એક વાત મારાં દાદીમા (સદ્‌ગત પૂજ્ય ગોપિકાબાઈ) અમને બાળકોને કહેતાં તે બરાબર યાદ છે. એક વાર કોઈ ભાઈ શાકભાજી-ફળફળાદિનો એક કરંડિયો લઈને અમારે ઘેર આવ્યા. દાદાજી તે વખતે કોર્ટમાં હતા. દાદીમા વસ્તુસ્થિતિ તરત પારખી ગયાં અને એમણે એ ભાઈને કહ્યું કે, "આવી કશી ચીજ તમે અહીં મૂકી જશો નહિ. એમને એ કદાપિ નહિ ગમે. ઊલટું, આ કરંડિયો અહીં જોઈને ઘરનાં અમારા પર જ તેઓ ગુસ્સે થઈ જશે!" પણ પેલા ભાઈએ મીઠી વાત ચાલુ રાખી, અને ઘરનાંઓને પટાવીને કરંડિયો મૂકતા ગયા. ઘરનાંઓએ એને યથાવત્ જ રાખ્યો અને એને સ્પર્શ પણ ન કર્યો. સાંજ પડ્યે દાદાજી ઘરે આવ્યા અને કરંડિયા પર એમની નજર પડી કે તરત એમણે પૂછપરછ શરૂ કરી. દાદીમાના હૃદયના ધબકારા એકદમ વધી ગયા, પણ એમણે બનતી સ્વસ્થતાથી તરત બધી હકીકત જણાવી, અને કરંડિયો અકબંધ પડેલો તે બતાવ્યો. બધું સાંભળ્યા—જોયા બાદ દાદાજીનો શરૂનો ગુસ્સો ઓસરી ગયો. કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે કરંડિયો લાવનાર જે ભાઈનો કેસ થોડા દિવસમાં ચાલવાનો હતો તેમને

સ્પષ્ટ અને સખ્ત શબ્દોમાં ઠપકો મળ્યો, અને એમનો કરંડિયો એમને પાછો સુપરત કરાયો. પેલા ભાઈ સાવ શરમિંદા બની ગયા, પણ મનમાં તો એમણે દાદાજીની ઉચ્ચ નીતિમત્તા પ્રત્યે આદર જ વ્યકત કર્યો !

વાસુદેવરાવ વિદ્વાન, બહુશ્રુત અને વિદ્યાવ્યાસંગી હતા. પોતે એક ઉમદા અધિકારપદ પર રહ્યા છતાં, અને ગર્ભશ્રીમંત હોવા છતાં, એમનું નિત્ય જીવન 'સાદી રહેણીકરણી અને ઉચ્ચ વિચારસરણી' ('plain living and high thinking')-વાળું હતું. આ બાબતમાં તેઓ તેમના વડીલો અને પૂર્વજોને જ અનુસરતા હતા. સત્તા અને સમૃદ્ધિનો મોહ કે મદ એમને સ્પર્શ્યો નહોતો. ત્રણ પેઢીઓ માટે બે ઇનામી ગામો મળેલાં તેનો ઉપભોગ કરી શકનારા વાસુદેવરાવ ત્રીજી અને છેલ્લી પેઢીના હતા. એમની પછી એ વિશેષાધિકાર આપોઆપ રદ થવાનો હતો. મારા પિતા મારા ભાઈઓને અને મને વારંવાર કહેતા કે, "બાબા ખૂબ સ્વચ્છ અને સાદાઈભર્યા જીવનના આગ્રહી હતા. પોતાના પર તેઓ મર્યાદિત ખર્ચ કરતા, જ્યારે પારકાને મદદ કરવા માટે તેમના બન્ને હાથ છૂટા રહેતા." દાદાસાહેબ (મારા પિતા) એમ પણ કહેતા કે બાબા (વાસુદેવરાવ) એમને (દાદાસાહેબને) વારંવાર યાદ અપાવતા અને ટકોર કરતા કે, "દાદા, તું ઇનામદારનો દીકરો છું, પણ ઇનામદાર નથી, એ યાદ રાખજે, અને એ રીતે સાદાઈથી અને આવકની મર્યાદામાં રહેજે."

વાસુદેવરાવની શ્રીમંતાઈ એમની સ્વાભાવિક ઉદારતામાં પરખાતી. રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)નું કોઈ ફંડ હોય કે હિંદુ શિક્ષણ ફંડ જેવાં સાર્વજનિક કામો અને પ્રજાકીય ઉન્નતિ માટેની પ્રવૃત્તિઓ હોય—તે બધાંમાં વાસુદેવરાવનો ઓછોવત્તો ફાળો હોય જ. એમના દાનનો પ્રવાહ ખુલ્લો અને ગુપ્ત બન્ને રીતે વિવિધ જાહેર કાર્યક્ષેત્રો તરફ સતત વહેતો. સંવત ૧૯૫૬માં ગુજરાતમાં જે ભયંકર દુકાળ પડયો તે વખતે વાસુદેવરાવે નારેલના પોતાના ઇનામી ગામમાંના ખેડૂતો અને ગ્રામવાસીઓ પાસેથી આવનારી આશરે ત્રણ હજાર રૂપિયા જેટલી વસૂલની રકમ માંડી વાળી હતી એટલું જ નહિ પણ ગાંઠના દસેક હજાર રૂપિયા વાસુદેવરાવે તે વખતે રાહત અને મદદ રૂપે ખર્ચીને ઇનામદારી પ્રદેશમાંનાં પોતાનાં ભાંડુઓને દુકાળની કશી ઝાળ લાગવા કે જણાવવા દીધી નહોતી. વાસુદેવરાવની આ માનવતાભરી કામગીરીને નારેલના વૃદ્ધજનો અને મુરબ્બીઓ હજી પણ બિરદાવે છે અને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે.

પોતાની પાસે જે કોઈ સંપત્તિ અને ભૌતિક સમૃદ્ધિ વડીલોપાર્જિત આવી હોય તેના પોતે જાણે ટ્રસ્ટી હોય એ રીતે પૈસાનો વિનિયોગ કરવાની વાસુદેવરાવની

દષ્ટિ હતી. આપકમાઈથી જે કાંઈ મળે તેમાંથી જ પોતાનું અને કુટુંબનું ખર્ચ નીકળવું જોઈએ એવી એમની ભૂમિકા રહેતી. વાસુદેવરાવને દર મહિને ૨૦૦ રૂપિયાનો પગાર મળતો હતો, અને એ આવક-મર્યાદામાં રહીને તેઓ ઘરખર્ચ કરતા. વડીલો-પાર્જિત સંપત્તિ હોય તે ભાવિ પેઢીઓના ઉપયોગ માટે પોતાને હસ્તક રહેલી થાપણ હોઈ એનો ઉડાઉ રીતે ખર્ચ-ઉપયોગ કરવાનો પોતાને હક્ક નથી એમ વાસુદેવરાવ હંમેશ કહેતા, અને પોતાના પુત્ર પર પણ આ વિચાર-આચારની બરાબર અસર પડે એ માટે સદા પ્રયત્નશીલ રહેતા.

સને ૧૮૮૦ના અરસામાં વાસુદેવરાવનાં લગ્ન વડોદરાના ખાંડેકર કુટુંબનાં ગોપિકાબાઈ સાથે થયાં. વાસુદેવરાવનાં ત્રણ સંતાનોમાં પહેલા પુત્ર તે મારા પિતા ગણેશ વાસુદેવ માવળંકર. અન્ય બે સંતાનો કન્યાઓ હતી. આઉતાઈ એક વર્ષની થઈ ત્યાં જ નશ્વર દેહ છોડી ચાલી ગઈ, જ્યારે કૃષ્ણાબાઈ પ્રભુદેસાઈએ વીસ વર્ષની ઉંમરે, લગ્ન બાદ થોડા જ વખતમાં, ચિરવિદાય લીધી ! આમ, મારા પિતા એકલા જ રહ્યા; અને, એમના પિતાનું અકાળ અવસાન થતાં, કુટુંબની બધી જવાબદારી મારાં દાદીમા અને મારા પિતા પર આવી પડી. દાદીમા જીવ્યાં ત્યાં સુધી મારા પિતાએ એમની ખૂબ અનન્યભાવે સેવા કરી અને માતૃભક્તિનો તથા સુપુત્ર તરીકેનો સુંદર દાખલો બેસાડયો. દાદીમા પૂજ્ય ગોપિકાબાઈ જૂના જમાનાનાં એક આદર્શ અને સુચરિત સન્નારી હતાં. સ્વભાવે તેઓ જેટલાં કડક અને શિસ્તવાળાં તેટલાં જ બલકે તેથી ય વધુ પ્રેમાળ અને વત્સલ હતાં. દાનધર્મ અને પરોપકારની વૃત્તિ એમના હાડમાં હતી. રસોડું અને ઘર તેઓ અતિશય કાર્યક્ષમપણે અને સુઘડતાથી ચલાવતાં હતાં. ઘણુંખરું કામ તેઓ જાતે જ કરતાં અને ઘરનાં નાનાંઓ પાસે કરાવતાં. મારા પિતા ઘરના મુખ્ય પુરુષ, અને તેઓ જ પૂજ્ય ગોપિકાબાઈને સતત આજ્ઞાંકિત અને વફાદાર રહે એટલે બીજાં સહુ માટે અન્ય રીતે વર્તવાનો કે વિચારવાનો પ્રશ્ન જ નહોતો. ઘરમાં જાણે પૂજ્ય બાઈ કહે તે કાયદો ! અલબત્ત, આ અધિકાર દાદીમાએ પ્રેમથી, પાત્રતા વડે અને જાતમહેનત દ્વારા પ્રાપ્ત કરેલો અને જાળવી રાખેલો હતો. સને ૧૯૫૧માં ઑક્ટોબરની ૭મીએ દાદીમા લગભગ ૮૪ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયાં ત્યાં સુધીના લાંબા સમય દરમિયાન પૂજ્ય 'બાઈ'ને કારણે અમારું કુટુંબ અને ઘર કેવું ભર્યું ભર્યું લાગતું હતું ! એમની આખરી માંદગી (પક્ષાઘાતને કારણે તેઓ આશરે ૯૦ દિવસ પથારીમાં દુઃખ ભોગવતાં રહ્યાં !) બાદ કરતાં, તેઓ હંમેશ ઘર-કામમાં પરોવાયેલાં જ હોય. છેલ્લાં વર્ષોમાં, શાકભાજી અને અન્ય ખરીદી કરવા માટે તેઓ મોટરમાં બજાર જતાં. ખાવાપીવાની બાબતમાં અને રહેણીકરણીમાં દાદીમા ચુસ્ત સાંપ્રદાયિક અને મરજાદી હતાં. બ્રાહ્મણને

હાથે બનાવેલી રસોઈ જ તેઓ ખાય, અને જ્યારે જ્યારે બ્રાહ્મણ રસોઈયો કે ઘરની સ્ત્રીઓ ન હોય ત્યારે ત્યારે દાદીમા જાતે જ રસોઈ કરી લેતાં. પરાવલંબન એટલે મરણ એમ તેઓ વારંવાર કહેતાં. પરોઢિયે વહેલાં ઊઠીને તેઓ નાહીધોઈ લેતાં. પોતાનાં વસ્ત્રો પોતે જ ધોતાં, અને પછી જાતે ચાહ બનાવીને ભગવાનને ધરીને પછી પીતાં. સ્નાન કરતી વખતે અને સ્નાન બાદ એમનું શ્લોક-રટણ, તથા સ્તોત્ર, સ્તવન, આદિનું પઠન ચાલુ જ હોય. રોજ 'શ્રી શિવલીલામૃત' પોથી વાંચતાં, જાપ-જાપ કરતાં, પૂજા-અરચા કરતાં. નોકરોએ પીરસેલું એમને ચાલતું કે ભાવતું નહિ. સવારે તેઓ ભોજન કરતાં અને રાત્રે ફળાહાર કરતાં. વહેલી સવારે એમના હાથની બનાવેલી ચાહમાં હું રોજ ભાગ પડાવતો. ચાહની ટેવ કે કુટેવ દાદીમાએ મને પાડી! આમ તો અમે પાંચે ય જણ—મોટાં બહેન અને ચાર ભાઈઓ—પૂજ્ય બાઈનાં વાત્સલ્ય તથા હૂંફને મેળવતાં, પણ હું એમનો કંઈક વધારે લાડકો! ક્યારેક મારા પિતા કહે પણ ખરા કે, "બાઈ, તમે આ અણ્ણાને બહુ લાડ લડાવો છો!" બાઈ હસતાં અને કહેતાં કે, "તમારા સહુની આ વાત બરાબર નથી. મારે તો બધાં જ સરખાં છે." ક્રિયાકાંડ અને ધાર્મિક રિવાજો તથા રૂઢિઓમાં દાદીમા માનતાં હતાં અને એ પ્રમાણે વર્તતાં હતાં. પણ, એમના આવા આચાર-વિચારમાં મારા પિતાએ ક્યારે ય અંતરાય કે દબાવ મૂકયો નહોતો. એ બાબતમાં મારા પિતા ઉત્કટપણે ઉદારમતવાદી હતા, અને માતા કે પત્ની કે પછીથી સંતાનો પર પણ, પોતાની માન્યતાઓ કે વિચારસરણીઓ લાદવાનો પ્રયાસ એમણે કર્યો નહોતો. પોતાને જે લાગતું તે તેઓ કુટુંબનાં સહુને જે તે સમયે જરૂરી આમન્યા ને મીઠાશ સાથે નિખાલસપણે અવશ્ય કહેતાં, અને ત્યાં જ પોતાનું કર્તવ્ય પૂરું થયું એમ માનતા. પૂજ્ય બાઈના જીવનમાં દેવ-દર્શન, મંદિર-ગમન, યાત્રા, વગેરે હંમેશ રહેતાં. રામેશ્વર, ભીમાશંકર, ઓમ્કારેશ્વર, હરિદ્વાર, વગેરે સ્થળોએ તેઓ યાત્રા કરી આવ્યાં હતાં.

મારા પિતા ગણેશ વાસુદેવ માવળંકર (ઘરમાં એમને સહુ શરૂમાં દાદા અને પછી દાદાસાહેબ કહેતા—પાછળથી ગુજરાત, મહારાષ્ટ્ર અને ભારતમાં પણ ઘણા લોકો તેમને દાદાસાહેબ તરીકે જ સંબોધવા લાગ્યા)નો જન્મ વડોદરામાં મહમ્મદવાડીમાં એમના મોસાળમાં તા. ૨૭ નવેમ્બર ૧૮૮૮ [કારતક વદ ૯, શકે ૧૮૧૦]ને રોજ થયો. દાદાસાહેબના માતામહ શ્રી. ભાઉસાહેબ ખાંડેકર વડોદરામાં ગાયકવાડ સરકારના પોલીસ ખાતામાં ફોજદાર હતા. સને ૧૮૮૭માં, મહારાજાસાહેબની સવારી સાથે ભરૂચ જિલ્લામાંના શ્રી ગુમાનદેવ હનુમાનના પ્રખ્યાત મંદિરમાં દર્શન કરવા ભાઉસાહેબ ગયા હતા ત્યારે, શ્રીમંત જમનાબાઈ સાહેબા ગાયકવાડના સૂચન પરથી ભાઉસાહેબે ગુમાનદેવની બાધા રાખી કે મારી ગોપિકાને પુત્રરત્ન થશે તો હું તને સવા મણ તેલનો અભિષેક ચડાવીશ. શ્રી

ગુમાનદેવને પ્રસન્ન થતાં ઝાઝી વાર નહિ લાગી, કારણ કે બીજે જ વર્ષે ગોપિકાબાઈને પુત્રલાભ થયો. આગળ જતાં, ઘણાં બધાં વર્ષો બાદ, દાદાસાહેબ સહકુટુંબ શ્રી ગુમાન-દેવનાં દર્શને ખાસ ગયા હતા અને માતામહે માનેલી બાધા વિધિપૂર્વક છોડાવી હતી.

પિતા વાસુદેવરાવ મુનસફ હતા, અને એમની બદલી જુદે જુદે સ્થળે થતી રહી, એટલે દાદાસાહેબનું બાળપણ અને પ્રારંભિક શિક્ષણ મહાડ, દેવરુખ અને રાજાપુરમાં થયું. આમ, દાદાસાહેબના બાલમાનસ પર કોંકણના અને મહારાષ્ટ્રના સાદાઈ–સંસ્કારના તથા વિદ્યાવ્યાસંગના સંસ્કાર સહજ રીતે અને ઉત્કટપણે પડયા. પ્રાચીન અને અર્વાચીન મરાઠી સાહિત્ય, મહારાષ્ટ્રની તેજસ્વી સંતપરંપરાએ કરેલું સર્જન, અને અલબત્ત સંસ્કૃત ભાષાનો અખૂટ ભંડાર—એ બધાંમાં દાદાસાહેબ વિદ્યાભ્યાસના સમય દરમિયાન તરબોળ થયા, અને સાહિત્ય-વાચન અને મનનનો એમનો આ શોખ એમણે આખર સુધી ટકાવી રાખ્યો. જેમ જેમ વર્ષો પસાર થતાં ગયાં તેમ તેમ દાદાસાહેબનું જાહેર કાર્ય વધતું ગયું, પણ રોજનાં વિવિધ ભારે કામો વચ્ચે તેઓ વાચન માટે થોડો ઘણો સમય અવશ્ય ફાજલ પાડતા.

વાંચવા-લખવાનો દાદાસાહેબનો શોખ અનેક રીતે નોંધપાત્ર ગણાવી શકાય. એમણે રસપૂર્વક અને જાતમહેનતથી સરસ ગ્રંથાલય ઘરમાં નિર્માણ કર્યું હતું. મરાઠી અને સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી, ગુજરાતી તથા હિંદી પુસ્તકો પણ તેમણે ક્રમે ક્રમે થોકબંધ વસાવ્યાં હતાં. વકીલાતની કારકિર્દીને કારણે કાયદાનાં પુસ્તકોનો એમનો સંગ્રહ તો સમૃદ્ધ અને અદ્યાવત્ (up to date) (વકીલાતના વ્યવસાયમાં પોતે ચાલુ રહ્યા ત્યાં સુધી) હતો જ. ઈતર વાચનનો એમને ઘણો શોખ હતો, અને સારાં પુસ્તકોથી ઘરની શોભા વધે છે એમ તેઓ માનતા. શરૂઆતનાં અનેક વર્ષો સુધી એમણે બધાં પુસ્તકો પર પોતાના નામની પટ્ટીઓ પોતે જ ચોંડી હતી અને બધાં પુસ્તકોની યાદીઓ, વગેરેનું કામ પણ પોતે જ કરતા. પ્રારંભિક વર્ષોમાં એમનું વાચન જેટલું સવિસ્તર અને વ્યાપક હતું એટલું પછી ન રહી શકયું તો પણ સારા ગ્રંથો ખરીદીને ઘરમાં અંગત ગ્રંથાલયમાં વસાવવાનો ઉપક્રમ એમણે છેક સુધી ચાલુ રાખ્યો હતો. નવરાશ મળે ત્યારે એ બધું વંચાશે એ લોભ ઉપરાંત સારા ગ્રંથો ખરીદનાર સમજુ અને કંઈક સમૃદ્ધ વાચકો હોય તો જ ઉત્તમ ગ્રંથ-પ્રકાશનને ઉત્તેજન મળે એમ તેઓ કહેતા. રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય-સંગ્રામ દરમિયાન અનેક વાર દાદાસાહેબે કારાવાસ ભોગવ્યો ત્યારે જેલમાં મળેલી નવરાશની પળોમાં એમણે આવાં અનેક અગાઉ ખરીદેલાં પુસ્તકો રસપૂર્વક વાંચેલાં. મુંબાઈ પૂના તરફ પ્રવાસે તેઓ જયારે જયારે જતા ત્યારે ત્યારે અચૂક ત્યાંથી સારાં મરાઠી પુસ્તકો

ઘરના ગ્રંથાલય માટે ખરીદી લાવતા. આ રીતે દાદાસાહેબે સહેજે હજારો રૂપિયાનાં પુસ્તકો ખરીદ્યાં હશે. અલબત્ત, પછીનાં વર્ષોમાં એમને અનેક પુસ્તકો ભેટ તરીકે મળતાં ગયાં. કાયદાનાં પુસ્તકોનો સંગ્રહ ૧૯૩૭ની સાલમાં અટકયો. એ આખો સંગ્રહ '૭૦ના દસકામાં અમે ભાઈઓએ અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટના ગ્રંથાલયને, એક નાનકડા મધુર સમારંભમાં, ભેટ રૂપે વિધિસર સુપરદ કર્યો. દાદાસાહેબના ગ્રંથાલયમાંનાં બીજાં ઘણાં પુસ્તકો લૉસ્કી ઈન્સ્ટિટયૂટને તથા અન્ય અનેક શૈક્ષણિક સંસ્થાઓને પણ ભેટ અપાયાં છે. દાદાસાહેબની હયાતીમાં થોડા દસકાઓ સુધી સેંકડો મરાઠી પુસ્તકો એમણે અમદાવાદના મહારાષ્ટ્ર સમાજને લાંબા ગાળા માટે લોન ઉપર આપેલાં, અને એમાંનાં કેટલાંક તો ભેટ સમજીને જતાં પણ કરેલાં !

દાદાસાહેબના પિતા 'બાબા'ની સહૃદય અને સતત શિખામણ તથા તેથી ય વિશેષ તો તેમની નિત્ય સ્વચ્છ વર્તણૂંકને કારણે દાદાસાહેબને નાનપણથી જ સાદાઈ, સંયમ, નિરંતર અભ્યાસશીલતા, નમ્રતા, નિઃસ્પૃહતા અને સત્યપ્રિયતાના જીવંત પાઠ શીખવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. દાદાસાહેબ અમને વારંવાર કહેતા કે વડીલોની આવી શીખને કારણે તથા પ્રભુ-કૃપાને લીધે એમના જીવનને શરૂઆતથી જ સુયોગ્ય વળાંકો મળતા ગયા.

હાઈસ્કૂલનું તથા કૉલેજનું શિક્ષણ મારા પિતાએ અમદાવાદમાં લીધું. વિદ્યાલય અને મહાવિદ્યાલયના પોતાના ગુરુઓ પ્રત્યે દાદાસાહેબને નિતાંત આદરભાવ હતો. પાર્લમેન્ટના સ્પીકર થયા પછી પણ અમદાવાદમાં કે વડોદરામાં કે કોંકણમાં એમના ગુરુજનોને તથા વડીલજનોને દાદાસાહેબ મળતા ત્યારે જે પ્રેમાદરપૂર્વક અને અદબથી સહુ મોટેરાઓ સાથે તેઓ વર્તતા અને વાતચીત કરતા તેની સરસ અસર અમારા સહુ પર પડે એ સ્વાભાવિક હતું. માણસ ગમે તેટલો મોટો બને કે સમૃદ્ધિ મેળવે કે ઊંચા પદ પર પહોંચે તો પણ એણે પોતાના જીવન-ઘડતરના શિલ્પીઓ અને ગુરુજનોને ભૂલવા જોઈએ નહિ એટલું જ નહિ, પણ કૃતજ્ઞતાપૂર્વક એમની સાથે વર્તાવ રાખવો જોઈએ, એવી શીખ દાદાસાહેબના આવા વર્તનથી અમે મેળવી શકયા.

કૌટુંબિક સંજોગોને કારણે દાદાસાહેબે અમદાવાદમાં જ રહીને વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો, પણ સાર્વજનિક કાર્ય માટેની તમન્ના એમનામાં શરૂઆતથી હતી. એમનું ચાલત તો તેઓ સીધા જ પૂનામાં ગોખલેજીની સર્વન્ટ્સ ઑફ ઈન્ડીઆ સોસાયટીમાં જોડાઈ ગયા હોત ! પણ, એ ન બન્યું તો એનો બળાપો કરવાને બદલે એમણે વકીલાતના આરંભમાં જ—૧૯૧૩ ની સાલમાં—બે બાબતો પરત્વે નિશ્ચય કરીને

મનમાં ગાંઠ વાળી : (૧) વકીલાતનો વ્યવસાય અગર ધંધો વીસ વર્ષ સુધી કરવો, અને, તે દરમિયાન પણ, કેવળ પૈસા રળવાની વૃત્તિ રાખવી નહિ. જે કાંઈ કમાણી થાય તેનો સદુપયોગ, વ્યવસાય પછીનાં વર્ષોમાં, પૂરા સમયના જાહેર કાર્યમાં કરવો એવી એમની સમજ હતી. વળી, જાહેર કાર્ય કરનારા સેવકો જેમ પૈસાની મનોવૃત્તિવાળા ન જોઈએ તેમ જાતનિર્વાહ અને કુટુંબનિર્વાહ માટે પારકા ઉપર, અને તેમાં ય કોઈ શ્રીમંતો ઉપર, નભનારા ન હોવા જોઈએ એવું પણ મારા પિતાને લાગતું જ હશે. સાદાઈથી અને સ્વમાનપૂર્વક જીવનનિર્વાહ ચલાવવા માટે જેટલો ધનસંગ્રહ જોઈએ એટલાની જોગવાઈ હોય તો પૂરતું છે. જાહેર કાર્યકરો લાચારીમાં કે નાણાંકીય રીતે સતત પરાવલંબી બની રહે તો તેઓ ટટાર રહીને, એકનિષ્ઠાથી, લગાતાર, અને જરૂરી નિશ્ચિન્તતા વડે, જાહેર સેવાકાર્ય બરાબર ન કરી શકે. (૨) વકીલાત કરવાની સાથે જાહેર કાર્ય પણ યથાશક્તિ થોડુંઘણું કરતા રહેવું. જાહેર જીવનની તાલીમ પ્રારંભથી અને વ્યવસ્થિત રીતે લેવી જોઈએ એમ તેમને લાગ્યું. એટલે, એક તરફ વકીલાત શરૂ કરી, તો બીજી તરફ, અમદાવાદ અને ગુજરાતના જાહેર જીવનમાં પણ દાદાસાહેબે લગભગ ૧૯૧૩ની સાલથી જ પ્રવેશ કર્યો. સને ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી અમદાવાદ આવીને વસ્યા, અને પછી દૈવ યોગે ગાંધીજી સાથે દાદાસાહેબનો સમાગમ, નિકટ પરિચય તથા અતૂટ કાર્યસંબંધ બંધાયો, એટલે દાદાસાહેબના જાહેર જીવનનો વિકાસ એકદમ વેગવંતો બની ગયો. સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ ઈંગ્લેન્ડથી બૅરિસ્ટર થઈને સ્વદેશ પાછા ફર્યા હતા; અને એમણે પણ ૧૯૧૩ના અરસામાં વકીલાત શરૂ કરી, તથા ભદ્રમાં અમારા મકાનની નજીક, અને અમારા એક કુટુંબીજન (સદ્ગત ગજાનન કૃષ્ણ માવળંકર)ના મકાનમાં, ભાડુઆત તરીકે રહેવા લાગ્યા, એટલે વલ્લભભાઈનો અને મારા પિતાનો સ્નેહસંબંધ પણ શરૂ થયો. એ સંબંધ ઉત્તરોત્તર વધતો જ ગયો, અને સગા ભાઈઓની જેમ બન્નેએ એકબીજાને હૂંફ તથા વત્સલતા, અંગત અને જાહેર જીવનમાં, આપી. વકીલાતનાં શરૂઆતનાં વર્ષોમાં જ દાદાસાહેબે ગુજરાત એજ્યુકેશન સોસાયટી, ગુજરાત સભા, વગેરે સંસ્થાઓમાં સક્રિય કામગીરી શરૂ કરી. પ્રારંભના એમના માર્ગદર્શકો અને પ્રેરણામૂર્તિઓમાં પૂર્વજો અને માતા-પિતા ઉપરાંત સદ્ગત દાભોળકર વકીલ, સદ્ગત ગોવિંદરાવ પાટિલ વકીલ, સદ્ગત દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ, વગેરે હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીના કાર્યક્ષેત્રમાં દાદાસાહેબે ૧૯૧૯ની સાલમાં ઝંપલાવ્યું, અને લાગલાગટ લગભગ ૧૭ વર્ષ સુધી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં સેવા આપી.

વકીલ તરીકેની દાદાસાહેબની કારકિર્દીનાં અનેક વિશેષ પાસાં હતાં. થોડાં જ વર્ષોમાં એમણે એક બાહોશ અને પ્રતિષ્ઠિત વકીલ તરીકેનું સ્થાન અમદાવાદમાં મેળવ્યું

એ દૈવ યોગે બન્યું કહી શકાય; અનેક શ્રીમંત અસીલો દાદાસાહેબને મળ્યા એ પણ એવો જ એક યોગ ગણાવી શકાય; વકીલાતમાં તેઓ ઉત્તરોત્તર વધુ ને વધુ પૈસો કમાઈ શકયા એને ય ભાગ્યનો વિષય વર્ણવી શકાય. આવી બધી વસ્તુઓ કેવળ બુદ્ધિ-શક્તિ પર અવલંબતી નથી. પુરુષાર્થ સતત કરવો રહ્યો; પણ પ્રારબ્ધ પણ જોઈએ જ ! મારા પિતાના નસીબે પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્નેનું સુભગ મિલન હતું. પણ, મૂળ અને મુદ્દાની વાત એ કે વકીલ તરીકે દાદાસાહેબનાં વાણી-વર્તન ઉચ્ચ નૈતિક મૂલ્યો પર હરહંમેશ આધારિત રહ્યાં હતાં. ગમે તે ભોગે, અને આડ માર્ગે, પૈસા મેળવવાની કલ્પના સુધ્ધાં એમણે કરી નહોતી. પોતાને જે સાચું અને વાજબી લાગ્યું તે પ્રમાણેની સલાહ તેઓ અસીલોને આપતા. શ્રીમંત અસીલ કુટુંબોમાં મિલકત, વગેરેના કજિયા હોય તો તેનો ઉકેલ કોર્ટની અંદર નહિ પણ બહાર અવિધિસર રીતે લાવવાનો તેમનો પ્રયાસ રહેતો. દાદાસાહેબ કહેતા કે શ્રીમંત સગાંઓ અંદરોઅંદર લડે અને વકીલની ફી ભરીભરીને પોતે પાયમાલ થાય એ કેટલું બેહૂદું છે ! નામો આપવાની જરૂર નથી, પણ અમદાવાદનાં અનેક શ્રીમંત કુટુંબોને દાદાસાહેબે આ રીતે મિત્રભાવે સલાહ-સૂચનાઓ આપી, અને એમ કરતાં પોતાને જે ફી વકીલ તરીકેની ગુમાવવી પડી તેનો જરા સરખો પણ રંજ મનમાં રાખ્યો નહિ.

વકીલ તરીકે દાદાસાહેબ જે રીતે કામ કરતા, અસીલના કેસનો અભ્યાસ કરતા, અને પછી કોર્ટમાં એ અંગેની રજૂઆત કરતા એમાં પણ તેમની દૃષ્ટિ ઉદાત્ત હતી. જે કેસ પોતાને ખોટો કે જુઠો લાગે તે તેઓ લેતા નહિ; ખોટી સાક્ષીઓ ઊભી કરવાની માથાકૂટમાં પડતા નહિ; કાયદાની દૃષ્ટિએ કદાચ કશેક છૂટછાટ હોય અને જીતવાની કોઈક શકયતા હોય તો પણ જો કોઈ કેસમાં નરી અસત્યભરી અને અનૈતિક બાબતો હોય તો તેવા કેસો પણ તેઓ હાથ પર લેતા નહિ. વકીલોએ કેવી રીતે ચોખ્ખો અને પ્રામાણિક વ્યવહાર કરવો-રાખવો જોઈએ એ વિષેની જાણે આચાર-સંહિતા જ દાદાસાહેબે સ્વાનુભવ પરથી એમના અંગ્રેજી પુસ્તક 'My Life at the Bar'માં લખી છે. દાદાસાહેબની વકીલાતના વિશિષ્ટ પ્રસંગો અને અનુભવોનું બયાન રજૂ કરતા આ પુસ્તકનો હિંદી અનુવાદ 'मेरा वकालती जीवन'ને નામે પણ પ્રસિદ્ધ થએલો છે.

વકીલાતમાં ફીનું ધોરણ પણ મારા પિતાએ અમુક નીતિ-નિયમોને આધારે હરહંમેશ રાખ્યું હતું. શરૂઆતનાં વર્ષોમાં એમણે ફોજદારી કેસો થોડા લીધા હશે, પણ મોટે ભાગે તો એમની વકીલાત સિવિલ કોર્ટોમાં અને ઇન્કમ ટૅક્સને લગતી હતી. પોતાના અસીલને કેટલી નાણાંકીય રાહત કે કેવો આર્થિક લાભ થયો એની ગણતરીએ

દાદાસાહેબ ફીનો આંકડો કોઈ દિવસ મૂકતા નહિ. અસીલનો કેસ જીતી જવાય કે હારી જવાય એ વસ્તુ વકીલના હાથમાં નથી. એણે તો પૂરતી મહેનત લઈને પ્રામાણિકપણે અને અસરકારક રીતે પોતાના પક્ષકારની રજૂઆત કરવાની છે. અને, એવી રજૂઆતના જ વાજબી પૈસા વકીલે ફી પેટે લેવાના છે. દાદાસાહેબ પોતાના કામનું જે બિલ આ રીતે વિચારીને નક્કી કરતા તેમાં પછી જો કોઈ અસીલ એક પૈસાનો પણ ઘટાડો કરવા જાય તો દાદાસાહેબ તે ચલાવી લેતા નહિ. જેમ કોઈ અસીલ વધારે પૈસા આપવા જાય તો તેવો વધારો દાદાસાહેબ લેતા નહિ તેમ કોઈ ખોટી રીતે ઓછા પૈસા આપવાનું કરે તો દાદાસાહેબ કહેતા કે આપ ઇચ્છો તો હું કશું ન લઉં પણ આવો કાપ તો હું ન જ સ્વીકારી શકું! કોઈ પણ કેસ માટે પોતે કેટલા દિવસ, કેવા પ્રકારનો, અને કેટલો બૌદ્ધિક તથા શારીરિક શ્રમ ઉઠાવ્યો એ મુજબ વકીલાતની ફીનું ધોરણ મારા પિતા મુકરર કરતા. વળી, મુંબઈ કે અન્ય સ્થળોએ કેસ લડવા જવાનું થાય ત્યારે દાદાસાહેબ બહારગામના એવા કેસો માટે દરેક અસીલ પાસેથી જુદું જુદું ગાડીભાડું લેતા નહિ. બહારગામનો જેનો કેસ પ્રથમ લીધો, અને એ કારણે પ્રવાસ કરવાનો આવ્યો, તેની જ પાસેથી પ્રવાસ-ભાડું લેતા.

વકીલ તરીકેની પોતાની 'પ્રૅક્ટિસ' ઉત્તરોત્તર વધતી ગઈ અને પછી તો તે ધીકતી બની ત્યારે પણ મારા પિતાએ એમના અંગત જીવનમાં અને અમારા કૌટુંબિક વ્યવહારમાં સાદાઈ અને કરકસર જેવા ગુણોને જ સતત પ્રાધાન્ય આપ્યું. લગભગ ૧૯૨૬ની સાલ સુધી ભદ્રના અમારા રહેવાના મકાનમાં વીજળી આવી નહોતી. ફાનસનાં દીવાબત્તી ત્યાં સુધી ચાલુ રહેલાં. વીજળી આવી એટલે દર મહિને ખર્ચો વધ્યો જ. દાદાસાહેબ એમ કહેતા કે આપણા રોજિંદા ખર્ચા બને એટલા ઓછા અને મર્યાદિત રહેવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ વાર ઓછી આવક હોય તો પણ જીવનમાં અગવડ કે ત્રાસ ન લાગે. અલબત્ત, વીજળી કે એવી અન્ય આધુનિક સગવડો ઘરમાં ન જ વસાવવી એવો એમનો ખ્યાલ કે આગ્રહ નહોતો. એમને માટે તો જીવનદૃષ્ટિનો આ પ્રશ્ન હતો. આપણી પાસે થોડા વધારે પૈસા હોય તો તે બીજાઓ માટે અને પારકાંની મદદ અર્થે જરૂર વાપરવા, પણ પોતાના પર જો વધુ ને વધુ નાણાં ખર્ચવાનું ચક્ર ચાલ્યું તો તેનો કોઈ છેડો જ ન આવે! જેમ વીજળીની વાત તેમ બીજા સ્વરૂપે મોટર અંગેની વાત. અમારે ત્યાં પહેલવહેલી મોટરકાર સને ૧૯૩૪ના અરસામાં આવી. એટલે કે, દાદાસાહેબે વકીલાત લગભગ છોડી દેવાનો સમય આવ્યો ત્યારે! આજે મોટર કેવળ મોજશોખની ચીજ નથી, તેમ છતાં મોટર રાખવી ખર્ચાળ તો છે જ. કેટલાક મિલમાલિક મિત્રો અને અસીલો દાદાસાહેબને અવારનવાર ટકોર કરતા, અને મશ્કરીમાં કહેતા પણ ખરા કે, "દાદા, તમે શું આવી કંજુસાઈ કરો છો?

મોટર કેમ રાખતા નથી?" દાદાસાહેબ એવે વખતે જવાબમાં કહેતા કે, "જુઓ, શેઠસાહેબ! આપને તો મિલ અને પેઢી છે, તથા આપના પુત્રો આપની ગાદી પર બેસશે અને મોટર, વગેરે બધું ઉપભોગશે. મારે ત્યાં એવી કોઈ ગાદી નથી! અને, એ જ સારું છે. મારા છોકરાઓને નાનપણથી જ મોજશોખની ટેવો પડે, અને આગળ જતાં તેઓ તે પ્રમાણે જીવી ન શકે, તો તેઓ મને જ પછી ઠપકો આપે! એટલે, બહેતર છે કે મારા છોકરાઓ એમના પોતપોતાના પગ ઉપર ઊભા રહે અને એમની શક્તિ-બુદ્ધિ-કમાઈ મુજબ ખર્ચાઓ કરે અને રાખે!" ક્યારેક, વળી, દાદાસાહેબ મજાકમાં ઉમેરે પણ ખરા, અને સદ્‌ગત શેઠ મંગળદાસ ગિરધરદાસને આવા જ એક જવાબમાં એમણે એવું કહેલું કે, "આપ જેવા શેઠસાહેબને ત્યાં કેટલી મોટરો છે? બે કે ત્રણ કે બહુ તો ચાર! આપ એમાં જ ફરો છો; જ્યારે, મારા જેવાને તો જેનું કામ કરતો હોઉં તેની મોટરમાં બેસું, એટલે રોજ મારે જુદી જુદી મોટરોમાં ફરવાનું થાય! જાતજાતની મોટરોમાં હું હરી ફરી શકું અને છતાં એની દેખભાળની કે દુરસ્તીની કોઈ માથાકૂટ નહિ!"

સને ૧૯૩૭માં, દાદાસાહેબ મુંબાઈ ધારાસભાના સ્પીકરપદે ૨૧મી જુલાઈએ ચૂંટાયા ત્યારથી અનાયાસે વકીલાત બંધ થઈ. ગાંધી-પ્રણિત અસહકારના સમય દરમિયાન દાદાસાહેબે એક વર્ષ વકીલાત મોકૂફ રાખેલી. સને ૧૯૩૦ તથા સને ૧૯૩૨–'૩૩માં સ્વાતંત્ર્ય-સંગ્રામ અર્થે અનુક્રમે જેલમાં અને રત્નાગિરીમાં તેઓ સ્થાનબદ્ધ રહેલા એ વર્ષોમાં પણ વકીલાત આપોઆપ જ બંધ હતી. એટલે, વીસ વર્ષની વકીલાતનો નિયમ દાદાસાહેબ સરવાળે બરાબર સાચવી શકયા. સ્પીકર થયા પહેલાં દાદાસાહેબ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે બે વાર રહી ચૂકયા હતા. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રથમ મંત્રી તરીકે પણ તેઓ વર્ષો સુધી રહેલા. ધારાસભ્યપદ કે સ્પીકરપદ કે અન્ય કોઈ પદ મેળવવાની ઉત્સુકતા કે તાલાવેલી મારા પિતાએ રાખી નહોતી. તેઓ કહેતા કે કામ કરતા રહેવું, એટલે પદ એની મેળે આવશે; અને પદ ન આવે તો ય શી ચિંતા? 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' ('કર્મે જ અધિકારી તું, કયારે ય ફળનો નહિ') નો મંત્ર દાદાસાહેબે સમજપૂર્વક સ્વીકાર્યો હતો. એમના પત્રવ્યવહાર માટેના છાપેલા નોટપેપર પર ગીતાનું આ વાક્ય રહેતું. પછીનાં વર્ષોમાં એમણે એવું જ બીજું વાક્ય 'कामये दुःखतप्तानाम् प्राणिनाम् आर्तिनाशनम्' ('દુઃખી અને પીડિત લોકોની હાડમારીઓ દૂર કરવા હું ઝંખું છું') રાખેલું.

પ્રાંતિક સ્વરાજ્ય સને ૧૯૩૭માં શરૂ થયું ત્યાર પછી આશરે સવા બે વર્ષ સુધી દેશભરમાં મોટા ભાગના પ્રાંતોમાં કૉંગ્રેસી પ્રધાનમંડળો કામ કરતાં હતાં. બીજા

વિશ્વયુદ્ધની શરૂઆત પછી, ભારતને એની સંમતિ વિના 'સાથી રાષ્ટ્રો'ને પક્ષે યુદ્ધમાં ફરજિયાતપણે બ્રિટિશ સલ્તનતે જોતર્યું તેના વિરોધમાં, કૉંગ્રેસી પ્રધાનમંડળોએ સત્તાત્યાગ કર્યો. પણ, દાદાસાહેબ ઔપચારિકપણે સ્પીકરપદે ચાલુ રહ્યા. અલબત્ત, ધારાસભાની બેઠકો મળવાનું બંધ થયું, અને ધારાસભ્યોનાં પગાર-ભથ્થાં પણ બંધ થયાં (એટલે, સ્પીકરનાં પગાર–ભથ્થાં પણ આપોઆપ જ બંધ થયાં). સ્પીકર તરીકે દાદાસાહેબનો પગાર દર મહિને ૫૦૦ રૂપિયાનો હતો. થોડી બીજી સવલતો જેવી કે, ઘર, મોટર, વગેરેની હતી. પણ દાદાસાહેબે સરકારી મોટર લીધી કે વાપરી નહોતી. પોતાને પૈસે મોટર ખરીદી; પેટ્રોલ, ડ્રાઈવરનો પગાર, વગેરે બધો ખર્ચો જાતે જ ઉઠાવ્યો. મુંબાઈના સ્પીકરપદ દરમિયાન મોટે ભાગે તેમને મુંબાઈ અને પૂનામાં રહેવાનું થતું, કારણ કે ધારાસભાની બેઠકો બે સ્થળે મળતી હતી. અમે છોકરાઓ દાદીમા પાસે અમદાવાદ રહેતા, અને અમારી શાળાઓની લાંબી રજાઓ દરમિયાન માતાપિતાની સાથે થોડો વખત મુંબાઈ કે પૂના રહેવા જતા.

મુંબાઈમાં સ્પીકર તરીકેનું દાદાસાહેબનું સત્તાવાર નિવાસસ્થાન મલબાર હિલ પર હતું, જ્યારે પૂનામાં એવું મકાન કૅમ્પ વિસ્તારમાં ક્વીન્સ રોડ પર આવેલું હતું. પૂનાના ઘરમાં અમારી સાથે શ્રી મંગળદાસ પકવાસા (મુંબાઈની ઉપલી ધારાસભા–લેજિસ્લેટિવ કાઉન્સિલ'-ના પ્રમુખ) અને શ્રી મોરારજી દેસાઈ (તે વખતના મહેસુલ પ્રધાન) પણ એક જ મકાનમાં રહેતા હતા. ત્રણે ય કુટુંબો આમ જુદાં છતાં ભેગાં જેવાં રહેતાં, અને ઘરની મુખ્ય જવાબદારી મારાં પૂજ્ય માતુશ્રી સુશીલાબેનને સંભાળવાની થતી. ઘરમાં અમે સહુ બાળકો માને 'વહિની' તરીકે સંબોધીએ છીએ (મરાઠીમાં 'વહિની' એટલે 'ભાભી'). પૂજ્ય 'વહિની'ની ઉંમર આજે ૮૪ વર્ષની છે, અને સદ્‌ભાગ્યે એમની વહાલભરી હૂંફ અમને સહુને મળતી રહી છે.

લગ્ન પહેલાંની પૂજ્ય વહિનીની અટક 'ગુર્જર' હતી ! એમનું મોસાળ કોલ્હાપુરમાં શ્રી પળસુલે મામાને ઘેર. મારાં માનું નામ પુષ્પા ઊર્ફે યમુતાઈ, જે લગ્ન પછી શારદા ઊર્ફે 'સુશીલા' થયું. માનું પિયર સાધારણ આર્થિક સ્થિતિવાળું, પણ ધર્મ-સંસ્કારથી સભર હતું. વહિનીનું પોતાનું શિક્ષણ માંડ અંગ્રેજી ચાર પાંચ ધોરણ જેટલું ! લગ્ન પછી અનેક વર્ષ બાદ દાદાસાહેબે વહિની માટે ખાસ અંગ્રેજીનું 'ટ્યુશન' ઘેર થોડો સમય રાખેલું. વહિનીનો વાચનનો શોખ મર્યાદિત; એમનો ઘણોખરો વખત ગૃહકાર્યમાં જ જાય. પાકશાસ્ત્રમાં તેઓ પારંગત. આતિથ્યમાં કુશળ. પછીનાં વર્ષોમાં દાદાસાહેબની સાથે તેઓ દેશવિદેશના પ્રવાસોમાં અને સાર્વજનિક કાર્યોમાં પણ જોતરાયેલાં. ૧૯૪૨ની ચળવળ દરમ્યાન વહિનીએ અમદાવાદમાં એક મહિલા

સરઘસમાં આગેવાનીભર્યો ભાગ લીધેલો અને પરિણામે સાબરમતી જેલમાં ત્રણ મહિનાની કેદ ભોગવેલી. અમદાવાદમાં ભદ્રમાં મરાઠી-ભાષી ભગિનિ સમાજનું અધ્યક્ષપદ તેમણે સંભાળેલું. રંગોળી અને રસોઈ બન્નેની હરીફાઈઓમાં વહિનીએ અનેક વાર ઈનામો મેળવેલાં. ભારતનાં મોટા ભાગનાં તીર્થક્ષેત્રોની યાત્રા એમણે કરેલી છે. દાદાસાહેબ પ્રથમ લોકસભાના સભ્ય અને સ્પીકર હતા તે દરમિયાન જ તેમનું દુઃખદ અવસાન થતાં અમદાવાદ શહેર મતવિસ્તારની એમની ખાલી પડેલી જગ્યા પર અગિયાર માસ માટે મારાં માતુશ્રી કૉંગ્રેસી ઉમેદવાર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યાં હતાં. વડા પ્રધાન જવાહરલાલ નેહરુની સીધી સૂચના અને અંગત વિનંતીને માન આપીને મારાં માતુશ્રીએ આ કપરી જવાબદારી સ્વીકારેલી અને હેમખેમ પાર પાડેલી. વહિનીનો સ્વભાવ, અને ઘરમાં તેમ બહાર એમનો કાર્યભાગ, એવો કે પોતાને સોંપેલું કામ બને એટલું સરસ કરી છૂટવું, ઓછું બોલવું, વડીલોની આજ્ઞા અને આમન્યામાં રહેવું, નવરાશની પળોમાં ધાર્મિક વાચન-પ્રવચનનો લાભ લેવો, અને એકંદરે જીવનક્રમ શાંતપણે ઘણું બધું સહન કરતાં રહીને બનતી સ્વસ્થતાથી પસાર કરવો.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દાદાસાહેબ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય-સંગ્રામ નિમિત્તે બે વાર જેલમાં ગયા—પ્રથમ, સને ૧૯૪૦–'૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ કરીને અને બીજી વાર, સને ૧૯૪૨–'૪૪માં 'હિંદ છોડો'ની ચળવળ વખતે. ભારતભરમાં વ્યક્તિગત સત્યાગ્રહમાં સામેલ થનારાઓની પસંદગી મહાત્મા ગાંધીએ પોતે કરેલી. એ રીતે ગુજરાતમાં સર્વપ્રથમ સત્યાગ્રહી સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ હતા. ત્યાર પછી તરત દાદાસાહેબે સત્યાગ્રહ કરેલો, અને સરદારશ્રીની જેમ દાદાસાહેબને પણ બ્રિટિશ સરકારે તેઓ યુદ્ધવિરોધી જાહેર ભાષણ કરે તે પહેલાં પકડી લીધા હતા. શરૂઆતના થોડા મહિના દાદાસાહેબ સાબરમતી જેલમાં રહ્યા, અને ત્યાર પછી તેમને પૂના પાસે યરવડા જેલમાં ખસેડાયા. ત્યાં જેલના તેમના સહયાત્રીઓમાં સરદારશ્રી વલ્લભભાઈ, શ્રી ભુલાભાઈ દેસાઈ, શ્રી બાળાસાહેબ ખેર, વગેરે હતા. '૪૨ની ચળવળ દરમિયાન તેઓ આખો વખત (લગભગ ૧૯ માસ) સાબરમતી જેલમાં જ હતા. ૯મી ઑગસ્ટની પરોઢે બ્રિટિશ સરકારે દેશભરમાંથી મુખ્ય મુખ્ય આગેવાનોની ધરપકડ કરી ત્યારે જ દાદાસાહેબ પણ પકડાયા હતા. જેલમાં દાદાસાહેબની રહેણીકરણી અનેરી હતી. સાદાઈ અને નિયમિતતા તો એમનામાં પહેલેથી હતી. પોતાનાં કપડાં તેઓ અનેક વાર પોતે ધોઈ લેતા. જેલ બહાર પણ એમણે આવો ક્રમ અનેક વખત રાખેલો. શરૂઆતનાં વર્ષોમાં ભદ્રના મકાનમાં રહેતા હતા ત્યારે તેઓ રોજ સવારે સાબરમતી નદીમાં સ્નાન કરવા જતા અને ત્યાં જ કપડાં પણ ધોતા. ઈસ્ત્રીબંધ અને ધોબીનાં કપડાં પહેરવાનું તો પછીનાં વર્ષોમાં થોડો વખત ચાલ્યું, પણ ત્યારે ય તેઓ ઘરમાં અને બહાર અવિધિસર હરવા ફરવા

જાય ત્યારે સાદાં કપડાં પહેરતા. તેઓ સંપૂર્ણ ખાદીધારી હતા એ ભાગ્યે જ કહેવું પડે. કપડું સહેજ ફાટયું હોય તો તેઓ જાતે સીવી લેતા કે બટન નાખતા, અને થીંગડાં મારેલાં કપડાં પહેરવામાં તેમને કદી નાનમ લાગી નહોતી. નવી દિલ્હીમાં સ્પીકરના સત્તાવાર નિવાસસ્થાન ૨૦, અકબર રોડમાં રહેતા ત્યારે પણ તેઓ ઘરમાં તો એમની હંમેશની પોણી ચડ્ડી (ઢીંચણથી જરા નીચે સુધીની) અને ગંજીફરાકમાં હોય. ઉનાળામાં તો ગંજીફરાક પણ ન હોય. મારા પિતાનું શરીર-સૌષ્ઠવ આકર્ષક હતું અને તેઓ ગૌર વર્ણના, ભરાવદાર બાંધાના હતા. એમના ગળે જનોઈ રહેતી તે પણ સ્વચ્છ અને સુંદર લાગતી. સ્પીકર માવળંકરને આ રીતે જોવા એ ઘણાંને મન એક લહાવો હતો. નવી દિલ્હીમાં વિદેશના કોઈ રાજદૂત દાદાસાહેબને એક વાર મળવા આવી ચડયા. અગાઉથી એમણે ખબર નહોતી આપી. દાદાસાહેબ તો એમની હંમેશની રીત પ્રમાણે ખુલ્લા શરીરે ટેબલ પર કામકાજ કરવા બેઠા હતા. આવી અનૌપચારિકતા માટે એમણે રાજદૂતની ક્ષમા માગી, ત્યારે એ વિદેશી મહેમાને ઊલટું એમ કહ્યું કે, "આપના દેશની આબોહવાને અનુકૂળ એવો જ આ વર્તાવ અને પહેરવેશ છે. એટલે, મને કશું ખોટું કે વિચિત્ર લાગ્યું નથી. ક્ષમાનો પ્રશ્ન જ નથી. હું તો ઇચ્છું કે બીજા મોટા માણસો પણ આ રીતે સ્વાભાવિકપણે રહેવા-વર્તવાની હિંમત દાખવે!"

સાબરમતી જેલમાં, ખાસ કરીને '૪૨ના જેલનિવાસ દરમિયાન, દાદાસાહેબના આચાર-વિચારને અને એમના એકંદર જીવન-વળાંકોને આધ્યાત્મિક અને માનવસેવાના ક્ષેત્રે કોઈ અદ્ભુત અને ઉત્કટ વેગ મળ્યો એમ મને હંમેશ લાગ્યું છે. ફાંસીની સજા પામેલા તથા અન્ય લાંબી સજાઓ ભોગવતા અનેક કેદીઓના સીધા સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય તેમને જેલમાં સાંપડયું. દાદાસાહેબે જોયું કે આ બધા કહેવાતા ચોર-ગુનેગારો-ડાકૂઓનાં હૈયામાં ઊંડે ઊંડે ઘણી માનવતા પડેલી છે. આવા કેદીઓની દર્દભરી આપવીતી સાંભળીને, અને તેમની પ્રત્યે સાચી સહાનુભૂતિ દાખવીને, અને સત્ય તથા પ્રેમના પંથે તેમને વાળીને, દાદાસાહેબે જે અદ્વિતીય 'માનવતાનાં ઝરણાં' સાબરમતી જેલમાં વહેતાં કર્યાં એ એમના વ્યક્તિત્વનું એક અસાધારણ મોટું પાસું બની રહ્યું. આવા કેદીઓ વતી દાદાસાહેબ દયાની કે સજા-માફીની અરજીઓ કરતા, અને એ કારણે અનેક કેદીઓની ફાંસીની સજા કાં તો રદ થતી કે એમની લાંબી જેલ ટૂંકી બનાવાતી, પણ જેઓને ફાંસીને માંચડે ચડવું પડયું તેઓ પણ છેવટે હસતે મુખે, નિર્ભયતાથી, અનેરી આત્મિક શક્તિ સંપાદન કરતા કરતા, પ્રભુનું નામ-સ્મરણ કરીને, આ દુનિયા છોડી ચાલ્યા ગયા — આ ચિત્ર એવું તો પ્રેરક અને હૃદયસ્પર્શી હતું! આવા કેદીઓના ચિત્ત-સુધારની પાછળ દાદાસાહેબની સતત હૂંફ તથા સક્રિય

માર્ગદર્શન હતાં. વકીલ દાદાસાહેબની વકીલાતની વિવિધ શક્તિઓ કેવી લેખે લાગી! માનવતાની મહેકથી ટપકતા આ વિવિધ પ્રસંગો મારા પિતાએ ખૂબ રસમય અને હૃદયંગમ ભાષામાં ગુજરાતી પુસ્તક 'માનવતાનાં ઝરણાં'માં વર્ણવેલા છે. એ પુસ્તકની ચાર આવૃત્તિઓ થવા ઉપરાંત એના મરાઠી, હિંદી, મલ્યાળમ્ ભાષામાંના અનુવાદો પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા છે.

જેલમાંથી દાદાસાહેબ બહાર આવ્યા કે તરત એમને માટે વિવિધ અને વધારાનાં સાર્વજનિક કાર્યોની જવાબદારીઓ રાહ જોતી ઊભી જ હતી. કસ્તુરબા સ્મારક ફંડની રાષ્ટ્રવ્યાપી કામગીરીમાં મહાત્મા ગાંધીએ મારા પિતાને પ્રથમથી જ સક્રિયપણે સામેલ કર્યા. કસ્તુરબા ટ્રસ્ટના ટ્રસ્ટી અને એની કારોબારીના સભ્ય થવા ઉપરાંત દાદાસાહેબ એ ટ્રસ્ટના ઉપ-પ્રમુખ પણ બન્યા. તે વખતે ગાંધીજી પ્રમુખપદે હતા, અને ગાંધીજી બાદ પૂજ્ય ઠક્કરબાપા તથા સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ પ્રમુખપદે રહ્યા, અને પછી દાદાસાહેબ ટ્રસ્ટના પ્રમુખ બન્યા. એ જ રીતે મહાત્મા ગાંધી સ્મારક ફંડમાં પણ મારા પિતા ટ્રસ્ટી, કારોબારીના સભ્ય અને પછીથી પ્રમુખ ચૂંટાયા. આમ, બે મોટાં રાષ્ટ્રવ્યાપી ટ્રસ્ટ ફંડોનો સુયોગ્ય તથા સમયસર વિનિયોગ કરવાની ભારે મોટી જવાબદારી દાદાસાહેબને માથે આવી, અને એ એમણે સર્વનાં સંતોષ અને શાબાશી સાથે સરસ પાર પાડી. કસ્તુરબા ફંડની રકમ લગભગ બે કરોડ જેટલી હતી, જ્યારે ગાંધી સ્મારક ફંડની રકમ આશરે બાર કરોડ જેટલી હતી. આ ઉપરાંત, દાદાસાહેબ નાનાંમોટાં લગભગ ૬૦ જાહેર ટ્રસ્ટોના ટ્રસ્ટી, અને એ પૈકીના અનેકના અધ્યક્ષ પણ, હતા. અમદાવાદ, ગુજરાત, મહારાષ્ટ્ર અને પછી ભારતભરમાં પથરાયેલાં આ વિવિધ ટ્રસ્ટોનું સુકાનીપદ દાદાસાહેબે અસાધારણ કુનેહથી અને સંપૂર્ણ ચોકસાઈ તથા ચોખ્ખાઈથી સંભાળ્યું હતું. આ રીતે કરોડો રૂપિયાનો વહીવટ ચલાવવો એ કાંઈ નાની-સૂની વાત નહોતી. જુદાં જુદાં ટ્રસ્ટોની તરેહતરેહની કલમો અને શરતો મુજબ નાણાં રોકવાં અને ખર્ચવાં; ટ્રસ્ટની અસ્કયામતો, જમીનો કે અન્ય જે મિલકતો હોય તેની પૂરી સંભાળ કાળજીપૂર્વક અને કાયદા પ્રમાણે તથા નીતિ-નિયમો મુજબ રાખવી; ટ્રસ્ટોના ઉદ્દેશો પ્રમાણે જ, અને 'ટ્રસ્ટ ડીડ'ની શરતોને આધીન રહીને જ, બધો વ્યવહાર કરવો; બધા હિસાબો વ્યવસ્થિત અને વિગતવાર રાખવા-રખાવવા; જાહેર જનતાનો અને વિવિધ કાર્યકરોનો સંપૂર્ણ વિશ્વાસ સતત મેળવતા રહેવું — આ બધું દાદાસાહેબે એવું તો સરસ કરી બતાવ્યું કે એમણે બીજું કશું કામ ન કર્યું હોત અને આટલું જ કર્યું હોત તો પણ તે એક બહુ મોટી સાર્વજનિક સેવા બની રહેત. ટ્રસ્ટી તરીકેની આ બધી જવાબદારીઓ અદા કરતી વખતે દાદાસાહેબે ક્યારે ય કોઈ કામમાં અંગત લાભ કે ફાયદો તો ઉઠાવ્યો નહોતો જ, બલ્કે, આ બધાં જાહેર કામો માટે તેમને જે પત્ર-

વ્યવહાર, વગેરે કરવાનો થતો, અને અવાર નવાર પ્રવાસો ખેડવાના રહેતા, તે બધાંનું ખર્ચ પણ એમણે જાતે વેઠયું હતું. આમ, જાહેર જીવનની સ્પષ્ટ અને ઉમદા પ્રણાલિકાઓ એમણે પાડી. પોતાને માટે અને કુટુંબને વાસ્તે જરૂરી નિર્વાહ પૂરતા પૈસા હોય તેનાથી વિશેષ રકમ ભેગી કરવાની દાદાસાહેબની વૃત્તિ નહોતી. તેથી, એમણે આવાં કામોમાં અંગત રકમ વાપરીને સવિશેષ ઉદાર પ્રણાલિકા પ્રસ્થાપિત કરી.

નવી દિલ્હીમાં, વડી ધારાસભા (Central Legislative Assembly) માટેના કૉંગ્રેસી ઉમેદવાર તરીકે, ગુજરાતમાંથી દાદાસાહેબની પસંદગી ૧૯૪૫ની સાલના ઑક્ટોબરમાં થઈ. અગાઉ એ સ્થાન પરથી અગ્રણી ધારાશાસ્ત્રી શ્રી ભુલાભાઈ દેસાઈ કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. દાદાસાહેબ બિનહરીફ ચૂંટાયા. ત્યાર પછી, તા. ૨૪ જાન્યુઆરી ૧૯૪૬ ને રોજ વડી ધારાસભાના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ. આ ચૂંટણી ઐતિહાસિક બની રહી. દાદાસાહેબ કૉંગ્રેસી ઉમેદવાર હતા, જ્યારે વાઈસરૉય લૉર્ડ વેવલની એક્ઝીક્યૂટિવ કાઉન્સિલે મુસ્લિમ લીગ પ્રેરિત પારસી ઉમેદવાર સર કાવસજી જહાંગીરને પ્રમુખપદ માટેની ચૂંટણીમાં ટેકો આપ્યો હતો. સર કાવસજી સરકાર-નિયુક્ત સભાસદ હતા એ કારણે, તથા કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચેના રાજકીય અને પક્ષીય સંઘર્ષમાં સરકારે ન પડવું જોઈએ એવી દૃઢ માન્યતાને લઈને, કેટલાક સરકાર-નિયુક્ત સભ્યોએ અને એક બે સરકારી સભ્યોએ પણ આ ચૂંટણીમાં દાદાસાહેબને મત આપેલા ! ત્રણ જ મતની બહુમતી [૬૬ વિરુદ્ધ ૬૩]થી દાદાસાહેબ ચૂંટાયા, પણ આખી ચૂંટણીની આગળ પાછળની આબોહવા અને કાર્યવાહી જોતાં આ સિદ્ધિ સવિશેષ અગત્યની હતી. કહે છે કે, પરિણામ જાણવા માટે વાઈસરીગલ લૉજમાં લૉર્ડ વેવલ ઉત્સુકતાથી અને ચિંતાતૂર હાલતમાં આંટા મારતા હતા, અને એમને જ્યારે ખબર અપાયા કે કૉંગ્રેસી ઉમેદવાર શ્રી માવળંકર ચૂંટાયા છે ત્યારે વાઈસરૉયના મુખમાંથી તરત ઉદ્‌ગાર નીકળ્યા: "Thank God ! He is elected !" ["પ્રભુનો પાડ ! તેઓ ચૂંટાઈ આવ્યા છે !"] વાઈસરૉયને અને સરકારને પાછળથી એમ જરૂર લાગેલું કે આ ચૂંટણીમાં એમણે માથું મારવું જોઈતું નહોતું. વાઈસરૉયની કાઉન્સિલના વડા, અને રેલ્વે ખાતાના સભ્ય, સર એડવર્ડ બેન્થૉલ તો થોડાં અઠવાડિયાંમાં જ અંગત વાતચીતમાં અને પ્રગટપણે પણ અનેક સ્થળે કહેતા થયા કે, "માવળંકર જેવા ન્યાયયુક્ત, નિષ્પક્ષ અને બાહોશ સભાપતિ અમને મળ્યા છે એ અમારું મોટું સદ્‌ભાગ્ય છે. એમની ચૂંટણી વખતે અમે વિરોધ કર્યો તે એક રીતે મૂર્ખામી હતી, પણ શ્રી માવળંકરની બુદ્ધિ-શક્તિનો અને એમના ગુણોનો અમને આઝો પરિચય કે ખ્યાલ નહોતો. પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા તે ઘટના સહુને માટે, અને ખાસ તો દેશની પાંગરતી પાર્લમેન્ટરી પદ્ધતિ માટે, પ્રોત્સાહક બની રહેશે." ત્યાર બાદ, એક પછી એક કેન્દ્રીય

Acc. No. 30251
Date

ધારાસભામાં દાદાસાહેબની વરણી તે તે ગૃહના સભ્ય અને સ્પીકર તરીકે થતી રહી— ૧૫મી ઑગસ્ટ '૪૭ના દિવસે સ્વરાજ્યનો ઉદય થતાં જૂની વડી ધારાસભાનું વિસર્જન થયું, એ પહેલાં તો દાદાસાહેબ બંધારણસભાના સભ્ય ચૂંટાયા જ હતા, અને નવેમ્બર ૧૯૪૭માં બંધારણસભા બે ભાગમાં — બંધારણ ઘડવા માટેની સભામાં તથા કાયદા કરવા માટેની ધારાસભામાં — ફેરવાઈ ત્યારે, તા. ૧૭ નવેમ્બર ૧૯૪૭ ને રોજ, દાદાસાહેબ આ નવી ધારાસભાના સ્પીકર તરીકે સર્વાનુમતે ચૂંટાયા. તા. ૨૬ નવેંબર ૧૯૪૯ ને રોજ ભારતનું નવું બંધારણ પસાર થયું, અને બે મહિના બાદ, તા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ને રોજ 'સાર્વભૌમ, લોકશાહીયુક્ત, પ્રજાસત્તાક' ભારતનો ઉદય થયો ત્યારે અગાઉની ધારાસભાનું રૂપાંતર વચગાળાની સંસદ (Provisional Parliament) માં થયું, અને ત્યારે પણ દાદાસાહેબ જ એના સ્પીકરપદે ચાલુ રહ્યા. સને ૧૯૫૨ના જાન્યુઆરી માસમાં લોકશાહી પ્રજાસત્તાક ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી યોજાઈ તેમાં દાદાસાહેબ કોંગ્રેસી ઉમેદવાર તરીકે અમદાવાદ શહેરમાંથી લોકસભાના સભ્યપદે મોટી બહુમતીથી જીત્યા; અને મે, ૧૯૫૨માં સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટાયેલી લોકસભા મળી ત્યારે, તા. ૧૫ મે ને રોજ સભાગૃહના સ્પીકર તરીકે વિશાળ બહુમતી (૩૯૪ વિરુદ્ધ ૫૫)થી ચૂંટાયા. સ્પીકરપદ પર હતા ત્યારે જ ( તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬ ને રોજ) એમનું દુઃખદ અવસાન અમદાવાદમાં થયું. આમ, 'એક વાર સ્પીકર, એટલે કાયમ સ્પીકર' એ અંગ્રેજી પાર્લમેન્ટરી પ્રથા અને સ્પીકરપદની પ્રણાલિકા દાદાસાહેબે અનાયાસે અંકિત કરી.

૨૦, અકબર રોડ, નવી દિલ્હી પર આવેલું આલીશાન મકાન સ્પીકરનું સત્તાવાર નિવાસસ્થાન છે. દાદાસાહેબ ત્યાં રહેવા ગયા ખરા, પણ એમની ઇચ્છા બનતી વહેલી તકે એવા મોટા મકાનને બદલે કોઈ નાના ઘરમાં રહેવા જવાની હતી; એ અંગે એમણે સરદાર શ્રી વલ્લભભાઈને અનેક વાર વાત પણ કરેલી. પરંતુ, એકલા સ્પીકરનું નિવાસસ્થાન બદલવામાં આવે અને પ્રધાનો, વગેરે તથા અન્ય વરિષ્ઠ સત્તાધારીઓ મહેલ જેવા મકાનોમાં રહેવાનું ચાલુ રાખે તો લોકોની નજરમાં ઊલટું વધારે અળખામણા થવાનો વારો આવે એમ સમજીને, કે ગમે તેમ, પણ સરદારશ્રીએ દાદાસાહેબના આ સૂચનને ગંભીરતાથી જોયું નહીં. અલબત્ત, કોઈ આગેવાનોની પરોક્ષ રીતે ટીકા કરવાની કે એમને લોક-નજરમાં નીચા પાડવાની દાદાસાહેબની ઇચ્છા નહોતી. એટલે, પોતાની લાગણી અનેક વાર વ્યક્ત કર્યા છતાં એ વિષે એમણે હઠ ન કરી. પણ આ મુદ્દા પર માનસિક રીતે ક્ષોભ એમણે છેક સુધી અનુભવ્યો. દાદાસાહેબ કહેતા કે અમે લોકો કોંગ્રેસના પ્રતિનિધિઓ તરીકે ચૂંટાયા છીએ અને ગરીબ દેશની પ્રજાનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરીએ છીએ ત્યારે મહેલ જેવા બંગલાઓમાં અને બાદશાહી સગવડો સાથે રહીએ તે કઈ રીતે વાજબી ઠરાવી શકાય ? પ્રણાલિકાઓ

અને નિયમો આડે આવતાં હતાં એટલે દાદાસાહેબે આ સત્તાવાર નિવાસસ્થાનમાં અન્યને માટે વસવાટ કરવાનું તો ન ગોઠવી આપ્યું, પણ મિત્ર-કાર્યકર વર્તુળમાંના જે કોઈને નવી દિલ્હીમાં થોડા દિવસ રહેવાનું થતું તેમને પોતાને ઘેર ઉતારો આપીને અને એમની મહેમાનગીરી કરીને દાદાસાહેબે સંતોષ માન્યો. વળી, મુંબાઈ પૂનામાં કર્યું તેમ, નવી દિલ્હીમાં પણ તેમણે સરકારી મોટર વાપરી નહીં, અને પોતાને ખર્ચે મોટર, ડ્રાઈવર, વગેરે રાખ્યાં.

આથી ય વિશેષ બાબતો મારા પિતાએ અમલમાં મૂકી. સ્પીકર તરીકે તેમને આખા દેશમાં પ્રવાસ માટે ખાસ રેલ્વે 'સલૂન'ની સગવડ હતી તે એમણે જુદો નિયમ કરીને પોતા પૂરતી રદ કરાવી, અને જૂના સેકન્ડ કલાસ (હવેના ફર્સ્ટ કલાસ)ના ચાર કે છ 'બર્થ'નું કમ્પાર્ટમેન્ટ પોતા માટે 'રિઝર્વ' કરાવવાનું રાખ્યું. આવી ખાસ સગવડ પણ એમણે કેવળ સ્પીકર તરીકેની કામગીરી માટેના પ્રવાસો વખતે જ (મુખ્યત્વે અમદાવાદથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદના રેલ્વે પ્રવાસમાં) ઉપયોગમાં લીધી હતી. અન્યથા તેઓ બીજા વર્ગમાં અન્ય ઉતારુઓ સાથે પ્રવાસ કરતા. જ્યારે દિવસનો અને ટૂંકો પ્રવાસ હોય ત્યારે તેઓ તે જમાનાના ઇન્ટર (હાલના સેકન્ડ કલાસ) વર્ગમાં, અને કોઈ કોઈ વાર તો જૂના ત્રીજા વર્ગમાં પણ, રેલ્વે મુસાફરી કરતા. ખાસ કરીને, એમણે મુંબાઈ-પૂનાનો દિવસના વખતનો પ્રવાસ આ રીતે અનેક વાર ત્રીજા કે ઇન્ટર વર્ગમાં કર્યાનું મને યાદ આવે છે, અને એવા એક બે પ્રવાસોમાં મેં પણ બાળક તરીકે એમની સાથે ત્રીજા વર્ગની મુસાફરી કરી છે. એ જ પ્રમાણે, સ્પીકરપદ દરમિયાન મારા પિતાને જે sumptuary allowance (સત્તાવાર રીતે મુલાકાતે આવતા દેશવિદેશના મહેમાનો તથા પાર્લમેન્ટના સભ્યો, વગેરેની સરભરા માટેનું ભથ્થું) દર મહિને મળતું તે પણ તેઓ જેટલું વાસ્તવમાં અને વાજબી રીતે વપરાય તેટલું ખર્ચ કરીને બાકીની રકમ સરકારી તિજોરીમાં પાછી વાળતા. દર મહિને 'એલાવન્સ'ની મળતી આ રકમ ૫૦૦ રૂપિયાની હતી. ઉપરાંત, સ્પીકર તરીકેના માસિક પગારની રકમમાં પણ મારા પિતાએ ક્રમશ: વધુ ને વધુ કાપ મૂકયો હતો. પોતાના આખા પગાર પર ઇન્કમ ટૅક્સ તો તેઓ ભરતા જ હતા, અને સાથે સાથે પગારની રકમ ધીરે ધીરે ઘટાડી છેવટે દર મહિને ૧૫૦૦ રૂપિયા પગાર પેટે લેવાનું એમણે રાખેલું. શરૂઆતમાં આ પગારની રકમ રૂ. ૩,૨૦૦ જેટલી હતી. ઘટાડેલા પગારમાં નવી દિલ્હીનું અને અમદાવાદનું એમ બે ઘર ચલાવવાનાં હતાં, તથા નૈમિત્તિક ખર્ચાઓ કરવાના રહેતા, એટલે છેલ્લાં થોડાં વર્ષોમાં 'ઓવરડ્રાફટ એકાઉન્ટ' રાખીને આ બધા ખર્ચાને પહોંચી વળવાનું એમને શક્ય બનાવવું પડેલું. નવી દિલ્હીમાં પણ દાદાસાહેબની રહેણીકરણી સાદાઈભરી જ હતી. આજકાલ 'રેફ્રિજરેટર' અનેક કુટુંબોમાં — શ્રીમંત ઉપરાંત ઉચ્ચ સરકારી અને અન્ય

અમલદારો તથા ઉચ્ચતર અને હવે તો મધ્યમ કુટુંબોમાં પણ — રોજિંદા વપરાશનું સાધન બની ગયું છે. દાદાસાહેબે નવી દિલ્હીના સરકારી મકાનમાં જ પહેલવહેલી વાર 'રેફ્રિજરેટર' વસાવેલું, અને તે પણ માસિક ભાડું આપીને, ખરીદીને નહિ! અમદાવાદના ઘરમાં તો 'રેફ્રિજરેટર' એમની હયાતીમાં આવ્યું જ નહીં!

ભદ્રમાં જે મકાનમાં ૧૯૩૨–'૩૩ સાલ સુધી અમે રહેતાં હતાં, અને જ્યાં જોડે બીજું એક નાનું મકાન પણ સને ૧૯૨૦ની આસપાસ અમે ખરીદેલું, ત્યાં બાજુમાં દાદાસાહેબના કાકા સદ્ગત ગજાનન કૃષ્ણ માવળંકરનાં બે મકાન છે, જે પૈકી એકમાં સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ સને ૧૯૧૩ થી સને ૧૯૨૦-'૨૧ સુધી ભાડુઆત તરીકે રહેતા હતા. એ મકાન પાછળથી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને સરદાર સ્મારક ભવન માટે ગજાનનરાવના પુત્ર (શ્રી કેશવ ગજાનન માવળંકર, જેઓ વર્ષો સુધી હાઈસ્કૂલમાં સન્નિષ્ઠ શિક્ષક રહ્યા, અને હવે સ્વતંત્રપણે શિક્ષણ-વર્ગો ચલાવે છે; અમદાવાદના રાજકીય જીવનમાં પણ તેઓ સમાજવાદી પરિબળો અને ચળવળો સાથે સંલગ્ન રહીને અગાઉ સક્રિય રહેલા.) પાસેથી ખરીદી લીધું. ગજાનનરાવને ઘરમાં અને બહાર સહુ બાબુરાવ-એ નામે ઓળખતા. તેમની પણ જાહેર કારકિર્દી ખમીરવંતી રહી હતી. તેઓ મૅટ્રિક થયા હતા. બે વર્ષ ઇરિગેશન ખાતામાં નોકરી કર્યા બાદ તેઓ વકીલાતના અભ્યાસાર્થે મુંબાઈ ગયા. તે જ વખતે દેશમાં બંગભંગની ચળવળ શરૂ થઈ. એટલે, બાબુરાવે કૉલેજ-શિક્ષણને રામરામ કર્યા અને દેશસેવામાં લાગી ગયા. લોકમાન્ય બાળ ગંગાધર ટિળકના રાષ્ટ્રીય વિચારોનો પ્રચાર કરવાનું કામ એમણે શરૂ કર્યું. એ વિચારનાં ને વિષયનાં પુસ્તકો પ્રગટ કરવા તથા વેચવા માટે એમણે નૅશનલ બુક ડીપો નામની દુકાન શરૂ કરી. મહર્ષિ અરવિંદ ઘોષનાં ભાષણોના ગુજરાતી અનુવાદ એમણે પોતે કરીને પછી પ્રગટ કર્યા. સ્વાતંત્ર્ય–સંગ્રામમાં એમણે જેલયાત્રા ભોગવી. થોડો વખત અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં પણ રહ્યા. 'ગર્જના' નામનું છાપખાનું એમણે ઊભું કર્યું હતું અને એ જ નામે પછી છાપું પણ ચલાવેલું. બાબુરાવની સરકાર-વિરોધી ગર્જના એમાં ઉગ્રપણે વ્યક્ત થતી. સ્વાભાવિક જ, એમના છાપખાના પર સરકારની જપ્તિ આવી. ત્યાર બાદ 'શક્તિ' નામનું બીજું પત્ર એમણે શરૂ કર્યું. બાબુરાવ પ્રખર બુદ્ધિશાળી અને ઉત્કટ દેશભક્ત હતા. રાજકીય બાબતોમાં અને જાહેર જીવનના પ્રશ્નો પરત્વે એમની અને દાદાસાહેબની વચ્ચે પ્રામાણિક મતભેદો અનેક વાર ઊભા થતા, પણ એ અંગે કાકા-ભત્રિજા વચ્ચે કડવાશ કે કર્કશતા કદી નિર્માણ થઈ નહોતી. એકબીજાની પ્રામાણિકતા અને ચારિત્ર્યશીલતા માટે બન્નેને ખાતરી અને આદરભાવના હતી, અને તેથી બન્ને એકમેકની આમન્યા સાચવતા. દાદાસાહેબે ગજાનનરાવનાં કુટુંબીજનોને હંમેશ પોતાનાં જ કુટુંબીજનો ગણ્યાં હતાં, અને ૧૯૩૫ની સાલમાં બાબુરાવનું દુઃખદ

અવસાન થયા પછી તો, એ કુટુંબીજનોના વાલી અને માર્ગદર્શક તરીકે પણ દાદાસાહેબે નિઃસ્પૃહભાવે તથા વત્સલતાથી દેખભાળ આજીવન રાખી હતી.

ભદ્રમાંનાં અમારાં બે મકાનો પૈકી વારસાગત, જૂનું, મોટું મકાન ['માવળંકર હવેલી' તરીકે જે ઓળખાતું, અને જેમાં ભોંયતળિયે મારા મોટા ભાઈ (સદ્‌ગત) ડૉ. વિષ્ણુ ઊર્ફે બાપુસાહેબનું 'નર્સિંગ હોમ' હતું, અને પહેલા અને બીજા માળ પર હૅરલ્ડ લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ તથા અન્ય શૈક્ષણિક અને જાહેર તેમ સંસદીય પ્રવૃત્તિઓની મારી કચેરીઓ, વગેરે જૂન ૧૯૭૫ સુધી રહેલી.) અમે વાપરતાં હતાં, જ્યારે જોડેના નાના મકાનમાં ભાડુઆતો રહ્યા ને દસકાઓથી એના એ જ ચાલુ છે. દરમિયાન, ૧૯૨૭ની સાલમાં સાબરમતી નદીને પેલે પાર એલિસ બ્રિજ વિસ્તારમાં મીઠાખળી ગામ પાસે મહારાષ્ટ્ર સોસાયટી (એનું આખું નામ શરૂમાં 'ધી મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કો. ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.' એવું હતું.) સ્થપાઈ તેમાં દાદાસાહેબ અને તે સમયના સ્થાનિક અન્ય ૧૧ મહારાષ્ટ્રીય ભાઈઓ અગ્રણી રહ્યા. તા. ૧૫ જુલાઈ ૧૯૨૭ ને રોજ આ હાઉસિંગ સોસાયટી રજિસ્ટર થઈ. એના અધ્યક્ષ તરીકે દાદાસાહેબની વરણી થઈ. આ સોસાયટીની સ્થાપના અંગેની પ્રારંભિક કાર્યવાહી વખતે અને પછીનાં વર્ષોમાં પણ સદ્‌ગત શ્રી પ્રીતમરાય વ્રજરાય દેસાઈએ ઉત્સાહપૂર્વક સલાહ-સૂચનો આપીને સક્રિય સાથ આપ્યો હતો. પ્રીતમરાયભાઈ અમદાવાદની સહકારી પ્રવૃત્તિના આદ્ય પુરસ્કર્તા હતા. પ્રીતમનગર એ અમદાવાદની પહેલી સોસાયટી થઈ, જ્યારે મહારાષ્ટ્ર સોસાયટીનો નંબર ઘણું કરીને બીજો કે ત્રીજો રહ્યો. સોસાયટીના દરેક પ્રકારના કાર્યમાં દાદાસાહેબે તન, મન, ધનથી માર્ગદર્શન આપ્યું. મહારાષ્ટ્ર સોસાયટીના કુલ ૩૦ પૈકીના વધેલા ત્રણ પ્લૉટ લેનાર કોઈ ન મળતાં દાદાસાહેબને જ છેવટે તે ખરીદવાની સહુ સભ્યોએ વિનંતી કરી. આ બધા મહારાષ્ટ્રીય ભાઈઓ આર્થિક રીતે મધ્યમ કે ઉચ્ચ મધ્યમ કુટુંબના હતા, અને સહુ વ્યવસાયી હતા, તથા તે સહુમાં દાદાસાહેબની કમાઈ સૌથી વધુ હતી એટલે સ્વાભાવિક જ ફાજલ પ્લૉટ્સ લેવાનું મારા પિતાને ભાગે આવ્યું. સોસાયટી પરનો અમારો 'સેવા કુટીર' નામનો બંગલો ૧૯૩૨ની સાલમાં બંધાયો, અને સને ૧૯૩૩થી અમે ભદ્રના મકાનમાંથી બંગલા પર રહેવા ગયા. મરાઠી-ભાષી ઉપરાંત કેટલાક ગુજરાતી બાંધવોને પણ સોસાયટીના સભ્યો તરીકે સ્થાપના કાળથી જ લેવામાં આવ્યા હતા, જે પૈકી સદ્‌ગત શ્રી બાબુરાવ કેશવલાલ મહેતા (અમદાવાદના એક જાણીતા વકીલ અને દાદાસાહેબના સહ-કાર્યકર અને પડોશી) તો પાછળથી વર્ષો સુધી સોસાયટીની મૅનેજિંગ કમિટીના પ્રમુખપદે પણ રહેલા. અમારા બંગલાની સામેના ૩૦ નંબરના મકાનના માલિક સદ્‌ગત શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે ('ગુજરાતનું પાટનગર અમદાવાદ', 'ખંભાતનો ઈતિહાસ', 'ગુજરાતનો સાંસ્કૃતિક

ઇતિહાસ'–ખંડ ૧ થી ૪, ઇત્યાદિ ગ્રંથોના લેખક તથા સુપ્રસિદ્ધ ઇતિહાસકાર) હતા. સોસાયટીના હિસાબો-હેવાલો ગુજરાતી ભાષામાં સામાન્યતઃ લખાતા રહ્યા છે, એ પણ નોંધવું ઘટે.

સને ૧૯૩૫માં 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' સાકાર થઇ તેના એક સ્થાપક સભ્ય તરીકે દાદાસાહેબ પ્રથમથી જ અગ્રેસર રહ્યા હતા. છ વર્ષ અગાઉ, ૧૯૨૯ની સાલમાં, શરૂ કરાયેલી 'ગુજરાત લૉ સોસાયટી'માં પણ દાદાસાહેબે સક્રિય પહેલ દાખવી હતી. આ બે સોસાયટીઓ તથા બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, આદિ અનેક જાહેર સંસ્થાઓનાં મકાનો, વગેરે બાંધવા માટે તથા શૈક્ષણિક પ્રાંગણ રચવા માટે વિશાળ પાયા પર જમીનો લેવાની જરૂર હતી. તેમાં ય દાદાસાહેબે ખૂબ દૃષ્ટિવંતપણે કાર્યવિસ્તાર યોજ્યો અને અમલી બનાવ્યો. નજીકના ભવિષ્યમાં આ શૈક્ષણિક પ્રાંગણ પર ગુજરાતની એની આગવી એવી નવી યુનિવર્સિટી ઊભી કરવાનું લક્ષ્ય તેમણે સતત નજર સમક્ષ રાખ્યું હતું, અને એ દૃષ્ટિકોણથી વિશાળ જમીનો, આજના પ્રમાણમાં તો સાવ સસ્તા અને નજીવા ભાવે, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી માટે એમણે ખરીદ કરાવી હતી. મારા પિતાના ચારિત્ર્યશીલ વારસાની અને વર્તનની વિશેષતા એ રહેલી કે આ તમામ વ્યવહારમાં એમણે અંગત ઉપયોગ માટે કે કૌટુંબિક વપરાશ સારૂ ક્યાંય એક તસુ જેટલી જમીન ખરીદી કે મેળવી નહોતી. જે કોઈ જમીનો હતી તે બધી એક યા બીજા જાહેર ટ્રસ્ટની હતી; અને એ ટ્રસ્ટોમાં દાદાસાહેબ ટ્રસ્ટી તરીકે સક્રિયપણે સંલગ્ન હતા એ અર્થમાં, લોકજીભે 'દાદાની જમીન' એવો શબ્દપ્રયોગ કોઈ કોઈ વાર થતો કે તરત દાદાસાહેબ હસતા હસતા પણ ગંભીરપણે ટકોર કરતા કે, "આ બધી જ જમીનો વિવિધ સાર્વજનિક સંસ્થાઓની છે, અને એ પૈકીની અનેકમાં હું વડો કે વહીવટદાર છું ખરો, પણ તેથી કાંઈ એ 'દાદાની જમીન' બનતી નથી! આ પવિત્ર કાર્યમાં સ્વાર્થ કે અંગત ગણતરીઓને કશો અવકાશ જ નથી." મને યાદ છે ત્યાં સુધી, મહારાષ્ટ્ર સોસાયટીના અમારા બંગલા પરથી જે રસ્તો નવરંગપુરા અને કૉલેજો તરફ જતો હતો તેની પાકી સડક કરવાનું કામ ચાલતું હતું ત્યારે મહારાષ્ટ્ર સોસાયટીમાંના અમારા બંગલા આગળથી જતા એ રસ્તાની આગળ પાછળની લગભગ દોઢ બે ફર્લાંગ જેટલી સડક દાદાસાહેબે કાચી જ રખાવી હતી. પોતે મ્યુનિસિપાલિટીમાં હતા ત્યાં સુધી એમણે આવો પ્રતિબંધ સ્વેચ્છાએ મુકાવેલો. જાહેર કાર્યકરનું ચારિત્ર્ય શુદ્ધ હોય એટલું પૂરતું નથી, પણ પ્રજા-નજરમાં એ શુદ્ધ દેખાતું રહેવું જોઈએ. મારા પિતાના એક નજીકના સગા મ્યુનિસિપાલિટીમાં એંજિનિયર તરીકે નિમાવા માટે પહેલા ક્રમાંકે સુપાત્ર ગણાયા હતા, પણ એ નિમણૂક દાદાસાહેબે થવા દીધી નહોતી. આવા તો અનેક દાખલા આપી શકાય જેમાં દાદાસાહેબે સભાનતાથી અને ઉચિત રીતે 'Ceasar's wife must be above suspicion' એ ન્યાયે હરહંમેશ શંકાથી પર રહેવાનું સુચરિત આચરણ કરેલું.

શિક્ષણના ક્ષેત્રમાં દાદાસાહેબને પહેલેથી જ ઉત્કટ રસ હતો. એમની ઇચ્છા તો ડૉક્ટર અગર શિક્ષક બનવાની હતી, પણ વિધિએ એમને વકીલાતના વ્યવસાય તરફ વાળ્યા. આમ છતાં, પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં દાદાસાહેબે આજન્મ ઊંડો રસ દાખવીને વિવિધ પ્રકારની શૈક્ષણિક સેવાઓ આપી. સાચા અને સારા શિક્ષણ વિના પ્રજાનો અને દેશનો આરો નથી એમ તેમની દૃઢ શ્રદ્ધા હતી. અનેક ગરીબ વિદ્યાર્થીઓને તેમણે આર્થિક મદદ આપેલી એટલું જ નહિ પણ હોંશિયાર વિદ્યાર્થીઓને, તથા સગાંસંબંધીઓમાં જે આશાસ્પદ યુવાનો હોય તેમને, ખાસ પોતાને ઘેર પણ રાખ્યા હતા અને પોતાના પુત્રોની જેમ તેમની સાથે પ્રેમભર્યો વર્તાવ કર્યો હતો. આવા વિદ્યાર્થીઓના રહેવા-કરવાનો, જમવાનો ખર્ચ તથા પુસ્તકો અને શિક્ષણ ફી, વગેરેની રકમો પણ દાદાસાહેબ આપતા. વધારામાં, અઠવાડિયામાંના એક નિયત દિવસે કેટલાક વિદ્યાર્થીઓ બે ટંક ભોજન માટે નિયમિત આવતા. કુટુંબનાં અને પરિચિત એવાં અનેક લાયક પણ આર્થિક રીતે ગરીબ ભાઈબહેનોને નાણાંકીય મદદ દાદાસાહેબ તરફથી વખતોવખત મળતી, અને ગુપ્તદાનનાં ઝરણાંરૂપે આ બધું વહેતું. પોતાનો ડાબો હાથ જે આપે તે પોતાના જમણા હાથને ખબર ન પડે એવી એમની દૃષ્ટિ અને રીતિનીતિ હતી. ગુજરાત અને મહારાષ્ટ્રમાંની અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓને દાદા-સાહેબે પોતે અથવા અન્ય પાસેથી ઉઘરાવીને અઢળક નાણાંકીય મદદ કરેલી. આવી સહાય વિષે એમણે પોતે થઈને ક્યાંય કોઈ ડંકા વગાડ્યા નહોતા. મહારાષ્ટ્રના તેમ ગુજરાતના કેટલાક વ્યાસંગી વિદ્વાનોને એમણે આર્થિક ટેકો આપેલો. વળી, એક અનાથ કુટુંબને તેઓ વર્ષો સુધી દર મહિને ૫૦ રૂપિયાની મદદ મોકલતા હતા. કોંકણમાં, ખાસ કરીને રાજાપુર અને દેવરુખમાંની હાઈસ્કૂલોને, એમણે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. માવળંકર કુળનું દેવસ્થાન માવળંગે ગામમાં છે ત્યાં 'કુલદૈવત' શ્રી લક્ષ્મી-નૃસિંહના મંદિરના જીર્ણોદ્ધારના કામ માટે, તથા માવળંકર-સરદેસાઈ કુળના ઇતિહાસ-ગ્રંથોના પ્રકાશન-કાર્યમાં, દાદાસાહેબે સારી એવી રકમનો ફાળો આપેલો. જે પૈસા દાદાસાહેબ આપબળે અને બુદ્ધિથી કમાયા તે રકમ કુટુંબનિર્વાહ ઉપરાંત વિવિધ જાહેર કાર્યોમાં ખર્ચતા રહેવાનું એમનું વલણ પહેલેથી જ રહેલું. સમાજોન્મુખ બનીને સતત જીવન ગુજારવાનો એમણે આપેલો આ વારસો અમે સહુ સંતાનો જાળવીએ અને વધારીએ એવું એમણે હમેશાં ઇચ્છેલું અને વખતોવખત અમને કહેલું.

લોક-કલ્યાણનાં વિધવિધ સેવા-ક્ષેત્રોમાં દાદાસાહેબને ભારે દિલચસ્પી હતી. છેલ્લાં વર્ષોમાં તો તેઓ વારંવાર કહેતા કે રાજકીય અને પાર્લમેન્ટરી જીવન કરતાં સ્થાનિક સ્વરાજ્યના તથા ગ્રામ-સુધાર અને ગ્રામ-પુનર્રચનાનાં કામોમાં લગાતાર મંડ્યા રહેવાની મને વધારે હોંશ છે. ગાંધીજીએ ચીંધેલાં રચનાત્મક કાર્યોમાં મારા પિતાને અપાર

શ્રદ્ધા હતી, અને એ દિશામાં પોતાનાથી જે કાંઈ થઈ શકે તે કરવાનો બનતો પ્રયાસ એમણે કર્યે રાખેલો. કસ્તુરબા અને ગાંધી સ્મારક ફંડોનાં કામો અંગે તેઓ અવાર-નવાર દેશના વિવિધ ભાગોમાં લાંબા પ્રવાસે જતા. પાર્લમેન્ટની બેઠક જ્યારે ચાલુ ન હોય ત્યારે દાદાસાહેબ અચૂક આ કે તે કોઈ પ્રદેશમાં આવાં રચનાત્મક કાર્યોને વેગ આપવાને વાસ્તે પ્રવાસમાં હોય જ! એમની ઇચ્છા તો અમદાવાદ પાસે એક નાના ગામડામાં નાનકડા ઘરમાં રહીને ચિંતન-વાચન–લેખનમાં શેષ જીવન ગાળવાની હતી. હિંદુસ્તાન ગામડાંમાં વસે છે અને છતાં પોતે લગભગ આખો જન્મારો એક એકથી વધુ મોટાં શહેરોમાં જાહેર કારકિર્દી અંગેની જવાબદારીઓ માટે રહેતા થયા એનો એમને વસવસો હતો. ગામડાંમાંની પ્રજાને જાણવાનો તથા એમના પ્રશ્નો સમજવાનો દાદાસાહેબનો સતત પ્રામાણિક પ્રયત્ન રહેતો. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૫૬માં, તેઓ આંધ્ર પ્રદેશના પ્રવાસે ગયા હતા ત્યારે, એક સ્થળે અખબારી મુલાકાતમાં પોતાની ઇચ્છા તેમણે સ્પષ્ટપણે જાહેર કરેલી કે, "આવતી સામાન્ય ચૂંટણીમાં (સને ૧૯૫૭) હું ઉમેદવારી કરવાનો નથી. ઈશ્વરે જે કોઈ થોડાં વર્ષો મારે માટે હજી રાખ્યાં હોય તેનો પૂરેપૂરો ઉપયોગ રચનાત્મક અને શૈક્ષણિક કામોમાં કરવાની એકમાત્ર ઇચ્છા હવે રહી છે. રાજકારણ અને પાર્લમેન્ટરી જીવનમાં મારાથી બનતો ફાળો આજ સુધી મેં આપ્યો છે, અને હું આશા રાખું છું કે અગત્યની કેટલીક બાબતોમાં મારે હાથે નોંધપાત્ર પહેલ થઈ છે અને તંદુરસ્ત પ્રણાલિકાઓ પડી છે. પણ હવે ગામડાંઓમાં અને ગ્રામજીવનને સમૃદ્ધ કરીને એ રીતે નવભારત નિર્માણ કરવામાં મારું બધું ધ્યાન પરોવવા માગું છું."

પરંતુ, વિધિની કરણી કોણ ક્યારે ય કળી શકે છે? પામી ફેબ્રુઆરીએ (૧૯૫૬ની સાલમાં), પશ્ચિમ અને દક્ષિણ ભારતના લાંબા પ્રવાસેથી દાદાસાહેબ અમદાવાદ ઘેર પાછા આવ્યા તે હળવા હૃદયરોગ સાથે જ! ૯મી ફેબ્રુઆરીએ રીતસરનો હૃદયરોગનો હુમલો થયો. અગાઉ, ૧૯૫૨ની સાલમાં, નવી દિલ્હીમાં તેઓ પહેલવહેલી વાર હૃદયરોગની બીમારીમાં સપડાયા ત્યારથી મારા પિતાની તબિયત લથડવાની શરૂઆત થઈ હતી. મધુમેહ (ડાયાબિટિસ)ને કારણે એમનું શરીર વધારે ભાંગેલું હતું, તેમ છતાં દાદાસાહેબની જીજીવિષા પ્રબળ હતી, અને હજી ઘણાં બધાં અધૂરાં રહેલાં લોકસેવાનાં કાર્યો તથા લેખન વાચન આદિની યોજનાઓ પૂરી કરવાનાં અરમાનો તેમના મનમાં રમી રહ્યાં હતાં. તેથી જ, સને ૧૯૫૨ થી સને ૧૯૫૬ એમ લગભગ ચાર વર્ષ, આત્મિક શક્તિ વડે પોતાનો જીવન-દોર તેઓ લંબાવી શક્યા હશે. પરંતુ, ફેબ્રુઆરીમાંના આ હુમલાએ કાળના ક્રૂર ટકોરા બારણે વાગતા શરૂ કરી દીધેલા! ૧૯મી ફેબ્રુઆરીએ તેમના પર ફરી હૃદયરોગનો હુમલો થયો, અને બે દિવસ તો એમની સ્થિતિ કટોકટીભરી રહી. પણ, ફરી પાછાં આશાનાં ઝાંખાં કિરણો દાકતરોને દેખાવા લાગ્યાં. ૨૬મી ફેબ્રુ-

આરીએ મોડી રાત્રે નિષ્ણાત દાક્તરોની પૅનલે એવું બુલેટિન બહાર પાડ્યું કે સ્પીકર માવળંકરની તબિયત હવે, અત્યંત ધીમે ધીમે પણ નિશ્ચિતપણે, સુધારા તરફ વળી રહી છે અને તેથી રોજનું મેડિકલ બુલેટિન પ્રગટ કરવાનું અમે બંધ કરીએ છીએ. ત્યાં જ, બીજે દિવસે, ૨૭મી ફેબ્રુઆરીએ પરોઢિયે, આખું ચિત્ર અચાનક પલટાઈ ગયું, અને મારા પિતા પર તે ક્ષણોએ ત્રાટકેલો હૃદયરોગનો ત્રીજો હુમલો જીવલેણ નીવડ્યો! સવારે ૭–૫૦ વાગ્યે દાદાસાહેબની આંખો કાયમ માટે મીંચાઈ—એક પ્રસન્ન-ગંભીર, ઉદાત્ત અને ગૌરવવંતુ જીવન અનંત કાળમાં વિલીન થયું! બરાબર એ જ વખતે અમદાવાદમાં આકાશ વાદળાંથી છવાઈ ગયેલું, અને જોતજોતાંમાં વરસાદ વરસવા લાગ્યો, વીજળીના ઝબકારા થવા લાગ્યા, મેઘ-ગર્જના થતી રહી! જાણે, આકાશમાંથી દેવોએ પણ દાદાસાહેબની ચિરવિદાય પર આક્રંદ કર્યું અને અશ્રુભરી અંજલિ અર્પી.

નિમિષમાત્રમાં, દુ:ખદ સમાચાર આખા શહેરમાં ફરી વળ્યા. આકાશવાણીએ એના રોજિંદા કાર્યક્રમો થંભાવીને આ શોકવાર્તા પ્રસારિત કરી. 'સેવા કુટીર'માં દાદાસાહેબના પાર્થિવ દેહને આખરી વંદના કરવા મિત્રો-મુરબ્બીઓ અને નગરજનો ઉમટવા લાગ્યાં. વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ નવી દિલ્હીથી તરત ટેલિફોન જોડીને ભારે હૈયે સાંત્વનના શબ્દો કહ્યા, અને, મારાં બા તથા અમને ભાઈઓને અને સહુ કુટુંબીજનોને દિલાસો આપ્યો. પાર્લમેન્ટમાં દાદાસાહેબને ઉષ્માભરી અંજલિ અપાયા બાદ વડા પ્રધાન નેહરુ અને ડેપ્યુટી સ્પીકર શ્રી અનંતશયનમ્ આય્યંગાર તથા બીજાઓ અમદાવાદ આવશે અને સ્મશાનયાત્રામાં ભલે અધવચથી પણ જોડાશે એવી વાત હતી, પણ તેઓ કેમ ન આવી શક્યા એ બધી બાબતોમાં ઊતરવાનો શો અર્થ? અને, મારા પિતાના સમૃદ્ધ ચારિત્ર્યશીલ વારસાને એથી શી આંચ આવવાની? પંડિત નેહરુનું હૃદય તો સ્વચ્છ સ્ફટિક જેવું પારદર્શક અને સહૃદયતાભર્યું હતું. પણ દાદાસાહેબના જીવતાં જેમણે એમની ગૌરવશાળી અને ઉત્તરોત્તર વધતી જતી કીર્તિ તથા લોકપ્રિયતાની અકારણ ઈર્ષા-અદેખાઈ કર્યા કરી એવા કેટલાક કાર્યકરો–નેતાઓ પાસેથી કશું ય ગૌરવવંતું અપેક્ષિત શું હોય? આવા કેટલાકોએ તો સ્મશાનયાત્રા દરમિયાન, અને અગ્નિસંસ્કાર પહેલાં જ, પોતાની હીન વૃત્તિ પ્રદર્શિત કરી હતી, એટલે પાછળથી પણ તેઓ એમનું હીણું માનસ દર્શાવ્યા કરે એમાં શી નવાઈ?

પરંતુ, જનતા જનાર્દને તો પ્રેમ-કૃતજ્ઞતાભરી અખંડ અશ્રુવર્ષાથી દાદાસાહેબને અનેરી આદરાંજલિ અર્પી! અમદાવાદમાં તે દિવસે દાદાસાહેબની અંત્યયાત્રા આખા શહેરમાં છ સાત માઈલનું અંતર કાપીને પછી સાબરમતીના ઓવારે પહોંચવાની હતી. બધા રસ્તાઓ પર બન્ને તરફ, અને ચોતરફ મકાનોમાં તથા અન્ય સ્થળે, હજારો ભાઈ-બહેનોની ભીડ જામી હતી. સહુ શહેરીઓ અને પ્રજાજનો પોતાના આ આદરણીય

અને અગ્રણી નાગરિકને અંતિમ વિદાયમાન આપવાને અધીરા હતા, પણ ટૂંકી દૃષ્ટિવાળાઓએ અચાનક જ અંત્યયાત્રાનો એ આખો રસ્તો ટૂંકાવી નાખ્યો ! રખે ને મૃત્યુ પછી પણ દાદાસાહેબને વધારે માન મળી જાય ! હકીકતમાં તો, દાદાસાહેબને રાજ્ય તરફથી ગંભીરતાપૂર્વક અંતિમ માન મળવું જોઈતું હતું, કારણ કે સ્પીકરપદે તેઓ હતા તે દરમિયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું. અગ્રણી નાગરિકોની ભારત સરકારની યાદીના ક્રમમાં (order of precedence) લોકસભાના સ્પીકરનું સ્થાન ઠીક ઠીક મોખરે, પાંચમું, આવતું હતું — રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન અને માજી રાષ્ટ્રપ્રમુખ પછી લોકસભાના અધ્યક્ષ તથા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્ને એકસરખા પાંચમા ક્રમાંકે મૂકાયા હતા. પરંતુ, એ મુજબ રાજ્ય તરફથી આપવું જોઈતું સત્તાવાર અંતિમ માન (State Funeral) દાદાસાહેબને અપાયું નહોતું. અલબત્ત, વિશાળ જનસમુદાયે તો સ્વયંસ્ફૂર્તિથી અને સંપૂર્ણ માનપૂર્વક તેમના 'સ્પીકર' પ્રત્યે ભક્તિભાવ પ્રગટ કરીને કૃતાર્થતા અનુભવી હતી જ. સોમવાર, તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬ની સમી સાંજે, સમર્ષિના ઓવારે, દાદાસાહેબના પાર્થિવ દેહને મારા સૌથી મોટા ભાઈ બાળાસાહેબે (બાળકૃષ્ણભાઈ) જ્યારે અગ્નિસંસ્કાર આપ્યા ત્યારે સ્મશાનગૃહ પર એકત્ર થયેલી સહેજે પચાસ સાઠ હજારની જનમેદનીએ સજળ નયને પોતાના વહાલસોયા અગ્રણી વડીલને તથા અમદાવાદ-ગુજરાત-ભારતના આ વ્યક્તિવિશેષને ભાવપૂર્વક અંજલિ અર્પી. સ્મશાનભૂમિ પર ઘણી મોટી સંખ્યામાં ઊમટેલી બહેનોએ એકધારાં આંસુ સાર્યાં અને અપાર શોક વ્યક્ત કર્યો. સ્મશાનયાત્રા સમર્ષિ પર પહોંચવા આવી ત્યાં જ મોતીજી ઝીણાજી એમના ગામથી તરત અમદાવાદ દોડી આવેલા, તે દાદાસાહેબનાં અંત્યદર્શન કરતાં બેબાકળા બની ગયા અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. મોતીજી અગાઉ બહારવટિયા હતા અને ૫૫-૬૦ વર્ષની એમની લાંબી જેલ-સજા દાદાસાહેબના પ્રયત્નોથી ઘટી હતી અને પછી માફ થઈ હતી. મોતીજીની માનવતા સદ્‌ગત મેઘાણીભાઈએ 'માણસાઈના દીવા'માં તથા ખુદ દાદાસાહેબે 'માનવતાનાં ઝરણાં'માં આબાદ વ્યક્ત કરી છે. એ માનવતાનો આ આક્રંદ હતો ! મારી મનઃસ્થિતિની વાત શું કરું ? મારા પિતાના જાહેર જીવનનાં છેલ્લાં વર્ષોમાં હું એમની નિકટ સવિશેષ આવ્યો હતો અને મૂલ્યનિષ્ઠ જાહેર જીવનનાં ધોરણો કેવાં હોવાં જોઈએ એના પાઠ શીખવા લાગ્યો હતો ત્યાં જ એકદમ બધે અંધારું છવાઈ જતું લાગ્યું. સ્વભાવે હું કંઈક વિશેષ સંવેદનશીલ પણ ખરો; પિતાને આખરી વંદના કરતાં જ હું ઢળી પડ્યો, અને બેભાન જેવો બન્યો કે તરત મિત્રો-મુરબ્બીઓ મને, સાંત્વન-હૂંફ આપીને, ઘેર પાછો લઈ ગયા.

૬૭ વર્ષ અને ૩ માસ દાદાસાહેબ જીવ્યા. એમની અનેકવિધ અને અસાધારણ સેવાઓની સુવાસ અમને સહુને પેઢીઓ સુધી પ્રેરણા અને માર્ગદર્શન આપતી

રહેશે ! મારા પિતાની ગંભીર માંદગી ત્રણેક અઠવાડિયાં ચાલુ રહેલી, અને તે દરમિયાન રોજ છાપાંઓમાં તથા આકાશવાણી પરનાં સવાર-સાંજનાં સમાચાર-પત્રોમાં દાદાસાહેબની ચિંતાજનક તબિયત વિષેના અહેવાલો આવતા હતા. તેમ છતાં, આખરી વિદાય તો એમણે ઓચિંતી જ લીધી. સાચે જ, હૃદયરોગનું દર્દ ઘણી વાર દગારૂં નીવડે છે. દાદાસાહેબના શોકજનક અવસાનના સમાચાર રેડિયો પરથી અને અખબારોના ખાસ વધારાઓ, વગેરે મારફત દેશભરમાં ફરી વળ્યા. ભારે શોક અને આઘાતની લાગણી સર્વત્ર વ્યાપી. રાજધાનીમાં લોકસભાએ એના 'મિત્ર, મદદગાર, માર્ગદર્શક'ને હૃદયસ્પર્શી અંજલિ આપી. વડા પ્રધાન પંડિત નેહરુએ વ્યથિત હૈયે સ્પીકર માવળંકરને ઉષ્માભરી શ્રદ્ધાંજલિ અર્પી, અને દાદાસાહેબને 'લોકસભાના પિતા' વર્ણવ્યા :

"લોકસભાના તેઓ પ્રથમ અધ્યક્ષ હતા, આપણે એમ કહી શકીએ કે, 'લોકસભાના પિતા' હતા; અને મને ખાતરી છે કે, સંસદને આકાર આપનાર, તેને દિશા ચીંધનાર અને પોતાના વ્યક્તિત્વની છાપ તથા મુદ્રા તેના પર અંકિત કરનાર વ્યક્તિ તરીકે એમનું નામ લોકસભા અને આપણી સંસદ સાથે લાંબા સમય સુધી જોડાયેલું રહેશે. આપણને સહુને એનાથી લાભ થયો છે; આપણે સહુ એ વડે અમુક અંશે ઘડાયા છીએ; આપણે બધા એને કારણે કંઈક વધુ સારા બન્યા છીએ. કોઈ એક વ્યક્તિએ એની સાથેના અન્ય સહુના સંપર્કને કારણે એમને બધાને ઘડ્યાં છે, એ સહુ પર પોતાની અસર પાડી છે, એમને સહુને સુધાર્યા છે, એવું કહી શકાય એ બહુ મોટી વાત છે."

પાર્લમેન્ટ સાથે દાદાસાહેબનું તાદાત્મ્ય કેવું સંપૂર્ણ હતું એ વિશે વાત કરતાં પંડિત નેહરુએ કહ્યું:

"એમના વિના આ સંસદની કલ્પના આપણે ભાગ્યે જ કરી શકીએ ! તેઓ એના અવિભાજ્ય અંગરૂપ હતા, આપણને સહુને જોડનાર કડીરૂપ હતા. એટલે, એમની ચિરવિદાય, સ્વાભાવિક જ, અંગત શોકની લાગણીથી સભર હોવા ઉપરાંત એક પરંપરાને, અહીં વિકસેલી આખી સંસ્થાને, વિચ્છિન્ન કરે છે."

અલબત્ત, લોકશાહીમાં કોઈ વ્યક્તિ અનિવાર્ય નથી, નાના કે મોટા માણસો સહુ આવે છે ને જાય છે, પણ દેશ ને દુનિયા તો ચાલુ જ રહે છે, અને સમય નિરંતર વહેતો રહે છે. તેમ છતાં, પંડિતજીએ કહ્યું તેમ :

"જો કોઈ એક વ્યક્તિ આ સંસદ સાથે એકરૂપ થઈ હોય કે એના કામકાજ સાથે તે લગભગ ઓતપ્રોત બની હોય, તો તે શ્રી માવળંકર છે, અને એમના જવાથી હાલ તુરત તો આ લોકસભા જાણે માથા વિનાના ધડ જેવી હાલતમાં મુકાઈ ગઈ છે, અને એને લીધે જે ખોટ પડી છે તે પૂરવી અત્યંત મુશ્કેલ છે."

પાર્લમેન્ટના ઉપલા ગૃહમાં — રાજ્યસભામાં — ગૃહ પ્રધાન પંડિત ગોવિંદ વલ્લભ પંતે દાદાસાહેબને 'એક સાચા મહાન સજ્જન' વર્ણવ્યા, અને કહ્યું:

"તેઓ ખરેખર મહાન પુરૂષ અને વિશુદ્ધ આત્મા હતા. સમાજમાંના ગરજવાન, દુઃખિયા અને કચડાયેલા લોકોને રાહત તથા શાતા આપવા સારૂ તેમણે, પોતાની તબિયતને જોખમે, નિઃસ્વાર્થપણે અને અવિચલપણે પરિશ્રમ કર્યો, ને એ રીતે જનતાના નેતા તરીકે પંકાયા. જાતને ઘસી નાખવામાં તેઓ કદી પાછા ના પડયા. ગાંધીજીના તેઓ સાચા શિષ્ય હતા. એમના જવાથી શ્રેષ્ઠ અને અતિ ઉમદા માણસોમાંના એક ચાલ્યા ગયા છે, અને દેશને એથી કયારેય દુરસ્ત ન કરી શકાય એવી ભારે ખોટ પડી છે. તેઓ અત્યંત સુસંસ્કૃત સજ્જન હતા, અને જે કોઈને પણ મદદની જરૂર હતી તેમની એમણે સેવા કર્યે રાખી, અને જેમની તરફ સામાન્યતઃ કોઈ ધ્યાન ન આપે એવા લોકોની સાથે એમણે મિત્રતા બાંધી. તેઓ સો ટચ સ્વચ્છ રત્ન સમાન હતા, અને જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં તેમણે રોશની, ભલાઈ, ચોખ્ખાઈ અને પવિત્રતા પ્રગટાવી અને પ્રસારી. એકે એક પદ એમણે ગૌરવભેર શોભાવ્યું. સ્પીકર તરીકે તેઓ સર્વોત્તમ હતા."

પંતજીની પ્રેમાદરપૂર્વકની આ અંજલિમાં છેલ્લે એમણે જણાવ્યું :

"શ્રી માવળંકરનું જીવન-દૃષ્ટાંત આપણા ઈતિહાસની સાલવારીના પાને હંમેશ જીવંત રહેશે; અને, જે લોકો નિજી માર્ગદર્શન વાસ્તે, તથા નિઃસ્વાર્થ સેવાને કાર્યાન્વિત બનાવવાનાં સાચાં ધોરણો અને સિદ્ધાંતો શીખવા માટે, ઉત્કટ વિશ્વાસપૂર્વક, જે મહાપુરુષના દાખલાને સતત નજર સમક્ષ રાખી શકે એવા હર કોઈને સદાને માટે પ્રેરણા આપતું રહેશે."

ભારત સરકારે સત્તાવાર નિયતકાલિક (The Gazette of India)નો ખાસ વધારો કાળી પટી સાથે પ્રગટ કર્યો. દેશભરમાંથી અને રાષ્ટ્રકુટુંબ (Commonwealth of Nations) તેમ જ દુનિયાના અન્ય દેશોમાંથી પણ અંજલિઓ અને શોક-પ્રસ્તાવોનો ધોધ અઠવાડિયાંઓ સુધી વહેતો રહ્યો.

અમદાવાદ તથા ગુજરાત-મહારાષ્ટ્રની જનતાએ, સવિશેષપણે, પોતાના વડીલ સ્વજનને ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું. વડોદરા દાદાસાહેબની જન્મભૂમિ હતી, તો અમદાવાદ એમની કર્મભૂમિ હતી. લાગલગાટ લગભગ ૪૫ વર્ષ સુધી એમણે અમદાવાદના જાહેર જીવનમાં એક અગ્રણી નાગરિક અને સમાજસેવક તરીકે વિશિષ્ટ ભાત પાડી હતી. મહારાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરામાં પણ તેઓ પૂરા તરબોળ હતા. પણ, કમનસીબી એ કે દાદાસાહેબની ચિરવિદાય પછી આ બન્ને પ્રદેશોમાંના કેટલાક નેતાઓએ અને સર્વોચ્ચોએ, અને કયાંક કયાંક કોઈ વિકૃત માણસોએ પણ, દાદાસાહેબનાં નામ અને કામની

જાણે અવગણના કરવાનું બીડું ઝડપ્યું હોય તે રીતનો અણછાજતો આચાર આરંભ્યો. અતિરેકભર્યા અને પૂરેપૂરા અસત્યમય અહેવાલો માનવા-મનાવવામાં આ બધા કહેવાતા મોટેરાઓ રાચવા લાગ્યા, પણ એમ કરીને એમણે તો વાસ્તવમાં પોતાની જ ખરેખરી પ્રકૃતિ અને પ્રતિમા પ્રદર્શિત કરી ! આવા લોકોની એવી હીન અને હિણપતભરી વાતો-અફવાઓનો શો રદિયો આપવાનો હોય ? અને, એવી જરૂર પણ શી હતી કે છે ? અસત્ય અને સ્વાર્થ અને પ્રપંચને ઢાંકવા પડે છે, પણ સત્યને કોઈ આવરણની ક્યારે ય જરૂર રહેતી નથી ! મારા પિતાને કેવો અને કેટલો વારસો મળેલો, તથા એમણે પોતે એ વારસો કેવી રીતે ખંતપૂર્વક અને ખમીર વડે વધાર્યો, એ બધું ખુલ્લું અને સ્પષ્ટ છે. ધનનો સંગ્રહ અને ભૌતિક સુખસગવડો તથા એશઆરામની રહેણીકરણી અમારા પૂર્વજોએ અને મારા પિતાએ કોઈ દિવસ કીમતી કે અગત્યનાં ગણ્યાં નહોતાં; પોતાનાથી બને તેટલું શુદ્ધ આચરણ રાખીને સતત સેવામય અને સત્યમય જીવન ગુજારવા માટેનો એમનો સહુનો પુરુષાર્થ રહ્યો હતો. પ્રભુ–કૃપાથી, અને પૂર્વજોના આશીર્વાદથી, અમે સહુ, તથા કુટુંબની આગામી પેઢીઓ, સત્ય-સેવા-ચારિત્ર્યના આવા અપ્રતિમ વારસાનું જતન અને સંવર્ધન કરતાં રહીએ !

દાદાસાહેબની હયાતીમાં એમની ઈર્ષા-અદેખાઈ તથા વિરોધ જેમણે કર્યા તેમની પાસેથી દાદાસાહેબના કાયમી સ્મારકની કઈ રીતે અપેક્ષા રાખી શકાય ? ગુજરાતમાંના પદધારી અને સત્તાધારી કૉંગ્રેસીઓનાં વર્તુળોમાં તો વર્ષોથી વ્યવસ્થિત રીતે દાદાસાહેબની પ્રતિભાને અવગણવાના પ્રયત્નો થયા હતા ! પણ, મારા પિતાએ આવા કોઈ વિરોધની ઝાઝી દરકાર કરી નહોતી. આવી ટીકાઓથી એમનું હૈયું જરૂર વ્યથિત થતું, પણ જે કાંઈ વાસ્તવિકતા હતી તેનો સામનો તેમણે કર્યે જ છૂટકો હતો. દાદાસાહેબે હંમેશ સ્વમાનથી અને સ્વતંત્રતા વડે વાણી-વર્તાવ કર્યાં, અને એવો વર્તાવ જ આ બધા કહેવાતા સર્વોચ્ચોને હંમેશ કઠતો હતો. ગુજરાતની, બલ્કે ભારતની, પ્રજાનું દિલ પોતાને પક્ષે છે એવો દૃઢ વિશ્વાસ દાદાસાહેબને હતો, અને એ કારણે તેઓ આ પ્રકારની અનુદાર ટીકાઓના ઘા સહી શકતા હતા; અને, પોતાના જીવનમાં કડવાશ કે વેરઝેર ન પ્રવેશે તે માટે તેમણે સતત સભાન રહીને સ્વસ્થતાથી જીવન જીવવાની પૂરેપૂરી કોશિષ કરી હતી.

ગુજરાતમાં જ્યારે પહેલવહેલી વાર પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૧૯૨૧ની સાલમાં સ્થપાઈ ત્યારે એના પ્રમુખપદે સરદારશ્રી વલ્લભભાઈ પટેલ હતા અને એનું મંત્રીપદ વર્ષો સુધી દાદાસાહેબે સંભાળ્યું હતું. અમદાવાદમાં ભદ્રમાં આવેલ કૉંગ્રેસ હાઉસ (જે હવે 'સરદાર કૉંગ્રેસ ભવન' નામે ઓળખાય છે, અને 'જનતા પાર્ટી,' ગુજરાતનું મથક છે.)

આજે જ્યાં છે ત્યાંની જમીન અને એ પરની ઇમારત, વગેરે મેળવવા-રચવામાં દાદાસાહેબે સક્રિય ભાગ ભજવેલો. છેક સુધી તેઓ વ્યાપક અર્થમાં કૉંગ્રેસી રહેલા, જો કે પાછળનાં વર્ષોમાં સ્પીકર તરીકે તેમણે રાજકીય અને વિવાદાસ્પદ પ્રશ્નો પરત્વે એકંદરે મૌન જાળવેલું. એમાં અપવાદ એ કે જે બાબતો મારા પિતાને મૂળભૂત સિદ્ધાંતની લાગતી અને જેને વિષે એમના અંતરાત્માનો અવાજ સ્પષ્ટ નિર્દેશ અને સૂચન કરતો તે વિષે તેઓ નિખાલસપણે અને પરિણામોની ફિકર રાખ્યા વિના વાતચીત અને ટીકા ને ટિપ્પણી કરતા. સ્પીકરનો તેમ જ ન્યાયાધીશનો, બલ્કે જાહેર જીવનમાંના દરેક સન્નિષ્ઠ કાર્યકરનો, એક મોટો ગુણ એ હોવો જોઈએ કે એણે જાહેર પ્રશ્નો વિશે વિવેચન કરતી વખતે કોઈની પણ શેહ કે શરમમાં તણાવું જોઈએ નહિ. દાદાસાહેબે આ વાત બરાબર ધ્યાનમાં રાખેલી. લોકસભા સચિવાલયના મુખ્ય સચિવ શ્રી એમ. એન. કૌલને તેમણે આ જ સલાહ આપેલી. સંસદનું સચિવાલય સરકારી તંત્રથી અલગ અને સ્વતંત્ર રહેવું જોઈએ, અને એનું નેતૃત્વ સ્પીકર કરે, એ વ્યવસ્થા પાર્લમેન્ટરી પદ્ધતિ માટે મૂળભૂત મહત્ત્વ ધરાવે છે. આપણા નૂતન રાષ્ટ્રના બંધારણમાં એની જોગવાઈ દાદાસાહેબની પહેલ અને ચીવટને પરિણામે કરાઈ. પોતાના અવસાનના થોડા સમય પહેલાં દાદાસાહેબે એક વાર શ્રી કૌલને ખાસ બોલાવીને કહેલું કે, "આ લોકસભા સચિવાલયની અંદર જેઓ કામ કરે છે તેમણે **કોઈની પણ શેહ કે શરમમાં તણાયા વગર** કામ કરતા રહેવું એ સૌથી વધારે અગત્યની બાબત છે."

આમાંના ચાવીરૂપ શબ્દોને દાદાસાહેબે પોતે હંમેશ યાદ રાખેલા, અને એ પ્રમાણે તેમણે આચાર-વિચાર અને લેખન-ચિંતન કર્યાં હતાં. તેથી, સત્તાવર્તુળોમાં તેઓ અનેક વાર અપ્રિય પણ થતા રહ્યા. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિનું મુખપત્ર 'કૉંગ્રેસ પત્રિકા' તે વખતે પાક્ષિક હતું; પાછળથી વર્ષો સુધી તે સાપ્તાહિક તરીકે રહ્યું અને હાલમાં એ બંધ છે. દાદાસાહેબના અવસાનના બાર દિવસે, તા. ૧૦ માર્ચ ૧૯૫૬ને રોજ 'કૉંગ્રેસ પત્રિકા'નો જે નવો અંક (વર્ષ–૯, અંક ૪–૫) બહાર પડ્યો તેમાં આ કૉંગ્રેસી સર્વોચ્ચોની મનોદશા વ્યક્ત થઈ. તેમણે ઉગલા પાના પર છેક નીચે, બે જાડી કાળી પટીમાં, ફક્ત અઢી લીટીની નોંધ દાદાસાહેબ માટે આ પ્રમાણે પ્રસિદ્ધ કરી: "ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ મંત્રી, લોકસભાના સ્પીકર અને આગેવાન કૉંગ્રેસી શ્રી ગણેશ વાસુદેવ માવલંકરના દુઃખદ અવસાનની અમે નોંધ લઈએ છીએ અને સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ." તે જમાનાના ય કૉંગ્રેસીઓ કેવા વામણા અને નગુણા હતા તેનો આ કેવો વિચિત્ર પુરાવો! દાદાસાહેબનો ફોટો, એમનો જીવન-પરિચય, તંત્રી-લેખ દ્વારા શ્રદ્ધાંજલિ, અન્ય આગેવાનોની આદરાંજલિ, વગેરે કશું જ એ અંકમાં કે પછીના અંકોમાં ન

છપાયું ! અખિલ ભારતીય કીર્તિના એક ટોચના સમાજસેવક, અને વિદેશોમાં પણ વિખ્યાત એવા રાષ્ટ્રના કુશળ સાંસદ, તથા સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ અને પ્રતિભાશાળી સ્પીકરના ૪૫ વર્ષના ગૌરવભર્યા જાહેર જીવન પરની આવી અઢી લીટીની ઉપરછલ્લી નોંધ વિષે, અને એમાંથી પ્રગટતી મનોવૃત્તિ પર, વધારે ટિપ્પણની કશી જરૂર નથી.

દાદાસાહેબનું કોઈ સ્મારક આ લોકોએ અમદાવાદમાં કે ગુજરાતમાં કર્યું હોત તો ઊલટું નવાઈ પામવા જેવું થાત ! એક હોંશિયારી જો કે એમણે બતાવી. ઑગસ્ટ ૧૯૫૬માં શરૂ થયેલી મહાગુજરાત ચળવળ વખતના રાજકીય ઝંઝાવાત પછી તરત આવી રહેલી ૧૯૫૭ની સાલની અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં ગુજરાત કૉંગ્રેસ પોતાની સત્તા ગુમાવશે એવો ખ્યાલ આ સત્તાધારી કૉંગ્રેસીઓને આવી ગયો હતો. લોકમાનસમાં કૉંગ્રેસ સામેનો જુવાળ તે વખતે ધૂધવતા પૂર જેવો હતો. કૉંગ્રેસ હાઉસ આગળ થયેલ ગોઝારા ગોળીબારની જગ્યાએ શહીદ સ્મારક રચવાની વાત વિરોધ પક્ષોએ જોરદારપણે વહેતી કરેલી, અને કૉંગ્રેસ હાઉસ પાસેના ચોકને શહીદ ચોક તથા ચોતરફના રસ્તાને શહીદ માર્ગ કહેવાની વાત પણ ચલાવેલી. એટલે, દાદાસાહેબનું અવસાન થયું (૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬ ને રોજ) એ પછી ઘણા બધા મહિને, સત્તાધારી કૉંગ્રેસ મ્યુનિસિપલ બોર્ડે ઉતાવળમાં ઠરાવ કરીને કૉંગ્રેસ હાઉસ પાસેના ચોક તથા રસ્તાને દાદાસાહેબ માવળંકરનું નામ આપતું પાટિયું લગાડી દીધું !! એક કાંકરે બે પક્ષી માર્યાનો સંતોષ આ લોકોએ અનુભવ્યો — મોડું મોડું પણ દાદાસાહેબનું થોડું સ્મારક જેવું કર્યું કહેવાય, અને દાદાસાહેબ જેવા અગ્રણીનું નામ વિરોધીઓ પણ ભૂંસતાં વિચાર કરે, એટલે એ અંગે રાહતનો દમ ખેંચી શકાય !

જે વાત કૉંગ્રેસની તે જ અન્ય સ્થાપિત હિતોવાળાઓની અને કેટલીક સંસ્થાઓની ! અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના અને તેની પ્રગતિમાં દાદાસાહેબની પહેલ અને યાદગાર સેવાઓ જોતાં અ. એ. સોસાયટીના પ્રાંગણ સાથે દાદાસાહેબનું નામ જોડવું તથા એ સ્થળ પર એમનું એક બાવલું મૂકવું એવી દરખાસ્ત કમમાં કમ એક જાહેર સંસ્થાએ તો ઠરાવ દ્વારા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સંચાલકોને તરત કરી જ હતી. પણ સોસાયટીની કચેરીએ આ બાબતમાં ય, હંમેશની એમની રીતરસમ મુજબ જ, જવાબ આપવાનું કે પહોંચ સરખી લખવાનું સૌજન્ય પણ ન દાખવ્યું ! મ્યુનિસિપલ કૉર્પોરેશનના તે સમયના મેયર અને કમિશ્નરને દરખાસ્ત કરાઈ હતી કે કોઈ બગીચા કે સાંસ્કૃતિક જાહેર સ્થળની સાથે દાદાસાહેબની પુણ્યસ્મૃતિ જોડી શકાય, પરંતુ તેઓ પણ મૂંગા રહ્યા. સર્વોચ્ચોની અને સત્તાધારીઓની ખફામરજી વહોરીને કામ કરનારા અને આગ્રહો રાખનારા કેટલા ?

મારા પિતાનું સાદ્યંત અને સર્વાંગપૂર્ણ જીવનચરિત્ર, એમના અવસાનને ૩૧

વર્ષો ઉપરાંતનો સમય વહી ગયા છતાં, હજી ગુજરાતી ભાષામાં પ્રગટ થયું નથી એ પણ એક રીતે નવાઈ ન પમાડનારી હકીકત કહી શકાય. જે ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ તરીકે દાદાસાહેબે ગુજરાતની સાંસ્કૃતિક, સાહિત્યિક અને શૈક્ષણિક તેમ જ અભ્યાસ-સંશોધનની પ્રવૃત્તિઓ માટે અખૂટ મમતા દાખવી અને અથાગ પરિશ્રમ કર્યો તે વિદ્યાસભાએ પણ આજ લગી આ બાબતમાં નરી નિષ્ક્રિયતા દાખવી છે. દાદાસાહેબના સ્મારક માટે અને એમના ચરિત્રના લેખન–પ્રકાશન માટે કશુંક કરવાના ઔપચારિક પુરાવા રૂપે ગુજરાત વિદ્યાસભાએ એપ્રિલ ૧૯૫૬ થી આજ લગી અવાર નવાર ઠરાવો જ માત્ર કર્યા છે અને સમિતિઓ રચ્યા કરી છે ! પરંતુ, હજી સુધી એ દિશામાં અક્ષરશ: એક પણ ડગલું નક્કર ભરાયું નથી !

મારા પિતાનું સવિસ્તર જીવનચરિત્ર રજૂ કરવાનો આ પ્રયાસ કે પરિશ્રમ નથી; પરંતુ, દાદાસાહેબને એમના પૂર્વજો તરફથી કેવા પ્રકારનો અને કેટલો સમૃદ્ધ વારસો મળેલો તથા એમણે પોતે એ વારસાનું જતન અને સંવર્ધન કેવી નિષ્ઠાથી અને કેટલી કાળજીથી કર્યું એનું કંઈક વિગતવાર બયાન આપવાનો આ પ્રયત્ન છે. તે સાથે જ, આ વારસાને સાચવવાની અને વધારવાની અમારી જવાબદારી કેટલી મોટી અને કપરી છે તે પણ સહજ રીતે આમાંથી ફલિત થાય છે. મારા ભાઈઓ અને હું, બલ્કે અમે સહુ કુટુંબીજનો, આ વારસાને શોભાવીએ એ માટેનું સામર્થ્ય પ્રભુ અમને આપો ! એમ કરવા જતાં કોઈ મોટાં પદો કે પ્રસિદ્ધિ મેળવવાની તાલાવેલી અમને નથી એમ પણ હું પ્રામાણિકપણે અને નમ્રતાથી કહીશ. મારા પિતાનાં પદ-પ્રતિષ્ઠા એટલાં મોટાં હતાં કે એમાં વધારો કરવાનું અમારું ગજું નથી. મને બરાબર યાદ છે, મારાં લગ્ન વખતે (ડિસેમ્બર, ૧૯૪૯) સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે આશીર્વાદ અને અભિનંદનનો અત્યંત પ્રેમાળ પત્ર સ્વહસ્તે લખીને મને પાઠવ્યો હતો, તેમાં પૂજ્ય સરદારશ્રીએ એવી જ મતલબનું લખેલું કે દાદાસાહેબની પ્રતિષ્ઠા એટલી ટોચ પર છે કે ત્યાં સુધી તમે સંતાનો ભલે કદાચ ન પહોંચો, પણ પિતાનાં ચારિત્ર્યમાં અને આબરૂમાં કોઈ રીતે ઘટાડો ન થાય એની જવાબદારી હરહંમેશ રાખજો અને એ પ્રમાણે વર્તજો ! સરદારશ્રીનાં મર્માળાં આશીર્વચનોએ મને—અમને સહુને—હંમેશ આ જવાબદારીનું ભાન કરાવ્યે રાખ્યું છે.

મહાત્મા ગાંધીના સૌથી નાના પુત્ર, અને નવી દિલ્હીના અંગ્રેજી દૈનિક 'The Hindustan Times'ના તંત્રી,(સદ્ગત) શ્રી દેવદાસભાઈ ગાંધીએ દાદાસાહેબને અંજલિ આપતાં કહેલું કે, "સાદાઈભરી અને સાત્ત્વિક રહેણીકરણી રાખીને તથા પૂરેપૂરું સામાન્ય ઢબવાળું જીવન ગુજારીને દાદાસાહેબ માવળંકરે પોતાનું મહાન વ્યક્તિત્વ સંતાડી રાખેલું !"

દાદાસાહેબ વકીલાત કરતા હતા ત્યારે એક સમયે એમની આવક સહેજે મહિને ત્રણેક હજાર રૂપિયા જેટલી રહેતી. પરંતુ, ગાંધીજીના અસહકારના કાર્યક્રમ વખતે, તેમ જ પાછળથી તુરંગવાસ અને સ્થાનબદ્ધતા દરમિયાન, દાદાસાહેબની વકીલાત એટલો વખત થંભી ગઈ ત્યારે એમના દિલમાં કોઈ દુઃખ કે વસવસો નહોતો. પોતે ઠીક ઠીક ત્યાગ કરી રહ્યા હોવા છતાં એ અંગેની કશી સભાનતા કે બડાઈની વૃત્તિ એમણે દાખવી નહોતી. વકીલાતના વ્યવસાયમાં એમણે સુંદર આચારસંહિતા અમલી કરી બતાવી હતી. એના તો અનેક દાખલા મોજૂદ છે. એક વાર એક અસીલને ઈન્કમ ટૅક્સના કેસમાં ૮૮ હજાર રૂપિયા જેટલો ફાયદો થયો ત્યારે અસીલે દાદાસાહેબને દસ હજાર રૂપિયા ભેટ તરીકે આપવાનો ઉત્સાહ દાખવ્યો ! પણ દાદાસાહેબે તો ફક્ત પોતે ખર્ચેલાં સમય અને શક્તિની ગણતરી મુજબ ઘણી નાની રકમની ફી લીધી.

ગુજરાતની તેમ જ મહારાષ્ટ્રની અનેકવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સંસ્થાઓ જોડે દાદાસાહેબનો ગાઢ સંબંધ આજન્મ રહેલો. દરેક સંસ્થાને અને એના કાર્યકરને એમ લાગે કે દાદાસાહેબ અમારા છે. સર્વ સ્તર પરના જાહેર કાર્યકર્તાઓ સાથે આવી આત્મીયતા એમણે કેળવી હતી. વિવિધ કામોમાં ગૂંથાએલા રહ્યા છતાં, સગાંસ્નેહીજનોને મળવા કરવાની બાબતમાં દાદાસાહેબ હંમેશ તત્પર રહેતા, અને જે ગામમાં જાય ત્યાં જાહેર રોકાણો તથા કાર્યક્રમોની ભીડ વચ્ચે પણ આવાં સ્વજનોને ઘેર તેઓ અચૂક જતા. પરિચિતો અને મિત્રોના વ્યાપક વર્તુળમાં શુભ કે અશુભ પ્રસંગો આવે ત્યારે દાદાસાહેબ એવે વખતે ભૂલ્યા વિના એમને ત્યાં જતા કે એમને પત્ર પાઠવતા. લોકસંગ્રહની આવી વૃત્તિ પણ, એક જરૂરી અને માનવતાભરી પ્રણાલિકા તરીકે, દાદાસાહેબે સહજ ભાવે વિકસાવી હતી.

જાહેર જીવનમાં મારા પિતા સતત આગળ વધતા રહ્યા અને એક એકથી ચડિયાતાં પદ એમને મળતાં ગયાં તેમ છતાં પ્રતિષ્ઠાની લાલસા અથવા તો એ અંગેનું અભિમાન દાદાસાહેબનાં વાણી-વર્તાવમાં—ઘરમાં કે બહાર—જોવા મળતાં નહિ. તેઓ માનતા ને કહેતા કે દરેક માણસ એનું નિયત કામ કેવું સરસ બજાવે છે એના પરથી એની માણસાઈ અને મહત્તા મૂલવવી જોઈએ. સમાજમાં પ્રત્યેક વ્યક્તિની અગત્ય છે, અને દરેક પ્રકારના જીવનોપયોગી કાર્યની સહુને જરૂર છે. દરેક જણ પ્રમુખ કે વડા પ્રધાન કે સ્પીકર ન થઈ શકે, પણ દરેક પોતાની ભૂમિકા બને તેટલી સારી રીતે અવશ્ય ભજવી શકે. દાદાસાહેબ કહેતા કે આ રીતે માનવીય દૃષ્ટિથી જોતાં, અને સમાજવ્યવસ્થાની જોગવાઈ-ઓના સંદર્ભમાં તપાસતાં, મૂળભૂત રીતે તો 'Speaker' અને 'Sweeper', એટલે કે

અમારા સૌની સમક્ષ સારા અને ઉચ્ચ જીવનનું જીવંત અને જ્વલંત દષ્ટાંત સતત જીવી બતાવ્યું.

મારા સૌથી મોટા ભાઈ બાળકૃષ્ણ ઊર્ફે બાળાસાહેબ પૂનાની ફર્ગ્યૂસન કૉલેજમાંથી બી. એ. થયા. કમભાગ્યે, એમની કંઈક નાદુરસ્ત તબિયતને કારણે, અને પછી દૈવવશાત્, તેઓ કશો વ્યવસાય શરૂ કરી શક્યા નહિ. એમની ઇચ્છા એલ.એલ.બી.નો અભ્યાસ કરીને વકીલાત શરૂ કરવાની હતી, પણ એ ન બની શક્યું. અમારા ચારેય ભાઈઓમાં તેઓ કદાચ સૌથી વધુ બુદ્ધિશાળી છે. એમનું વાચન પણ શરૂનાં વર્ષોમાં સારું એવું રહેલું. મહર્ષિ અરવિંદ, શ્રી માતાજી તથા શ્રી કૃષ્ણમૂર્તિના વિચારોની તેમના પર ઘેરી અસર છે. સામાજિક ને શૈક્ષણિક કાર્ય તેમણે યથાશક્તિ થોડું કર્યું છે. ચારેય ભાઈઓમાં તેઓ વિશેષ પ્રમાણમાં તત્ત્વજ્ઞાન, વગેરેમાં રસ ધરાવે છે. અમે એમને Philosopher Brother તરીકે ક્યારેક ગમ્મતમાં કહીએ છીએ.

મારા બીજા મોટા ભાઈ ડૉ. વિષ્ણુ ઊર્ફે બાપુસાહેબ, મુંબાઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાંથી M. B. B. S. થયા. બાદ બ્રિટન જઈને દાક્તરી વિદ્યા તથા અનુભવ મેળવી આવ્યા, અને ત્યાં એમણે F.R.C.S. (Eng.) ડિગ્રી પણ પ્રાપ્ત કરી. સ્વદેશ પાછા ફરીને એમણે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં 'ઑનરરી સર્જન' તરીકે કામ કરવા સાથે, દાક્તરી વિદ્યાક્ષેત્રે અધ્યાપન–કાર્ય પણ વર્ષો સુધી ઉત્તમ કર્યું. વળી, ભારતીય રેડ ક્રૉસ સોસાયટીની અમદાવાદ શાખાના માનદ્ મંત્રી તરીકે લગભગ બે દાયકા (સને ૧૯૬૨થી ૧૯૮૦) ઉમદા સેવા બજાવી. એ જ સંસ્થાના ઉપક્રમે ચાલતા સ્વૈચ્છિક રક્તદાન કાર્યક્રમના માનદ્ નિયામક તરીકે પછીનાં ચાર વર્ષ સુંદર કાર્ય કર્યું.

આ બધા સમયમાં એમણે સ્વૈચ્છિક રક્તદાનની પ્રવૃત્તિ ખૂબ નિષ્ઠાપૂર્વક ઉપાડી અને સરસ વિકસાવી. લોકો સમજપૂર્વક અને સ્વેચ્છાએ રક્તદાન કરતા રહીને અસંખ્ય અને અજ્ઞાત રોગીઓને જીવતદાન આપતા રહે એવી એમની ભાવના અને લગન હતી. પોતે એ રીતે ૪૪ વાર રક્તદાન કરીને પ્રેરક દષ્ટાંત પૂરું પાડ્યું. ૧૯૮૪ની ૨૪મી ઑક્ટોબરે, દિવાળીની રાત્રિએ, ૬૦ વર્ષની પ્રમાણમાં નાની વયે, બાપુસાહેબનું અચાનક અને અકાળ અવસાન થયું તે આઘાત હજી અમે જીરવી શક્યાં નથી. ઈશ્વરને જે ગમ્યું તે ખરું !

મારી વાત કરું તો, આરંભથી જ શિક્ષણક્ષેત્રને હું વરેલો રહ્યો છું. મારી માતૃસંસ્થા, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં 'દક્ષિણા ફેલો' (સને ૧૯૪૦–'૫૦), વ્યાખ્યાતા (સને ૧૯૫૩ થી ૧૯૬૦), પ્રાધ્યાપક અને આચાર્ય (સને ૧૯૬૦ થી

૧૯૬૮) રહ્યો. વળી, ભારત સ્વતંત્ર થયું ત્યારથી, એટલે કે ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ થી, જાહેર જીવનમાં જોતરાયેલો રહ્યો છું. વચ્ચે સાતેક વર્ષ (સને ૧૯૭૨ થી ૧૯૭૯) પાંચમી અને છઠ્ઠી લોકસભામાં સ્વતંત્ર કે અપક્ષ સભ્યના નાતે અમદાવાદ-ગાંધીનગર મતવિસ્તારોનું પ્રતિનિધિત્વ કરીને સંસદીય કાર્યની ભૂમિકા બજાવી. પ્રવચનો, અખબારી કૉલમો, અન્ય લેખન-વાચન, પ્રવાસો, આદિમાં તથા અમદાવાદ – ગુજરાત – ભારતની સાર્વજનિક સંસ્થાઓમાં છેલ્લાં ચાળીસ વર્ષ ઉપરાંતથી પ્રવૃત્ત રહ્યો છું.

તા. ૧૫ ઑગસ્ટ ૧૯૫૪ ને રોજ સૌ. પૂર્ણિમાએ અને મેં સ્થાપેલ હૅરલ્ડ લૉસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદનો પ્રારંભ પૂજ્ય દાદાસાહેબના મંગલ પ્રવચનથી થયો. રાજ્યશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર તથા અન્ય સામાજિક શાસ્ત્રોનો અને માનવ વિદ્યાઓનો પદ્ધતિસર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા જરૂરી પ્રેરણા, માર્ગદર્શન અને સગવડો સુલભ કરી આપવાનો આ સંસ્થાનો હેતુ છે. રાજકારણના તથા જાહેર જીવનના પ્રશ્નો અને સમસ્યાઓનો શાસ્ત્રીય અભ્યાસ અને ચર્ચા-વિમર્શ કરવાનું લક્ષ્ય રાખેલું હોવાથી આ સંસ્થા શૈક્ષણિક અને બિનપક્ષીય રહી છે. રાજકારણની તેમ જ અન્ય પ્રવર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ વિષે લોકસમજ કેળવવી, અભ્યાસ તથા સંશોધનને ઉત્તેજન આપવું, સામાન્ય નાગરિકને પણ સમાજના પ્રશ્નો અંગે સાચી સમજ કેળવવા પ્રોત્સાહિત કરવો—એ ઉદ્દેશો વડે લૉસ્કી ઈન્સ્ટિટ્યૂટ વિવિધ પ્રવૃત્તિઓ [ગ્રંથાલય, વાચનાલય, વાર્તાલાપો અને જ્ઞાનચર્ચાઓ, નિષ્ણાતો અને અભ્યાસીઓનાં વ્યાખ્યાનો, પ્રકાશનો, વગેરે] કરી રહી છે. રાજકારણનાં કોઈ પાસાં પર આ સંસ્થા પોતાનો એવો અભિપ્રાય કે મત દર્શાવતી નથી. વળી, સંસ્થા પોતાના નિભાવ માટે, સ્વયં સ્વીકૃત નીતિ તરીકે, સરકારી કે બીજી કોઈ આર્થિક સહાય કે અનુદાન સ્વીકારતી નથી.

મારો નાનો ભાઈ નરહરિ ઊર્ફે નાનાસાહેબ એન્જિનિયર છે. પશ્ચિમ જર્મનીમાં મૅનહાઈમમાં એણે મર્સિડીસ બેન્ઝ કારખાનામાં બે વર્ષ પ્રત્યક્ષ તાલીમ લીધા પછી સ્ટુટગાર્ટની ટેકનિકલ યુનિવર્સિટીમાં છ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરીને મિકેનિકલ એન્જીનિયરિંગની ડિગ્રી મેળવી. અમદાવાદમાં એણે પોતાનું નાનકડું કારખાનું (મશીનરી તથા અન્ય સાધનો બનાવવાનું) ગૅનેસ્ટ એન્જીનિયર્સ નામે ૨૦ વર્ષ પહેલાં શરૂ કર્યું અને એની પ્રગતિ સરસ થઈ રહી છે.

અમે ભાઈઓ આ રીતે યથામતિ અને યથાશક્તિ કામ કરી રહ્યા છીએ.

કુટુંબનિર્વાહ ઉપરાંત સામાજિક કાર્યો કરવાની પ્રેરણા, સદ્‌ભાગ્યે, અમને વારસામાં મળી એ દિશામાં જે કંઈ સમાજકાર્ય અમે કરીએ છીએ તે વિષે અહીં વિગતમાં જવાની જરૂર નથી.

પૂજ્ય દાદાસાહેબે અમને ભાઈઓને ઉદ્દેશીને એક અંગ્રેજી ટાઈપ પત્ર (૮ ફૂલસ્કેપ પાનાંનો) અંગત સલાહ-સૂચન રૂપે તા. ૯ મે ૧૯૫૫ ને રોજ આપ્યો હતો. અમદાવાદમાં 'સેવા કુટીર'માં લખાયેલા આ પત્રનું મથાળું છે: 'Points of Advice to My Sons.' ('મારા પુત્રોને સલાહ-સૂચનો.') એ પત્રમાંથી મહત્ત્વનો ભાગ, આગળ જણાવેલી બધી વાતોના અનુસંધાનમાં અને ઉપસંહાર રૂપે, મૂળ અંગ્રેજીમાંથી ભાવાનુવાદ રજૂ કરીને આ વિસ્તૃત લખાણ પૂરું કરીશ. પોતાના પુત્રોને અગત્યની બાબતો વિષે કીમતી સલાહ આપવાની ઇચ્છાથી ટપકાવેલા આ મુદ્દાઓના પ્રારંભમાં જ દાદાસાહેબનું ઉદારમતવાદી માનસ સ્પષ્ટ થાય છે: "આ મુદ્દાઓમાં હું જે કાંઈ જણાવું તેનો સ્વીકાર કે અસ્વીકાર કરવો એ મારા પુત્રોએ નક્કી કરવાનું છે."

પોતે હજુ પાંચ દસ વર્ષ તો જરૂર જીવી શકશે એવો ખ્યાલ દાદાસાહેબને હતો, તેમ છતાં એકાદ બે વર્ષથી એમને એમ પણ થયા કરતું કે ગમે તે ક્ષણે એમનો દેહ પડે! પરંતુ, એવી કોઈ આપત્તિનો તેમને ભય નહોતો. એમણે લખ્યું છે કે:

"હું નહીં હોઉં ત્યારે શી પરિસ્થિતિ સંભવત: સર્જાશે તેનો મને ડર નથી. મારી પત્ની અને મારાં સંતાનોનું શું થશે, એની પણ ફિકર મને સતાવતી નથી. ઈશ્વરમાં, તથા તે સહુના પોતાના પ્રારબ્ધ પરત્વે, હું પૂરતી શ્રદ્ધા ધરાવું છું. હું માનું છું કે કુટુંબનાં તમામ સભ્યો પ્રતિ મારી ફરજ મેં બને તેટલી સારી રીતે બજાવી છે. ઘણી વાર મેં ભૂલો કરી છે, અથવા તો મારી ઉત્કટ મમતાને લીધે મિજાજ ગુમાવ્યો હોય એવું પણ બન્યું છે; પરંતુ મેં હમેશાં એમનું તેમ જ સમગ્ર સમાજનું ભલું ઇચ્છયું છે."

કુટુંબ-વત્સલ પિતાએ લખેલાં આ વાક્યો હૃદયદ્રાવક છે. દાદાસાહેબના જાહેર જીવનમાં, શરૂઆતનાં વર્ષોમાં, અમે કોઈ સંતાનો હતાં નહિ. અને, પછી હતાં ત્યારે, નાની વયનાં હતાં; પણ જેમ જેમ અમારો ઉછેર થતો ગયો તેમ તેમ માતાપિતાની હૂંફ અમને નિકટથી મળતી રહી. કુટુંબનાં સહુ માટે દાદાસાહેબ ખાસ પ્રયત્નપૂર્વક રોજ ફાજલ સમય બને તેટલો કાઢવાની કોશિષ કરતા. એમનું જાહેર જીવન એવું અતિરેકભર્યું નહોતું કે જેમાં કુટુંબનાંને અને ઘરનાંને કશી હૂંફ કે સલાહ મેળવવાનો અધિકાર કે અવકાશ ના રહે!

પોતાની આવકની મર્યાદામાં કેવી રીતે રહેવું જોઈએ એની શીખ આપતાં દાદાસાહેબે જણાવ્યું છે :

"મને એમ લાગે છે કે હાલમાં આપણે સહુ ભેગા અથવા વ્યક્તિગત જે ખર્ચ દર મહિને કરીએ છીએ એ અંગે સાથે બેસીને કેટલોક વિચાર કરવાની જરૂર છે, અને આપણો ખર્ચ ઘટાડો માગી લે છે. હાલ પૂરતું આ બાબત મહત્ત્વની નથી કેમ કે, મને થોડો પગાર મળે છે; પણ મુખ્ય મુદ્દો એ છે કે કુલ ખર્ચનો આંક નિયમિત વાર્ષિક આવકના ૭૫ ટકાથી કદાપિ વધવો જોઈએ નહીં. વળી, હું માનું છું કે સરકારની ઔદ્યોગિક નીતિના પરિણામે, સંખ્યાબંધ કંપનીઓના શેરોમાંથી થતી આવક, વખત જતાં, ઘટતી જ રહેવાની. હું એમ પણ માનું છું કે સરકારના જંગી મૂડી-રોકાણવાળા કાર્યક્રમો તેમ જ તેમના ખર્ચાને લીધે રૂપિયાનું ખરીદ-મૂલ્ય પણ ઓછું થતું જશે; અને ફુગાવાની શક્યતા હંમેશ રહેતી હોય છે. વાસ્તવમાં, મારા દીકરાઓ દેશની બદલાતી રહેતી સામાજિક અને આર્થિક સ્થિતિમાં જીવન વ્યતીત કરી રહ્યા છે, અને એ પ્રમાણેની પલટાતી પરિસ્થિતિમાં એમને રહેવાનું આવશે. માટે, આ વાતનો તેઓ ખ્યાલ રાખે અને તે મુજબ એમની સામાન્ય જરૂરિયાતોનો ક્રમ ગોઠવે એમ હું ઇચ્છું છું."

કુટુંબની વારસાગત તેમ પોતાની વ્યક્તિગત મિલ્કતનું વિભાજન (partition) દાદાસાહેબે ૧૯૪૬ની સાલમાં જ કરેલું, પણ આવા વિભાજન છતાં ય આખું કુટુંબ એકરાગથી અને સુખસંપથી ચાલુ રહે એમ તેઓ સતત ઇચ્છતા અને કહેતા :

"વિભાજન ભલે થયું, પણ કુટુંબનાં સહુ સભ્યો, મિલ્કતના સંયુક્ત ભાગીદાર ન રહેવા છતાં, બની શકે ત્યાં સુધી, સુખી કુટુંબ તરીકે એકત્ર રહે એમ હું ઇચ્છું છું."

ભાવિ જીવન-તરાહ કેવી હશે એ વિષે મારા પિતાએ સ્પષ્ટપણે વિચાર કરેલો. અમે સહુ છોકરાઓ અને અમારા પછીની પેઢીઓ જાતમહેનતથી અને પ્રામાણિકપણે કમાઈએ એ વિશે તેઓ ખાસ આગ્રહ રાખતા. શેરોના ડિવિડન્ડ પર તથા અન્ય એવી વણકમાઈની રકમો પર જ નભવું ન જોઈએ એમ પણ તેઓ હંમેશ કહેતા. બાપદાદાની કમાઈ પર અથવા તો કેવળ બૌદ્ધિક કામગીરી પર નભવાનું કે જીવન ગુજારવાનું ભવિષ્યના દસકાઓમાં સહેલું કે શક્ય બનશે નહિ એ અંગેનો ઇશારો એમણે આ રીતે વ્યક્ત કર્યો :

"અહીં હું કહું કે ભવિષ્યમાં, આપણા જેવા બૌદ્ધિક વ્યવસાયો પર જીવનારા અને કમાનારાની દૃષ્ટિ તથા ટેવોમાં તેમની આવક અને રહેણીકરણીનાં મૂળભૂત તત્ત્વો બાબતે ક્રાંતિકારી ફેરફારો લાવવા પડશે. પ્રજામત બુદ્ધિજીવીઓને બેઠાડુ જીવો ગણશે,

અને જેઓ પોતાની રોટી રળવા શારીરિક શ્રમ કરવાને તૈયાર છે એમના માટે જ નોકરી અથવા આજીવિકા શક્ય બનશે. બીજા શબ્દોમાં કહું તો, બુદ્ધિજીવીઓએ શારીરિક શ્રમને પોતાના કાર્યમાં આવરી લેવો પડશે, અને આ બન્ને પ્રકારના શ્રમનું સંમિશ્રણ જ તેમને જીવવાને શક્તિમાન બનાવશે. મારા પુત્રો અને તેમનાં બાળકો આ વાતને બરાબર યાદ રાખે, અને એ પ્રમાણે પોતાને કેળવે! બાપદાદાનાં મૂડી-રોકાણમાંથી મળતી આવક પર જ પોતે જીવન-નિર્વાહ કરે એવી અપેક્ષા તેઓ રાખી શકે નહીં, ન તો મારા પૂર્વજો અને મારી માફક બૌદ્ધિક વ્યવસાયો વડે થતી આવક પર જીવવાની!"

પરંતુ, પૈસા કે નાણાંનો વ્યવહાર કેવી રીતે રાખવો અને ઘરખર્ચ, આદિમાં કયા પ્રકારની સંભાળ લેવી તથા આપ-કમાઈ વડે કેમ રહેવું તેના કરતાં ય વિશેષ રસ તો મારા પિતાને ઉમદા અને ઉચ્ચ ધ્યેયોથી પ્રેરિત એવું જીવન અમે સહુ હરહંમેશ જીવવાની મથામણ કરીએ તેમાં હતો. જીવનનો હેતુ શો છે તે અમે સમજીએ, તથા નિષ્કલંક અને નિઃસ્વાર્થ જીવનયજ્ઞ ચલાવીએ એ માટે તેઓ તત્પર હતા. પોતાની જીવનદૃષ્ટિ ઠીક ઠીક વિસ્તારથી એમણે આ રીતે જણાવી:

"ભાવિ પેઢીઓએ, પોતાનાં જીવનનાં અમુક નિશ્ચિત પાસાં બાબતે ખાસ કરીને કેવા વ્યવસાયોને અનુસરવું પડશે, એની થોડી મૂળભૂત વાતોનો ઉલ્લેખ મેં આગળના ફકરામાં કર્યો છે, પણ માનવજીવનનાં મહત્તમ મૂળ તત્ત્વો અને હેતુ અંગેની એક વાત મારા પુત્રોના મનમાં ઠસાવવાનું મારે ચૂકવું જોઈએ નહીં. જીવન એ માત્ર શરીર નથી. એટલે કે, તે માત્ર જડ પદાર્થ નથી. આપણને દરેકને પોતપોતાનાં મન અને ચેતના છે, જે મારા મતે અમર છે. એટલે, જીવનનો હેતુ ભૌતિક સંપત્તિ કે દુન્યવી પદ-સ્થાનોથી માપવાનો નથી, પણ વ્યક્તિ કઈ રીતે જીવી એનાથી તેનું માપ કાઢવાનું છે. આપણે એ પ્રકારનું ઉચિત જીવન જીવ્યાં કે નહીં તેની કસોટી કરવાની રીતે કેટલાક યથાર્થ પ્રશ્નોનો ઉલ્લેખ કરું: પહેલવહેલો પ્રશ્ન એ છે કે — આપણે હરહંમેશ સત્યનિષ્ઠ રહ્યાં છીએ ખરાં? હું માનું છું કે ઈશ્વર એ સત્ય છે અને સત્ય એ ઈશ્વર છે. તેથી કરીને સત્યનિષ્ઠ રહેવું એ આધ્યાત્મિક જીવનથી અળગા નહીં થવાની સર્વ-પ્રથમ જરૂરિયાત છે. વ્યક્તિએ જંગલમાં જવાની કે સંન્યાસીઓના કોઈ સંઘમાં દાખલ થવાની જરૂર નથી. જે માણસ નિત્ય સત્યનિષ્ઠ હોય છે તે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણે ભગવાનની પ્રાર્થના કરતો હોવાનું કહી શકાય. અને, એવી વ્યક્તિ આધ્યાત્મિક જીવન વ્યતીત કરે છે એમ કહેવાય. એનો જ અર્થ એ કે, માનવતાની સેવાની ગુણવત્તા, માનવજાત સાથે પ્રેમ કરવાનો ગુણ, પારકાંઓનું સામાન્ય કે વ્યક્તિગત હિત વધારવા માટે ભોગ આપવાનો ગુણ, તથા અન્ય એવા માનવીય ગુણોનું મૂલ્ય વધારે

ઊંચું આંકવાનું છે. હોદ્દાઓ અને પદોની રૂએ કે એમના ઉપભોગની માત્રા વડે જીવનનું માપ કાઢી ના શકાય. સત્ય, સેવા અને પ્રેમનું આવું જીવન વ્યક્તિ જીવે તો આવશ્યક એવી સર્વ ભૌતિક જરૂરિયાતોની અછત એને કદી નહીં વરતાય, અને સહુની પ્રીતિ-પાત્ર એ બની રહેશે. મને લાગે છે કે, હાલના સંજોગોમાં, સમાજ માટે જીવનાર અને જીવનનાં તમામ ક્ષેત્રોમાં સમાજસેવા કરનાર લોકોની વધુ જરૂર છે. એટલા માટે, મારા પુત્રોએ મિલ્કતનો સંગ્રહ અથવા આનંદપ્રમોદનો ઉપભોગ કરવાને બદલે સેવા કરવા સારુ તત્પર રહેવું જોઈએ. એમણે યાદ રાખવું જોઈએ કે આપણા પૂર્વજો લગભગ અકિંચન અવસ્થામાં કોંકણના મૂળ વતનમાંથી સ્થળાંતર કરીને, સને ૧૭૫૦ની આસપાસ ગુજરાતમાં આવી વસ્યા હતા. પણ એમની પાસે એક વસ્તુ હતી, અને તે સચ્ચાઈ, અને તેને લઈને સામાજિક દરજ્જામાં તેઓ ઊંચા આવી શક્યા. મારા વારસા વિષેની કોઈ બાબતે જો આજે મને ગર્વની લાગણી થતી હોય તો તે ચારિત્ર્યનો વારસો તથા સેવાની ભાવના, અને નહીં કે મારા પિતાએ મારા વાસ્તે મૂકેલ મિલ્કત! આપણા પૈકી ઘણાં જો એ ભાવનાને ખીલવશું તો જ ભારત સાચી લોકશાહી બની રહેશે અને તેનું ભાવિ ઉજ્જ્વળ હશે. હું આ બધું કહી રહ્યો છું કેમ કે, મારા પુત્રોએ ભવિષ્યના સમયમાં રહેવાનું છે. અને, હું આશા રાખું છું કે ઉપર જણાવ્યા મુજબ પોતાનું જીવન તેઓ વિતાવશે. કંઈ નહીં તો, આ પત્રમાં વ્યક્ત થયેલ દૃષ્ટિબિંદુ વિષે તેઓ શાંત મને અને ઠંડા મિજાજથી વિચાર તો જરૂર કરે! મારું જીવન મેં યથાર્થ રીતે પૂરું કર્યું છે, અને એ રીતે જીવવામાં મારાં સંતાનો ઉપલક રીતે ત્યાગ કરતાં જણાય તો પે, નર્યા સ્વાર્થની દૃષ્ટિએ પણ, સમાજ પાસેથી મહત્તમ મેળવવામાં, એટલે કે સમાજનો આદર અને પ્રેમ પામવામાં, તેઓ સફળ થશે.''

અમારાં બા, બહેન તથા અન્ય સ્વજનો અને કુટુંબીજનો પ્રત્યે અમે ભાઈઓ પ્રેમથી અને ઉદારતાથી હરહંમેશ વર્તીએ એમ અમારા પિતાની ઇચ્છા હતી. જે વત્સલતા, સહિષ્ણુતા અને વ્યાપક દૃષ્ટિકોણથી પોતે સહુ કુટુંબીજનો જોડે વર્તતા હતા તે જ રીતે અમે પણ વર્તીએ એવી એમની સ્વાભાવિક અપેક્ષા હતી. મારાં બાના કેટલાક વિચારોની રૂઢિચુસ્તતાને કારણે ઘરમાં કે કુટુંબમાં નાનાં મોટાં વચ્ચે મતભેદ કે મનદુ:ખ ન થાય એ જોવાને પણ દાદાસાહેબ ઇંતેજાર હતા. માતા પ્રત્યેનું અમારું વર્તન કેવું હોવું જોઈએ એ વિષે મારા પિતાએ લખ્યું :

''પોતાની મા સાથેના વર્તાવમાં મારા પુત્રો માતાની લાગણીનો વિચાર, શક્ય એટલી બધી માત્રામાં, કરતા રહે અને માનથી તેની સાથે વર્તે, એમ જોવાની એમની ફરજ સ્વાભાવિક જ રહેશે. મારે વધુ કશું ઉમેરવાનું ન હોય, પણ મારે કહેવું જોઈએ

કે માતાથી ચઢિયાતી કોઈ અન્ય દેવતા **નથી,** અને એને ખાતર જે કોઈ ત્યાગ કરવો પડે તે જરા પણ વધુ પડતો નથી. હું માનું છું કે મેં પોતે આ આદર્શને મારા જીવનમાં ઉતાર્યો છે.''

અમે ચારે ભાઈઓ મહારાષ્ટ્ર સોસાયટીમાં પાસે પાસે રહીએ છીએ. 'સેવા કુટીર' બંગલો સને ૧૯૩૨માં દાદાસાહેબે બંધાવ્યો, જ્યારે જોડેનો ૧૧ નંબરનો બંગલો એમણે સને ૧૯૪૪ના અરસામાં ડૉ. ગજાનન રામચંદ્ર ઊર્ફે બાપુસાહેબ તળવલકર પાસેથી ખરીદ્યો. ડૉ. તળવલકર અમારા સ્વજન અને કુટુંબીજન હતા. તેઓ અને તેમનું આખું કુટુંબ અમદાવાદ છોડીને કાયમ માટે મુંબાઈ રહેવા જતાં, એમને એમનું મકાન વેચવાનું થયું. અનાયાસે એ મકાન અમારા મકાનની જોડમાં જ હતું, એટલે દાદાસાહેબે એ લેવાનો વિચાર કર્યો. અમે ચાર ભાઈઓ મોટા થઈને જુદા રહેવા ઇચ્છીએ તો ચાર 'ફ્લૅટ્સ' જેવી સગવડ રહે, અને સાથે સાથે અમારાં માતા-પિતાને રહેવા માટે તથા પિતાના વિશાળ ગ્રંથાલય માટે અને એમના અસંખ્ય મૂલ્યવાન કાગળપત્રો, વગેરેનાં વિસ્તીર્ણ દફતરો સારી રીતે સાચવવા માટે જરૂરી જગ્યા મળી રહે, એ હેતુથી દાદાસાહેબે ડૉ. તળવલકરનું મકાન ખરીદ્યું. સને ૧૯૪૪ થી સને ૧૯૪૯ નાં વર્ષો દરમિયાન એ મકાનમાં અગાઉ જે ભાડૂઆતો રહેતા તે ચાલુ રહેલા. પછી પણ થોડાં વર્ષ માટે કેટલાક ભાડૂઆતો ત્યાં હતા. સદ્‌ભાગ્યે, તેઓ સહુ આપમેળે મકાન તથા અમદાવાદ છોડી જતાં અમારે માટે ક્રમશઃ વધુ જગ્યા ફાજલ પડી. સને ૧૯૪૯ના ડિસેમ્બરની ૧૩મીએ મારાં લગ્ન થયાં ત્યારે, દાદીમા પૂજ્ય ગોપિકાબાઈ હયાત હતાં. ગુજરાતી વૈશ્ય કન્યા સાથે મેં લગ્ન કર્યાં તેથી દાદીમાને આરંભમાં ભારે આઘાત લાગ્યો હતો. એમનો વાંધો કન્યા સામે કે કન્યાના કુટુંબ સામે જરા પણ નહોતો, પરંતુ બ્રાહ્મણ જ્ઞાતિની બહાર અને મરાઠી-ભાષી વર્તુળની બહાર હું કે કોઈ પણ સંતાન લગ્ન કરે એ કલ્પના જ દાદીમા માટે અસહ્ય જેવી હતી. મારા પિતાએ આ પ્રસંગે અદ્‌ભુત સ્વસ્થતા અને વ્યાવહારિક શાણપણ વડે મને સલાહ અને હૂંફ આપેલાં. પ્રેમલગ્નની વાત દાદાસાહેબને મેં કરી ત્યારે તેમણે કહ્યું કે, ''આવી ઘટના મને અપેક્ષિત જ લાગેલી. આવું થશે એમ હું જોઈ રહ્યો હતો; તારા નિર્ણયની આડે હું જરા પણ નહિ આવું. પૂર્ણિમા મને પસંદ છે. એ સુશીલ અને સુશિક્ષિત છે. એના કુટુંબ સાથે દસકાઓથી મારો ગાઢ સંબંધ છે. એના દાદા સદ્‌ગત શેઠ મંગળદાસ ગિરધરદાસ અને હું વકીલાતના મારા વ્યવસાયમાં એકબીજાના પરિચયમાં આવેલા, અને વર્ષો જતાં એ સંબંધ દૃઢતર થયો છે. વળી, હું પોતે જ્ઞાતિ-પ્રથામાં હવે માનતો નથી. જ્ઞાતિઓના વાડા મને બિલકુલ ગમતા નથી. એટલે, તારી આ પસંદગી મને પૂરી

સ્વીકાર્ય છે. પણ, પૂજ્ય 'બાઈ' અને તારી બા ગણ આ પગલાંને એકદમ સ્વીકારી કે પચાવી શકશે નહિ. તેથી, આમાં ધીરજથી, સહિષ્ણુતાથી અને ઉદારતાથી આપણે ચાલવું પડશે. મને ખાત્રી છે કે તારાં આ બન્ને વડીલજનો વખત જતાં માની જશે, અને તને તથા પૂર્ણિમાને પ્રેમથી વધાવી લેશે. તું જો કે ઉતાવળ કરીશ નહિ. હું તારી પડખે છું એ પણ નિશ્ચિત ગણજે." મારા પિતાના આ બધા શબ્દો અને વાક્યો કદાચ પૂરેપૂરાં તે વખતે મને ગમ્યાં કે ગળે ન ઊતર્યાં હોય તો પણ એમની સલાહ મેં માની, અને કંઈક ધીરજથી હું ચાલ્યો. સદ્ભાગ્યે, બધું હેમખેમ પાર પડયું અને, લગ્ન વખતે તથા બીજે દિવસે અમારે ઘેર યોજાયેલ સ્નેહ-સંમેલન પ્રસંગે પણ દાદીમા પૂરા સદ્ભાવથી અને વાત્સલ્ય વડે બધા સમારંભોમાં સામેલ થયાં હતાં. દાદીમા 'સેવા કુટીર'માં રહે, અને ત્યાં દેવઘર તથા રસોડા, વગેરેમાં એમની મરજાદી અને કડક શિસ્ત હોય તેમાં, વિના કારણે, વચ્ચે ન આવવું એવું પિતાએ મને સૂચવ્યું અને તે મેં માન્ય રાખ્યું. સૌ. પૂર્ણિમા ને હું એ રીતે 'સેવા કુટીર'ની બાજુના મકાનના ઉપલા માળ પર જુદું રસોડું અને ઘર ચલાવી રહેવા લાગ્યાં. વાત્સલ્ય અને પ્રેમનાં ઝરણાં અખૂટ હોય છે એનો અનુભવ ટૂંક વખતમાં જ અમને થયો. દાદીમાએ અમારું નવું કોઠાર અને રસોડું ગોઠવી આપવામાં સક્રિય સાથ આપ્યો એટલું જ નહિ પણ પોતે બજારમાં જઈને અમારે માટે ઘરવપરાશની ચીજો, વગેરે ખરીદી લાવ્યાં! અમારે ઘેર પ્રથમથી જ રસોઈઓ રાખ્યો ન હોઈ સૌ. પૂર્ણિમા રસોઈ તથા જરૂર પડ્યે ઘરકામ પણ કરે છે. દાદીમાએ, એમના અવસાનના થોડા મહિના પહેલાં, વાતચીતમાં અમારી એકમાત્ર મોટી બેન ('તાઈ'—સૌ. પ્રભાવતી દિગંબર મોઘે, જેનું ૬૮ વર્ષની વયે, ૧૯ જુલાઈ ૧૯૮૭ ને રોજ પુણેમાં અકાળ અને દુઃખદ અવસાન થયું!) આગળ કહેલું કે, "અણ્ણાની વહુ આટલા શ્રીમંત ઘરની અને સરસ ભણેલીગણેલી હોવા છતાં જાતે રસોઈ કરે છે અને ઘર સંભાળે છે એ જોઈને મને ખરેખર ઘણો આનંદ થાય છે. ફક્ત, પૂર્ણિમા બ્રાહ્મણ હોત અને મહારાષ્ટ્રીય હોત તો કેવું ઉત્તમ બની રહેત!!" મારાં બાએ 'સેવા કુટીર'ની જોડેના મકાનનું નામ 'પ્રગતિ' પાડ્યું. કુટુંબમાં પહેલવહેલી વાર આંતરજ્ઞાતીય અને આંતરપ્રાંતીય લગ્ન કરીને હું એ મકાનમાં રહેવા ગયો એટલે પ્રગતિ કરી એમ કહીને મારાં બાએ આ નામ પાડ્યું! વર્ષો સુધી મારાં બા અને બે ભાઈઓ (સદ્ગત ડૉ. વિષ્ણુ અને ચિ. નરહરિ) સહકુટુંબ મોટે ઘેર 'સેવા કુટીર'માં રહ્યાં, જ્યારે મારા સૌથી મોટા ભાઈ બાળાસાહેબ અને હું સહ-કુટુંબ 'પ્રગતિ'માં રહ્યાં.

વખત જતાં, અને વધતી કુટુંબ-જરૂરિયાતો જોતાં, ડૉ. બાપુસાહેબે અને મેં જુદાં

નવાં મકાનો મહારાષ્ટ્ર સોસાયટીમાં જ, 'સેવા કુટીર'ની જોડે અને પાછળ, અમારે ફાળે આવેલા પ્લૉટ્સમાં બંધાવ્યાં. બાપુસાહેબે એમના 'ઘરકુળ'માં ફેબ્રૂઆરી ૧૯૭૬માં વસંત-પંચમીએ પ્રવેશ કર્યો. અમારું 'ગોપિકા' નિવાસસ્થાન એનાથી વહેલું તૈયાર થયું, એટલે સને ૧૯૭૪ની ૧૪મી જૂનથી અમે (સૌ. પૂર્ણિમા ને હું તથા અમારાં સંતાનો ચિ. આરતી, ચિ. ડૉ. આનંદ અને ચિ. ડૉ. આશુતોષ) 'ગોપિકા'માં રહીએ છીએ. અગાઉ અમારો આ પ્લૉટ દાદીમાના નામે અને એમની માલિકીનો હતો, જે પાછળથી વારસામાં સુખદ અકસ્માતે મારા ભાગે આવ્યો. દાદીમાની વહાલસભર સ્મૃતિમાં અમે નવા રહેઠાણનું નામ 'ગોપિકા' રાખ્યું. મારાં માતુશ્રી પૂજ્ય વહિની (સુશીલાબેન) અને ચિ. નરહરિ તથા એનું કુટુંબ 'સેવા કુટીર'માં રહે છે. પૂજ્ય દાદાસાહેબનો વિશાળ ગ્રંથ–પત્રસંગ્રહ, વગેરે તથા સાર્વજનિક કાર્યો માટેની મારી ઑફિસ પણ 'સેવા કુટીર'માં છે.

ચાર ઘર ને રસોડાં જુદાં, અને છતાં, ચારે ભાઈઓ એકમેકની જોડે — એવી આ સુંદર વ્યવસ્થાનાં બીજ મારા પિતાએ ૧૯૪૪ની સાલમાં કરેલી જોગવાઈમાં રહેલાં છે. પણ, અમે ભાઈઓ એક ઘરમાં સાથે રહીએ કે એકબીજાની નજીક રહીએ કે દૂરસુદૂર હોઈએ, સહુ સંપથી અને પરસ્પર પ્રેમ અને સમજણથી જીવન ગુજારીએ એમ મારા પિતાની ઉત્કટ ભાવના હતી. એમણે લખ્યું કે :

"પોતાની કે પોતાની પત્નીઓ વચ્ચેની સ્વભાવ–ભિન્નતાને કારણે ઊભા થતા મન-ભેદોને લઈને એક જ ઘરમાં સુખેથી રહેવાનું મારા પુત્રોને મુશ્કેલ લાગે તો, વધુ સારો રસ્તો એ છે કે તત્કાળ જુદા રહેવું. એનાથી પરસ્પર માટેનો સ્વાભાવિક પ્રેમ મહદ્ અંશે જળવાઈ રહેશે, અને ચાહે તેટલી વાર એકબીજાને તેઓ મળી શકે. પોતાને મનપસંદ એ રીતે, પોતપોતાનું જીવન જીવવાની સ્વતંત્રતા દરેક ભલે ભોગવે, અને કોઈ રીતે રૂંધામણ ન અનુભવે! આમ, એકમેક પ્રત્યે કેવળ વૈચારિક મતભેદોની બાબતોમાં જ નહીં પરંતુ રોજબરોજની બાબતોમાં પણ દરેકે ખૂબ સહિષ્ણુ બનવું જોઈએ."

સુખી જીવનની ચાવી શામાં છે તેનું સંક્ષેપમાં વિવરણ કરતાં દાદાસાહેબે ઉમેર્યું કે :

"સુખી જીવનની ચાવી એ છે કે આપણી આસપાસ પ્રેમાળ મિત્રોનું વર્તુળ ઊભું કરવું. 'મિત્ર'ની વ્યાખ્યામાં હું સગાંઓનો પણ સમાવેશ કરું છું. એનો અર્થ એ કે દરેક બાબતમાં દૃષ્ટિકોણ માનવીય હોવો જોઈશે, અને નહીં કે માત્ર આર્થિક કે

નાણાંકીય. કેવળ પૈસાનો સંઘરો કર્યાથી સુખ ઉદ્ભવતું નથી. સહિષ્ણુતાની ભાવના, પારસ્પરિક પ્રેમ અને ત્યાગ કરવાની તૈયારી હોય તો સાચા મિત્રોનો સહવાસ આપણને ચોક્કસ સુલભ થાય. મને લાગે છે કે મારા જાહેર જીવને આવું વર્તુળ પૂરું પાડયું છે, અને એનો મને આનંદ છે."

જામનગરની મુલાકાતે પોતે ગયા હતા ત્યારે મારા પિતાને નામદાર જામસાહેબે આ સંદર્ભમાં એમની પોતાની જે વાત કરેલી તે દાદાસાહેબે આ પત્રમાં તાજી કરી છે. નામદાર જામસાહેબને એમના પિતા તરફથી જે સલાહ મળેલી તે આ પ્રમાણે હતી :

"આપણા કુટુંબના રિવાજો અને સંસ્કાર વિષે, આપણા પૂર્વજોએ જે મહાન કાર્યો કર્યાં એ વિષે, તમે કાંઈ જાણ્યું ન હોય કે કશું શીખ્યા ન હો તો, ૫–૧૦ મિનિટમાં આપેલી મારી સલાહથી તમને કોઈ લાભ થાય એમ હું માનતો નથી. એટલે, હું કશું ન કહું અને તમને માત્ર આશીર્વાદ આપું એ જ સારું !"

"મારા વહાલા દીકરા, તું બરાબર યાદ રાખજે કે આ દુનિયામાં સંપૂર્ણ સારું કે સંપૂર્ણ ખરાબ કશું જ નથી. દરેક ખરાબ માણસમાં કેટલાંક સારાં લક્ષણો છે, અને એનાં સારાં લક્ષણોને જ તારે હમેશાં યાદ રાખવાં જોઈએ, અને એનાં ખરાબ લક્ષણોને ભૂલી જવાં જોઈએ. ઉત્તમમાં ઉત્તમ માણસમાં યે કેટલાંક ખરાબ લક્ષણો કે અમુક નબળાઈઓ હોય છે. એવાં ખરાબ લક્ષણોને તું ભૂલી જજે અને એનામાં જે સારું હોય તેને યાદ રાખજે. તું કોઈનું ભલું કરે તો એ ભૂલી જજે, અને પારકાનું ભલું કર્યાનો કશોક બદલો મળે એવી અપેક્ષા રાખ્યા વિના હમેશાં સહુ કોઈનું ભલું કરતો રહેજે. કોઈ વ્યક્તિ તારું ભલું કરે તો, મહેરબાની કરીને, એને ભૂલીશ નહીં. હમેશાં એ યાદ રાખજે અને એનો પાડ માનજે. આ જગતમાં સુખી રહેવાનો અને બીજાઓને સુખી રાખવાનો એ જ એકમાત્ર રસ્તો છે."

દાદાસાહેબે પણ અમારા પરના એમના પત્રમાં આવી જ કીમતી અને સુંદર સલાહ આપી છે ને! વ્યક્તિગત જીવનમાં તેમ જ કુટુંબ અને સમાજમાં અમારે સહુએ કેવી રીતે વર્તવું એ વિષે મારા પિતાએ ફરી, જુદા શબ્દોમાં, આ રીતે જણાવ્યું :

"એટલે, હું કહું છું કે, બધાં સગાંવહાલાંની સંભાળ રાખજો અને ખાસ કરીને જેઓ ગરીબ સ્થિતિમાં કે મુશ્કેલીઓમાં છે તેમની વિશેષ દરકાર કરજો! અંગત સગ-

આવ્યો. આ જ સમયમાં માવળંકર કુટુંબ ગુજરાતમાં આવ્યું, અને આજે આઠ પેઢીથી એકધારું અહીં વસેલું છે. કુટુંબની પેઢી દર પેઢીનાં માણસોએ જે ધ્યેયો અને આદર્શોથી જીવન ગુજાર્યું, અને એ દ્વારા સમૃદ્ધ વારસો તથા સર્વાંગપૂર્ણ જીવનદૃષ્ટિ મૂકતાં ગયાં, તેમાં મારા પિતાએ અસાધારણ અને અજોડ ફાળો આપ્યો છે. આ બધા વારસાને અમે—વર્તમાન તથા ભાવિ પેઢીનાં સહુ—કુટુંબીજનો સમજીએ; અને, એ મુજબનો સન્નિષ્ઠ, સેવામય, સંસ્કારભર્યો અને સત્યપૂર્ણ અભિગમ તથા વાણી-વર્તાવ રાખવાની અહર્નિશ મથામણ કરીએ, તો જ આ કુટુંબમાં અમે જન્મ્યાં તેની સાર્થકતા સિદ્ધ થઈ ગણાશે! જવાબદારી હિમાલયસમી, ઉત્તુંગ અને વિશાળ છે, પણ એને પાર પાડવાનો પુરુષાર્થ આજન્મ કરતા રહેવું એ લહાવો કાંઈ ઓછો આલ્હાદક છે?

Acc. No. 130251
Date 9-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

# સન્નિષ્ઠ પ્રકાશન

[ દાદાસાહેબ માવળંકરના ૭૮મા જન્મદિને—તા. ૨૭ નવેમ્બર ૧૯૬૬ ને રોજ—
આ પ્રકાશન-પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે. ]

| | | |
|---|---|---|
| (૧) આપણી લોકશાહી (લઘુ નિબંધ) | ગણેશ વાસુદેવ માવળંકર | ૧-૦૦ |
| (૨) સાર્ત્રનો અસ્તિત્વવાદ (અભ્યાસ-નિરૂપણ) | મધુસૂદન વિ. બક્ષી | ૫-૦૦ |
| (૩) વિટામિનો (પરિચય) | નરસિંહ મૂ. શાહ | (અપ્રાપ્ય) |
| (૪) પ્રાચીન વૈદિક સમયની સ્વરાજ્ય-પદ્ધતિ (સંક્ષિપ્ત સમીક્ષા) | શ્રીપાદ દામોદર સાતવળેકર | ૧-૦૦ |
| (૫) આરઝૂ (કાવ્યસંગ્રહ) | જસવંત લ. દેસાઈ | (અપ્રાપ્ય) |
| (૬) સ્વતંત્ર ભારતના પહેલા સ્પીકર દાદાસાહેબ માવળંકર (સવિસ્તર જીવન-પરિચય) | દા. ન. શિખરે | (અપ્રાપ્ય) |
| (૭) ગુજરાતના ધરતીકંપો (પરિચય) | નરસિંહ મૂ. શાહ | ૨-૦૦ |
| (૮) માનસિક સ્વાસ્થ્ય (લઘુનિબંધ) | એહમદહુસેન લાલીવાલા | ૨-૦૦ |
| (૯) રામમનોહર લોહિયા (સંક્ષિપ્ત જીવન-પરિચય) | બી. જે. કાપડી | ૩-૦૦ |
| (૧૦) વિમર્શ (ચિંતનાત્મક લઘુનિબંધો) | પુરુષોત્તમ ગ. માવળંકર | (અપ્રાપ્ય) |
| (૧૧) મહાકવિ કાલિદાસ કૃત મેઘદૂત | અનુવાદ : જયંત પંડ્યા | ૪-૦૦ |
| (૧૨) વિદ્યાભ્યાસ માટે વિદેશ જતા પુત્રને પિતાની શીખ (પત્ર) | ગણેશ વાસુદેવ માવળંકર | ૨-૦૦ |
| (૧૩) પાવલોવ (જીવન-કાર્ય-પરિચય) | હર્ષિદા પંડિત | ૩-૦૦ |
| (૧૪) શૈક્ષણિક ક્ષેત્રનું સ્વાતંત્ર્ય (પ્રવચન) | ગોવર્ધન પારીખ | ૨-૦૦ |
| (૧૫) વિવિધ વાયુ-પ્રવચનો | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૧૬) દાંડીકૂચ : બે કાવ્યો | (મણિભાઈ દેસાઈ, જયકૃષ્ણ સુરતી) | ૩-૦૦ |
| (૧૭) યુગપુરુષ ગાંધીજી (મૂલ્યાંકન) | ઈન્દુલાલ યાજ્ઞિક | ૧-૦૦ |
| (૧૮) આપણી કહેવતો (અભ્યાસ-નિરૂપણ) | અનસૂયા ભૂ. ત્રિવેદી | (અપ્રાપ્ય) |
| (૧૯) ક્રાંતિવીર લેનિન (મૂલ્યાંકન) | ઈન્દુલાલ યાજ્ઞિક | (અપ્રાપ્ય) |
| (૨૦) રાજ્યશાસ્ત્ર-વિચાર | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૫-૦૦ |
| (૨૧) અર્વાચીન ગુજરાતનું રાજકીય ઘડતર (અભ્યાસ-નિરૂપણ) | પ્રવીણચંદ્ર પારેખ | ૫-૦૦ |
| (૨૨) વિચાર વહેણ | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૨૩) લોકશાહીનું સ્વરૂપ | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૨૪) लोकशाहीचे स्वरूप | पुरुषोत्तम गणेश मावळंकर | ३-०० |
| (૨૫) 'No, SIR.' | P. G. Mavalankar | 45-00 |
| (૨૬) जब मेरा हंस रो उठा ! | | |
| (૨૭) 'ભગવાન આ માફ નહિ કરે.' | | |
| (૨૮) लोकतंत्र और अच्छी नागरिकता | | |
| (૨૯) લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી | | |
| (૩૦) પિતાનો વારસો | | |

Library IIAS, Shimla
GJ 891.473 B 469 P
00130251

[ પોસ્ટેજ અલગ ]

સન્નિષ્ઠ પ્રકાશન, 'ગોપિકા,' મહારાષ્ટ્ર સોસાયટી, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

SABARMATI ASHRAM
001849 Ahmedabad
PEETANO VARSO (GUJ)
MRP : Rs. 12

સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ-૨૨.